ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 072 Issue No. 10 Date : 01-02-2025

આ અંકમાં

વિનોબા	૦૧	મનને જાણીએ (૪)
પ્રવીણ જ. પટેલ	૦૪	સોક્રેટિસ ઉવાચ-૪ : સોક્રેટિસ અને એક ભારતીય મુસ્લિમ વચ્ચે વધુ એક કાલ્પનિક સંવાદ
અશ્વિનકુમાર કારીઆ	૦૮	પાલનપુરમાં યોજાયેલ બંધારણ શિબિર
રામચંદ્ર ગુહા	૦૯	મહાત્મા ગાંધી અને પર્યાવરણીય ચળવળ - ૫
ઉમાશંકર જોષી	૧૧	અમારાં બા
યાત્રી બક્ષી	૧૨	કેડી કંડારનારા - ૧૨ : રાલ્ફ વાલ્ડૉ એમર્સન : પ્રકૃતિપ્રેમી મહાન તત્ત્વચિંતક
કપિલ શાહ	૧૫	પ્રાકૃતિક ખેતી માટે 'દેશી' બીજ
હેમંતકુમાર શાહ	૧૬	અમજદઅલી ખાં કહે છે, દુર્ગાદેવી રડી રહી છે!
મીતા ઝવેરી	૧૭	‘થપ્પો - ધ મ્યુઝિકલ’
યાત્રી બક્ષી	૧૮	વિવિધતા કાજે એકતા સંમેલન
મહેશ પંડ્યા	૨૦	સ્ટેટ્સ ઓફ ટ્રી કવર ઇન અર્બન એરિયા ઓફ ગુજરાત : ૨૦૧૧
અશ્વિનકુમાર કારીઆ	૨૧	બુલડોઝર ન્યાય કાર્યવાહી રોકવાના આદેશથી પીડિતોને ન્યાય મળશે?
સાગર રબારી	૨૨	વિકાસનો રસ્તો તો ખેડૂતો જ સુઝાડશે!
આશા વીરેન્દ્ર	૨૪	ઓપેરાહાઉસ

યજ્ઞ પ્રકાશન

(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)
YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર
BHOOMIPUTRA
Gujarati Fortnightly
Price Rs.10, Annual Sub. Rs.200.
Vol.72 Issue No.10 1926 Date : 01-02-2025
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.
ભૂમિપુત્ર
माता भूमिः पुत्रो अहं पृथिव्याः

મનને જાણીએ (૪)

○ વિનોબા ○

ચિત્તશોધન અને ચિત્તશુદ્ધિનું સ્વરૂપ

સત્ત્વસંશુદ્ધિ

આપણા મનમાં થોડાક અંશે રજ તો થોડાક અંશે તમ રહેલા હોય છે. આપણે આ રજ-તમના અંશને દૂર કરવા જરૂરી છે. એટલે કે રજ અને તમને દૂર કરવા અને સત્ત્વગુણને સંભાળી લેવાનું છે. સત્ત્વસંશુદ્ધિ = મનઃશુદ્ધિ, મનમાં રહેલા રજ અને તમ જેવા મળનું શોધન, ચિત્તશોધન અને તદ્જન્ય પ્રાપ્ત ચિત્તશુદ્ધિ.

આપણા જીવનનાં મુખ્યત્વે બે અંગ છે. સામાજિક કાર્ય અને ચિત્તશોધન. આ બંને અંગ અલગ અલગ ન રહેતાં, બંને વચ્ચે પરસ્પર સંપર્ક સધાયેલો હોવો જોઈએ. (જેમ કે ગાંધીજીના આશ્રમોમાં આ થતું હતું.) આ સંપર્ક બનાવવાની જવાબદારી કોની છે ? આશ્રમની. આશ્રમો પ્રયોગપ્રધાન રહેતા હતા, જ્યાં મનુષ્યજીવન સંબંધી પ્રયોગો થયા કરતા હતા. જેમ કે સમાજના ગુણવર્ધન માટે પ્રયોગ થતા તો વ્યક્તિના અંતઃશોધન માટે, ચિત્તશુદ્ધિ માટે પ્રયોગ થતા.

આપણે સ્વચિત્ત શોધન કરતાં કરતાં સર્વભૂતોનાં હૃદય સાથે તાદાત્મ્યતા કેળવવાની છે. ચિત્તશુદ્ધિ દ્વારા આપણા ભીતરી કષાયો ને મળને દૂર કરીને કેવળ શરીરમાં જ ફસાયેલા રહેવાનું નથી પણ તેમાંથી બહાર નીકળી જઈને સર્વભૂત-હૃદય સાથે તાદાત્મ્યતા સાધવાની છે. એટલે કે લોકસેવાની કલ્પનાને સાકાર કરવાની છે. આધ્યાત્મિક માણસો નમ્ર હોય છે. નમ્રતા વગર ચિત્તશોધન થાય પણ નહીં.

સામાન્ય રીતે આપણે સહુ આપણા ચિત્ત જોડે એકરૂપ હોઈએ છીએ. બહુ થોડાક એવા હોય છે જેઓ પોતાના ચિત્તથી અલગ થઈને જીવવાના પ્રયત્ન કરતા હોય છે. ચિત્તની સાથે એકરૂપ હોવું એ સામાન્ય લક્ષણ છે. પણ આપણે પ્રયત્ન એ કરતા રહીએ કે આપણે આપણા પોતાના ચિત્તથી અલગ થઈએ. સૌથી પહેલાં આપણે આપણા ચિત્તની કસોટી કરીને જાતને ચકાસી-તપાસી લઈએ. અને આપણામાં રહેલી ભલાઈની વૃત્તિને વધારતા જઈએ. આ પરીક્ષા દરમ્યાન એવું ન થાય કે આપણને એવું લાગવા લાગે કે આપણામાં તો ભલાઈ જ ભલાઈ છે. એક્કેય દુર્ગુણ નથી.

દરેકે દરેક માણસમાં દુર્ગુણ છુપાયેલા જ હોય છે. એ અવગુણોને શોધી શોધીને હટાવવાના છે. ચિત્ત-સંશોધનનો માર્ગ દરેકનો, પોતપોતાનો રહેવાનો. ભલેને આપણને બીજાનું ઉદાહરણ ગમે તેટલું પ્રેરણા સ્વરૂપ લાગતું હોય, ઉત્સાહજનક લાગતું હોય. પણ એમાંથી વધુ મદદ મળવાની નથી.

ચિત્તશુદ્ધિ

આપણી બુદ્ધિ અને આતમની વચ્ચે મલિનતાનો એક પડદો પડ્યો છે. જ્યાં સુધી આ પડદો દૂર થતો નથી, ત્યાં સુધી આત્માનો સાક્ષાત્કાર થઈ શકતો નહીં. આ મલિનતાનો પડદો ચિત્તશુદ્ધિ દ્વારા જરૂર દૂર કરી શકાય.

આપણે ચિત્તશુદ્ધિ માટે પોતાની જાતને ભૂલી જવી જોઈએ. આપણામાં રહેલું આપણાપણું સાવ મિટાવી દઈને સમાજ સાથે એકદમ એકરૂપ થઈ જવું જોઈએ. આપણી સામે જે સમાજ દેખાય છે, તે સમાજની આપણે સેવા કરવાની છે. અને આ સેવાનું કામ કરતી વખતે આપણી અંદર જ રાગદ્વેષ, મત્સર વગેરે ઊભા થાય છે. અને ત્યારે તેને દૂર કરવા માટે એમ વિચારીએ કે જાણે આપણે છીએ જ નહીં, બસ કેવળ સમાજ જ છે. આપણને આ જે જીવન મળ્યું છે એ જીવનમાં આપણી ચિત્તશુદ્ધિ થાય, સમાજ સમરસમય બને, બધા લોકો પોતાના આત્મરૂપમાં મગ્ન થઈ જાય, આટલા માટે આપણે પ્રાર્થના કરતા રહીએ. હું હંમેશાં પ્રાર્થના માટે સ્નાન, ભોજન અને ઊંઘનું ઉદાહરણ આપું છું. શરીર માટે જે રીતે સ્નાન, ભોજન અને નિદ્રાથી કામ થાય છે, એ જ કામ પ્રાર્થના દ્વારા મન માટે પણ થાય છે. જેવી રીતે શરીરનો ક્ષય થાય છે, એવી રીતે મનનો પણ ક્ષય થાય છે. આપણે શાંતિ, શુદ્ધિ અને પુષ્ટિ ઇચ્છીએ છીએ અને પ્રાર્થના દ્વારા આ ત્રણેયની અપેક્ષા રાખીએ છીએ.

પ્રાર્થના મનને શુદ્ધ કરે છે. દરરોજ શરીર ગંદું થાય છે તો આપણે એને રોજ સ્વચ્છ કરીએ છીએ. બરાબર એ જ રીતે ચિત્તને ધોવા માટે (સાફ કરવા માટે) પ્રાર્થના કરવી જોઈએ. પ્રાર્થનાથી ચિત્તમાં સ્ફૂર્તિ-તાજગી આવે છે. શુદ્ધિકરણનો અનુભવ આવે છે. નિશ્ચિત-નિર્ધારિત સમય પર કરવામાં આવતી સામૂહિક પ્રાર્થના મનના બધા

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

વિકારોને હટાવી દે છે. આપણે પ્રાર્થનામાં જે કાંઈ કહીએ છીએ, તે આપણી ચિત્તશુદ્ધિ માટે હોય છે.

આપણે ચિત્તશુદ્ધિ માટે આપણા જીવનમાં અનેક ગુણોનો વિકાસ કરવો જોઈએ. જો પોતાના મનમાં ક્રોધ પડ્યો છે તો આપણે આપણામાં ક્ષમાગુણને વિકસાવીને પછી ક્રોધને દૂર કરતા રહીએ. જીવનમાં જો કઠોરતા - નિષ્ઠુરતા છે તો દયાબુદ્ધિનો વિકાસ કરતા રહેવો જોઈએ. અખંડપણે ચિત્તશુદ્ધિ કરતા રહેવી જોઈએ.

સાધકોની મુખ્ય સાધના ચિત્તશુદ્ધિ છે. અર્થાત્ સદ્‌ગુણોનો વિકાસ કરવો - તે છે. આ સદ્‌ગુણ-વિકાસ બે રીતે થાય છે - ૧. આપણામાં રહેલા સદ્‌ગુણોનો ઉત્કર્ષ કરવો. ૨. આપણામાં જે ગુણોનો અભાવ છે, એના માટે આદરભાવ કેળવીએ.

યજ્ઞ-દાન-તપથી ચિત્તશુદ્ધિ થાય છે. પણ આમાં સૌથી ઉત્તમ સાધન છે, જ્ઞાન. જ્ઞાન જેવું બીજું શુદ્ધિકારક સાધન કોઈ નથી. જે જ્ઞાન-તપ દ્વારા શુદ્ધ થાય છે, તેમને બીજા કોઈ તપ કરવાની જરૂર રહેતી નથી.

તત્ત્વ-જિજ્ઞાસા ઉચિત છે, અને તે હોવી એ સારી વાત છે. પરંતુ ચિત્તશુદ્ધિ વગર બુદ્ધિ ખૂલતી નથી. અને જ્યારે બુદ્ધિ ખૂલી જાય છે, ત્યારે શાસ્ત્રોના અર્થ ગ્રહણ થાય છે.

શાસ્ત્રીય પદ્ધતિથી નવીનવી શોધખોળ થાય છે. શોધન કરવા માટે જે કષ્ટ ઉઠાવાય છે, તે તપ છે. તપશ્ચર્યાથી જ્ઞાન મળે છે, ચિત્તશુદ્ધિ થાય છે, બુદ્ધિના અવિચારો દૂર થાય છે.

ચિત્તશુદ્ધિ માટે યજ્ઞ-દાન, જપ-તપ, ધ્યાન-ધારણા વગેરે અનેક વિકર્મોની વાત થતી હોય છે. પણ હું આ બધાં સાધનોને સોડા, સાબુ, અરીઠાંની ઉપમા આપું છું. અને ભક્તિને પાણી કહું છું. સોડા-સાબુ-અરીઠા સફાઈ જરૂર કરે છે, પણ પાણી વગર એમનું કામ થતું નથી. આપણી પાસે સોડા, સાબુ, અરીઠાં નહીં હોય અને ફક્ત પાણી જ હશે તો પણ નિર્મળતા લાવી શકાશે. યજ્ઞ-યાગ, તપ-ધ્યાન — આ બધાંમાં જો હાર્દિકતા નહીં હોય તો પછી ચિત્તશુદ્ધિ કેવી રીતે થશે ? હાર્દિકતાનો અર્થ જ છે ભક્તિ.

ચિત્તશુદ્ધિના કેટલાક આયામો

સૃષ્ટિની સેવા કરવાથી ચિત્તશુદ્ધિ થાય છે.

નિસર્ગ-દર્શનથી ચિત્તશુદ્ધિ થઈ શકે છે.

આપણા જીવનમાં નિત્ય અને નૈમિત્તિક કર્મોથી ચિત્તની શુદ્ધિ થાય છે.

યમ-નિયમ ચિત્તશુદ્ધિની સાધના છે.

ચિત્તશુદ્ધિની લડાઈમાં સામૂહિક સાધના જેવું શ્રેષ્ઠ અન્ય કોઈ શસ્ત્ર નથી.

ચિત્તશુદ્ધિ માટે સંકલ્પને શુદ્ધ રાખવો જરૂરી છે.

જેમાં આપણી કસોટી થાય, તેવા ત્યાગનો કોઈક કાર્યક્રમ સામે રાખ્યા વગર શુદ્ધિ કેવી રીતે થશે ?

આપણે આપણા ઈષ્ટદેવને બધા જ મંગળ ગુણોથી સંપન્ન પરિપૂર્ણ માનીએ છીએ, એટલા માટે ઈષ્ટદેવના ચિંતનથી મનના મળને ધોવામાં મદદ મળે છે.

ખાવું-પીવું-સૂવું (યુક્તાહારવિહાર) આ બધાંનું પરિમાણ સંભાળીને કરવાથી ચિત્તશુદ્ધિ સાધવામાં મદદ મળે છે. યુક્તાહાર-વિહારથી ચિત્ત શાંત રહે છે, એમાં તરંગો ઊઠતા નથી.

પરોપકારનાં કામ ચિત્તશુદ્ધિ જરૂર કરશે, જો તે નિરહંકાર વૃત્તિથી કરાયાં હોય તો.

ચિત્ત સતત શુદ્ધ રહે, તે માટે સતત સભાન રહીએ. સતત જાગૃત રહીએ.

શ્રમ દ્વારા નીકળેલ પરસેવાથી ચિત્તની શુદ્ધિ થાય છે.

પશ્ચાત્તાપથી ચિત્તની શુદ્ધિ થાય છે અને પાપનાં ફળ મળે તો પણ ચિત્ત પર એની કોઈ અસર થતી નથી.

ભૌતિક વિદ્યાની ઉપાસનામાં પણ જો નિષ્કામતા, અનન્યતા અને ઈશ્વરભાવના હશે તો ચિત્તશુદ્ધિ થઈ શકે.

સત્કાર્ય કરવાથી ચિત્તશુદ્ધિ થાય છે અને તેના દ્વારા મન ભક્તિ તરફ ખેંચાશે.

દોષનિવારણ કરીને ચિત્તની શુદ્ધિ મેળવવા માટે આ ત્રણ વાતો ધ્યાનમાં રાખીએ. - ૧. અધ્યયન ૨. વ્રતનિષ્ઠા ૩. ઈશ્વરભક્તિ.

ચિત્તશુદ્ધિ માટે અકામ (નિષ્કામતા) વૃત્તિ, ક્રોધ અને લોભવૃત્તિમાંથી

આ અંકમાં

વિનોબા	૧	મનને જાણીએ (૪)
પ્રવીણ જ. પટેલ	૪	સૉક્રેટીસ ઉવાચ-૪
અશ્વિનકુમાર કારીઆ	૮	પાલનપુરમાં યોજાયેલ બંધારણ શિબિર
રામચંદ્ર ગુહા	૯	મહાત્મા ગાંધી અને પર્યાવરણીય ચળવળ-૫
ઉમાશંકર જોષી	૧૧	અમારાં બા
યાત્રી બક્ષી	૧૨	રાલ્ફ વાલ્ડો એમર્સન
કપિલ શાહ	૧૫	પ્રાકૃતિક ખેતી માટે 'દેશી' બીજ
હેમંતકુમાર શાહ	૧૬	દુર્ગા દેવી રડી રહી છે !
મીતા ઝવેરી	૧૭	'થપ્પો-ધ મ્યુઝિકલ'
યાત્રી બક્ષી	૧૮	વિવિધતા કાજે એકતા સંમેલન
મહેશ પંડ્યા	૨૦	સ્ટેટ્સ ઑફ ટ્રી કવર ઇન અર્બન એરીયા ઓફ ગુજરાત
અશ્વિનકુમાર કારીઆ	૨૧	બુલડોઝર ન્યાય કાર્યવાહી રોકવાના આદેશથી પીડિતોને ન્યાય મળશે ?
સાગર રબારી	૨૨	વિકાસનો રસ્તો ખેડૂતો જ સુઝાડશે !
આશા વીરેન્દ્ર	૨૪	ઓપેરાહાઉસ

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

મુક્ત થવું જરૂરી છે. એટલે કે કામ-ક્રોધ-લોભથી મુક્ત થયા વગર ચિત્તશુદ્ધિ ન થાય અને ચિત્તશુદ્ધિ વગર સમાજસેવા પણ ન થાય.

ચિત્તશુદ્ધિ માટે મરણનું સ્મરણ બહુ ઉપયોગી સાધન છે. બસ આપણે જીવનમાં એટલું સાધી લઈએ કે આપણે ક્યારેય કોઈના ય ચિત્તને દુભવીએ નહીં, દુઃખ ન પહોંચાડીએ. આ વસ્તુ મરણના નિત્ય સ્મરણથી આપણા ચિત્તમાં હમેશાં જાગૃત રાખીએ.

આપણે હમેશાં દરરોજ કર્મથી થોડોક સમય અલગ થઈ જઈને આંતરિક ચિંતન કરવું જોઈએ. તે આપણી પોતાની ચિત્તશુદ્ધિ માટે જરૂરી થઈ પડે છે.

નિર્વૈરભાવના જ ચિત્તશુદ્ધિની કસોટી સમજવી જોઈએ.

ચિત્તશુદ્ધિ કેવી રીતે કરવામાં આવે ?

શાસ્ત્રમાં ચિત્તશુદ્ધિ માટે એક ઉપાય બતાવ્યો છે. એને પ્રતિપક્ષ-ભાવના કહે છે. મેં એનું ચિંતન સ્વયં જાતે કર્યું અને પછી આચરણમાં લાવવાનો પ્રયત્ન પણ કર્યો. જેમ કે ક્રોધવૃત્તિ છે. તો વિચાર્યું કે ક્રોધની પ્રતિપક્ષ ભાવના કઈ કઈ હોઈ શકે ? તો મને લાગ્યું કે મને જેના પર ક્રોધ આવ્યો, તેની પાસે જવું, તેની ક્ષમા માંગવી, જેનાથી ક્રોધ દૂર થાય. આપણને કોઈને મારવાનું મન થયું તો તેની પાસે જવું, અને પ્રેમપૂર્વક એને મદદરૂપ થઈએ. તો આ એક ઉપાય છે. આનું પરિણામ આવે છે. પરંતુ બાબાનો અનુભવ એ રહ્યો છે કે આનું પરિણામ 'નેગેટિવ' (અભાવરૂપ) આવે છે.

આમ થવાથી દ્વેષભાવના દૂર થઈ જશે અને કોઈની પણ સાથે અણબન રહેશે નહીં; કેમ કે આપણા ચિત્તમાં જે દોષ પડ્યો હતો, તે તો દૂર થઈ ગયો, આટલો અનુભવ આવશે. પણ હૃદય પ્રેમથી પરિપૂર્ણ સંપન્ન થઈ ગયું. આવો 'પોઝિટીવ' (ભાવરૂપ) અનુભવ નહીં આવે. આ તો મેં મારા પોતાના અનુભવથી કહ્યું. દરેકના અનુભવ એકસરખા જ હશે, એવું કહી ન શકાય મારા પોતાના વ્યક્તિગત અનુભવથી હું એ નિષ્કર્ષ પર આવ્યો કે એનું પરિણામ 'નેગેટિવ' આવશે. ઘણા લોકો કહે છે કે અમારે કોઈની પણ સાથે અણબનાવ નથી. પણ એનાથી શું થયું ? ભલે અણબનાવ નથી, પણ શું હૃદય પ્રેમથી ભરેલું છે ? હું કોઈને મારવા માટે દોડીશ નહીં, એ તો ઠીક જ છે. પણ મદદ માટે દોડીશ, આવી વૃત્તિ હોતી નથી.

શાસ્ત્રકારોએ એક બીજો ઉપાય બતાવ્યો છે, તે બાબાએ પણ અપનાવ્યો છે. અને તે છે - મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા - આ ચાર ભાવનાઓ છે. હવે આપણે સમજીએ - કે જે સુખી લોકો છે, એની સાથે મૈત્રીભાવ રાખીએ, જે દુઃખી લોકો છે, એવા લોકો માટે કરુણાભાવ રાખીએ, કોઈકે પુણ્યકાર્ય કર્યું, તો મુદિતાભાવ રાખીએ. આજે તો માણસને ઈર્ષ્યા થાય કે અરે, ફલાણો મારા કરતાં આગળ નીકળી ગયો ! અરે, ફલાણો તો ભારે પુણ્યશાળી છે, એની કીર્તિ તો ચોમેર પ્રસરેલી છે. આવી ઈર્ષ્યાને બદલે આનંદ અનુભવવો, તે છે મુદિતા. અને જ્યાં પાપ દેખાયું તો તેની ઉપેક્ષા કરવી, એ તરફ ધ્યાન ન રાખવું.

બાબાએ આનો પણ પ્રયોગ કર્યો છે. આનાથી સામાન્ય ચિત્તશુદ્ધિ જરૂર થાય છે. 'નેગેટિવ'થી વધારે, 'પોઝિટિવ'. પરંતુ, અહીં આ ધ્યાનમાં મને મારી વ્યક્તિગત મુશ્કેલીઓનો ઉત્તર મળતો નથી. ધ્યાનમાં જે સર્વ-સામાન્ય મુશ્કેલીઓ હોય છે, જે મારી પણ હોઈ શકે છે, તો તેનો ઉત્તર મળી જાય છે. પણ મારી ખાસ મુશ્કેલીઓ હોય છે, જેને લીધે ધ્યાન કરવામાં અડચણો ઊભી થાય છે અને મારી વ્યક્તિગત સમસ્યાઓ છે, તે પણ દૂર થતી નથી. આમ પ્રતિપક્ષ ભાવનાનું પરિણામ 'નેગેટિવ' આવે છે. આનું પરિણામ નિષેધાત્મક નહીં, વિધાયક છે, પરંતુ સામાન્ય છે, મારા માટે ખાસ-વિશેષ નથી. મારી પોતાની જે વિશેષ સમસ્યાઓ છે, એના માટે શું કરવું જોઈએ ?

આ બાબતે મેં મારા પોતાના માટે નવી શોધ કરી છે. અને આ શોધ એ છે કે બીજાના દોષો, ત્રુટિઓ જોવાં જ નહીં, એટલું જ નહીં, પોતાનાં પણ નહીં. કેમ કે દોષો તો અનંત છે - છતાં પણ એકાદ ગુણ તો હોય જ છે. પરમેશ્વરે એવો એક પણ માણસ પેદા નથી કર્યો કે, જેનામાં એકાદ ગુણ પણ ન હોય. કેમ કે પરમેશ્વરના અંશ રૂપે પણ દરેકમાં એકાદ ગુણ તો હોય જ છે. આ દૃષ્ટિએ મેં વિચાર્યુ કે પોતાનામાં રહેલા ગુણને જોતાં રહીએ અને બીજામાં રહેલા ગુણને પણ નિહાળીએ.

મેં જોયું કે મારામાં કયો ગુણ મને જણાય છે ? જો મારામાં કરુણાનો ગુણ છે, તો હવે મારે આ કરુણાને દરરોજ વધારતા જવી જોઈએ. મારે દરરોજ આ જ સાધના કરતા રહેવી કે જેથી ગઈકાલ કરતાં આજે મારી કરુણા વિકસે. ઈશ્વરની કરુણા અંતિમ છે. મારી કરુણા પ્રાથમિક છે. મારી નાનકડી-થોડીક કરુણાથી ઈશ્વરની મોટી કરુણા સુધી સીધી લાઈન દોરીએ. આ રહ્યું મારું કરુણા-બિન્દુ અને પેલો રહ્યો ઈશ્વરની કરુણાનો પહાડ. આ બિન્દુથી પેલા પહાડ સુધી જવાનું છે.

એક રેખા બની ગઈ. અને આ જ આપણો માર્ગ છે. આપણે આ રસ્તે જ ચાલતા રહીએ. આમાં શું અનુભવો આવશે ? ઉત્તરોત્તર દિવસે દિવસે ગુણવર્ધન થઈ રહ્યું છે અને પરમેશ્વરની નજીક પહોંચી શક્યો છું, એવો ભાસ થશે. હવે ભગવાન એવો કોઈ પહાડ નથી કે એને પોતાની સીમાઓ હોય. પરમેશ્વરને તો કોઈ સીમા નથી. તે સીમાથી પર છે. એટલા માટે જ મારી સાધના નિરંતર ચાલતી રહે છે. અને આનું પરિણામ એ અનુભવાય છે કે ચિત્ત પરિપુષ્ટ થાય છે. વળી પહેલાં ધ્યાન દરમ્યાન જે ક્લેશ થતો હતો, તે થતો નથી. એકાગ્રતા સધાવા લાગે છે.

(ક્રમશઃ)

શ્રી અણ્ણા જાધવને શ્રદ્ધાંજલિ

અણ્ણાનું મૂળગામ સતારા જિલ્લાનું કોડાલી. તેઓ વારકરી સંપ્રદાયના હતા. જ્ઞાનેશ્વરી તેમને મોઢે હતી. ગોહત્યાબંદીના કાયદા માટે દેવનારના કતલખાના સામે સત્યાગ્રહ કરવાનું કહ્યું તે દિવસથી અંત સુધી તેઓ ગોરક્ષા માટે કામ કરતા રહ્યા. કોડાલી ગામમાં દારૂબંધી માટે ઉપવાસ કર્યા. ખૂબ જ સાદાઈ અને કરકસરથી સમગ્ર જીવન જનસેવામાં વીતાવ્યું. શ્રી અણ્ણાને ભૂ.પરિવારની વિનમ્ર શ્રદ્ધાંજલિ.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સોક્રેટિસ ઉવાચ-૪ : સોક્રેટિસ અને એક ભારતીય મુસ્લિમ વચ્ચે વધુ એક કાલ્પનિક સંવાદ

(સોક્રેટિસ અને એક ભારતીય મુસ્લિમ વચ્ચેના આ પહેલાંના એક કાલ્પનિક સંવાદમાં ભારતના મુસલમાનોની સ્ત્રીઓમાં હિજાબ અને બુરખો પહેરવાના તથા પુરુષોમાં દાઢી રાખવા જેવા રિવાજ વિષે ચર્ચા થઈ હતી. અને સોક્રેટિસે બહુ સરસ દલીલો કરીને પોતાના ભારતીય મુસ્લિમ મિત્રને સમજાવ્યું હતું કે વર્તમાન સમયમાં જો આવી પ્રથાઓથી મુસ્લિમ સ્ત્રીઓના વ્યક્તિગત પસંદગીના અધિકાર પર કાપ મુકાતો હોય, શીલ-મર્યાદાની રક્ષા માત્ર સ્ત્રીઓની જ જવાબદારી બની જતી હોય, અને વ્યાપક સમાજ સાથેના મુસ્લિમ સમુદાયના જોડાણમાં અવરોધો ઊભા થતા હોય તો તે અંગે તેમણે ગંભીરતાથી પુનર્વિચાર કરવો જોઈએ. વધુમાં, સોક્રેટિસે એમ પણ સમજાવ્યું હતું કે જો ભારતીય મુસ્લિમોની આગવી પહેચાન દેખાડનાર આવાં બાહ્ય ચિહ્નોથી સામાજિક-રાજકીય તણાવ ઊભો થતો હોય તો તેમણે તેવાં ચિહ્નો જાળવી રાખવાનો આગ્રહ છોડીને તેમની આજુબાજુના સમાજ સાથે અનુકૂલન વધારવાના રસ્તા વિચારવા જોઈએ.

હવે અહીં આપેલા બીજા કાલ્પનિક સંવાદમાં મુસ્લિમ સમુદાયની ગૌમાંસ ખાવાની, બહુ પત્નીત્વની અને તીન તલાક જેવી કેટલીક પ્રથાઓના વાજબીપણાની સમીક્ષા કરવામાં આવી છે. સોક્રેટિસ આવી પ્રથાઓની આધુનિક સમાજમાં સુસંગતતા વિશે તેમની આગવી ઈલેન્કસ (elenchus) શૈલીમાં ઊલટ તપાસ કરે છે. અને સંવાદનો અંત, સોક્રેટિસના આવા સંવાદોની ખાસિયત મુજબ, એક બૌદ્ધિક મડાગાંઠ એટલે કે એપોરીયા (aporia)માં પરિણમે છે, જે આવા સંવેદનશીલ મુદ્દાઓ અંગે વધુ ગહન ચિંતન કરવા પ્રેરે છે.)

પાર્શ્વ ભૂમિ : સોક્રેટિસ સ્વર્ગના એક બગીચામાં ટહેલતા હતા ત્યાં એમનો પરિચિત ભારતીય મુસ્લિમ આવી ચઢે છે અને સોક્રેટિસ સાથે વાતોએ વળગે છે.

ભારતીય મુસ્લિમ : સોક્રેટિસ, તમારી વાતો વાજબી લાગતી હોવા છતાં મને હજુ પણ કેટલાક પ્રશ્નો મૂંઝવે છે.

સોક્રેટિસ : કઈ એવી સમસ્યાઓ છે જે તમને મૂંઝવે છે? ચાલો આપણે તેની પણ ચર્ચા કરીએ. કારણ કે, સંવાદથી જ શાણપણ વધે છે.

ભારતીય મુસ્લિમ : અમારી આસપાસના વ્યાપક સમાજ સાથે અનુકૂલન સાધવા માટે અમારે કેટકેટલી બાંધછોડ કરવાની ! અમારી એવી ઘણી પરંપરાઓ છે જે બીજા સમુદાયોથી જુદી પડે છે. જ્યારે અમારી આવી બધી પરંપરાઓ પર હુમલા થાય છે, ત્યારે મને તો ક્યારેક એમ લાગે છે કે આવી પરિસ્થિતિમાં અમારે અમારી પરંપરાઓને મક્કમ થઈને વળગી રહેવું જોઈએ, એ જ એકમાત્ર વિકલ્પ છે. સમાધાનને ક્યારેક નબળાઈ માની લેવામાં આવે છે. થોડું પણ સમાધાન જાણે કે વધુ ને વધુ સમાધાન કરવા માટેનું આમંત્રણ બની જાય છે. કહે છે ને કે, 'આ બૈલ મુઝે માર.'

સોક્રેટિસ : ખરેખર, આ એક વિચારવા જેવી સમસ્યા છે, મારા મિત્ર. પરંતુ પહેલાં, મને તમે જણાવો કે તમને તમારી બીજી કઈ પ્રથાઓ વિષે ચિંતા છે?

ભારતીય મુસ્લિમ : અમારી ગૌમાંસ ખાવાની આદત તથા બહુપત્નીત્વ અને તીન તલાક જેવી પ્રથાઓ અમારી સંસ્કૃતિના અભિન્ન ભાગો છે. તેથી ઘણા લોકો અમારા પર આધુનિક સમાજમાં ન ભળી જવાનો એટલે કે પછાત હોવાનો આરોપ લગાવે છે. પણ આવા રિવાજોનો ત્યાગ કરવો એટલે અમારી ઓળખ જ છોડી દેવા જેવું મને લાગે છે.

સોક્રેટિસ : તમે માનો છો કે આ પ્રથાઓ તમારી ધાર્મિક અને સાંસ્કૃતિક ઓળખ જાળવી રાખવા માટે જરૂરી છે?

ભારતીય મુસ્લિમ : હા, સોક્રેટિસ. આ રિવાજો અમારી માન્યતાઓ સાથે જોડાયેલી છે. અમે સદીઓથી તેમનું પાલન કરતા આવ્યા છીએ.

સોક્રેટિસ : બિરાદર, તમે માનો છો કે આ પ્રથાઓ સદીઓથી ચાલી આવતી તમારી માન્યતાઓ સાથે જોડાયેલી છે. પરંતુ ચાલો આપણે એ વિષે વિચારીએ. શું આ રિવાજોનું પાલન એ તમારી ધાર્મિક ઓળખને જાળવવાનો એકમાત્ર રસ્તો છે?

ભારતીય મુસ્લિમ : પરંતુ જો અમે ગૌમાંસ ખાવાનું છોડી દઈએ, બહુપત્નીત્વ અને તીન તલાક જેવી પ્રથાઓ છોડી દઈએ તો અમારી વિશિષ્ટતા શું રહે?

સોક્રેટિસ : કદાચ તમારા ધર્મનો સાર આવા બાહ્યાચારોમાં નહીં પણ ન્યાય, કરુણા, અને ધર્મનિષ્ઠા જેવા મુખ્ય સિદ્ધાંતોમાં રહેલો છે. શું કોઈ વૃક્ષનાં મૂળિયાં મજબૂત હોય તો તેની કેટલીક ડાળીઓ કાપી નાંખવામાં આવે તો તે ટકી ન શકે?

ભારતીય મુસ્લિમ : વિચારમાં પડી જાય છે.

સોક્રેટિસ : શું તમારે બીફ જ ખાવું એવો દૈવી આદેશ છે?

ભારતીય મુસ્લિમ : ના. કુરઆનમાં બીફનો ઉલ્લેખ નથી.૧

સોક્રેટિસ : તો એ એક રિવાજ છે. તમે વિચાર કરો કે ઘણા હિન્દુઓ ગાયને માતા સમજે છે. તેઓ ગૌ હત્યા પર પ્રતિબંધ લગાવવા છાશવારે માંગણી પણ કરે છે. અને ભારતનાં ઘણાં રાજ્યોમાં, હિન્દુ બહુમતીની માન્યતાઓનો આદર કરવા માટે, ગૌમાંસ કે ગૌહત્યા પર પ્રતિબંધ છે. તો બીફથી દૂર રહેવાથી, શું તમારો ધર્મ નબળો પડે છે?

ભારતીય મુસ્લિમ : તમે એમ સૂચવો છો કે અમે ગૌમાંસ ખાવાનું છોડીને પણ અમારી ધાર્મિક આસ્થાને જાળવી શકીએ છીએ?

સોક્રેટિસ : ચોક્કસ. કેમ નહીં?

ભારતીય મુસ્લિમ : પરંતુ આવી છૂટછાટ સ્વીકારવી એટલે બહુમતીના સામાજિક દબાણ સામે ઝૂકી જવા જેવું લાગે છે.

સોક્રેટિસ : શું આવા અનુકૂલનમાં નમ્રતા પણ નથી? જ્યારે પર્વતોની સાથે અથડાવાનું થાય છે ત્યારે સૌથી મોટી નદી પણ માર્ગ

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

બદલી નાખે છે. અને ભયાનક તોફાન સામે ઘેઘૂર વૃક્ષ પણ ઝૂકી જાય છે. આવું અનુકૂલન હારની નિશાની નથી; તે શાણપણનું ચિહ્ન છે.

ભારતીય મુસ્લિમ : તો પછી અમારા બહુપત્નીત્વ અને તીન તલાક જેવા રિવાજોનું શું? આ રિવાજો તો અમારા કાયદા અને પરંપરા દ્વારા માન્ય છે.

સોક્રેટિસ : ચાલો, આપણે તેની પણ ચર્ચા કરીએ. તમે માનો છો કે બહુપત્નીત્વને કુરઆનની મંજૂરી છે.

ભારતીય મુસ્લિમ : ચોક્કસ, સોક્રેટિસ. કુરઆન સ્પષ્ટપણે તેની મંજૂરી આપે છે. એક પુરુષ વધુમાં વધુ ચાર પત્નીઓ રાખી શકે છે. અનેક પુરુષો આમ કરતા આવ્યા છે. અને તેમાં મોહમ્મદ પયગંબર સાહેબનો પણ સમાવેશ થાય છે.

સોક્રેટિસ : ઓહ, તમે માનો છો કે પયગંબર મોહમ્મદના જમાનામાં થયેલ લગ્નો બહુપત્નીત્વને ન્યાયી ઠેરવવા માટે એક ઉત્તમ ઉદાહરણ ગણી શકાય?

ભારતીય મુસ્લિમ : હા, સોક્રેટિસ. પયગંબર સાહેબે વિધવાઓનું રક્ષણ કરવા અને બીજા કબીલાઓ સાથે સામાજિક-રાજકીય ગઠબંધન બનાવવા માટે એકથી વધુ સ્ત્રીઓ સાથે લગ્ન કર્યાં હતાં.[3] અને તે અમારા માટે એક મિસાલ છે. બહુપત્નીત્વની છૂટ અમુક ચોક્કસ પરિસ્થિતિઓના વ્યવહારુ ઉકેલ તરીકે ઉપયોગી છે. ખાસ કરીને યુદ્ધ અથવા અંધાધૂંધીના સમયમાં જ્યારે અનેક સ્ત્રીઓ વિધવા થાય અને બાળકો અનાથ થઈ જાય ત્યારે તેમને રક્ષણની જરૂર હોય છે. બહુપત્નીત્વ આવી સ્ત્રીઓ અને બાળકોને આશ્રય અને રક્ષણ આપવા માટે ખૂબ જ ઉપયોગી છે. પુરુષો એક કરતાં વધુ સ્ત્રીઓ સાથે લગ્ન કરીને તેમને જરૂરી સલામતી પૂરી પાડી શકે છે.

સોક્રેટિસ : તો એવું લાગે છે કે બહુપત્નીત્વ, ઐતિહાસિક રીતે વાજબી હતું. તે જૂના સમયની કેટલીક ગંભીર સામાજિક સમસ્યાઓનું સમાધાન હતું. પરંતુ, જો યુદ્ધ અને રાજકીય અસ્થિરતા તથા તેમાંથી પેદા થતી કેટલીક સામાજિક અને આર્થિક હાડમારી ન હોય, પરિસ્થિતિઓ અલગ હોય, તો પણ શું બહુપત્નીત્વ જરૂરી રહેશે?

ભારતીય મુસ્લિમ : કદાચ નહીં, સોક્રેટિસ. જો સમાજ બધા લોકો માટે સમાન તકો અને રક્ષણ પૂરું પાડવા સક્ષમ હોય, વિકસિત હોય, તો બહુપત્નીત્વનું ઐતિહાસિક વાજબીપણું રહે નહીં.

સોક્રેટિસ : તો પછી શું એમ નથી લાગતું કે તમારા સમાજે આજની બદલાયેલી પરિસ્થિતિઓમાં, ઐતિહાસિક ઉકેલોને વળગી રહેવા કરતાં પોતાની પ્રથાઓને બદલવી જોઈએ?

ભારતીય મુસ્લિમ : હા. એમ થઈ શકે. પરંતુ બહુપત્નીત્વનો વિકલ્પ એવા લોકો માટે રહે છે જેઓ ખરેખર માને છે કે તેઓ ન્યાયની શરત પૂરી કરી શકે છે. કુરઆનમાં આદેશ છે કે પુરુષે પોતાની બધી પત્નીઓ સાથે ન્યાયી વ્યવહાર કરવો જોઈએ.[4]

સોક્રેટિસ : ચાલો, આપણે આ વિશે વધુ જાણીએ. તમે કહો છો કે બધી પત્નીઓ સાથે ન્યાયી વ્યવહાર કરવો એ બહુપત્નીત્વ માટેની મુખ્ય શરત છે. શું 'ન્યાય'નો તમારો મતલબ દરેક પત્ની સાથે બધી બાબતોમાં સમાન વર્તન કરવાનો નથી?

ભારતીય મુસ્લિમ : હા, સોક્રેટિસ. એક કરતાં વધુ સ્ત્રીઓ સાથે લગ્ન કરવાની શરત એ છે કે પતિએ તેની બધી પત્નીઓ પર એકસરખું ધ્યાન આપવું જોઈએ, તેમને એક સરખો પ્રેમ કરવો જોઈએ અને આદર આપવો જોઈએ.

સોક્રેટિસ : અને શું ન્યાયની આ શરત બધા કિસ્સામાં સરળતાથી પૂરી થાય તેવી છે?

ભારતીય મુસ્લિમ : જરૂરી નથી. હકીકતમાં, કુરઆન ચેતવણી આપે છે કે જો કોઈ પુરુષને ડર હોય કે તે ન્યાયી વ્યવહાર ન કરી શકે, તો તેણે ફક્ત એક જ લગ્ન કરવું જોઈએ.[5]

સોક્રેટિસ : તો, કુરઆન પરવાનગી પણ આપે છે અને પ્રતિબંધ પણ લગાવે છે. બરાબર?

ભારતીય મુસ્લિમ : હા. પરંતુ જેઓ માને છે કે તેઓ આ શરત પૂરી કરી શકે છે તેમના માટે આવી પરવાનગી તો છે જ.

સોક્રેટિસ : અને કોણ નક્કી કરે છે કે કોઈ માણસ આ શરત પૂરી કરી શકે છે કે નહીં? શું જે માણસ એકથી વધુ લગ્ન કરવા માંગે છે તે પોતે જ આ નક્કી કરતો નથી?

ભારતીય મુસ્લિમ : હા, આખરે તો તે માણસે જ નક્કી કરવાનું છે.

સોક્રેટિસ : તો મને કહો, મિત્ર, શું કોઈ માણસ પોતે જ પોતાને ન્યાયી ઠેરવતો ન્યાયાધીશ થઈ શકે ?

ભારતીય મુસ્લિમ : ના, સોક્રેટિસ. મનુષ્ય પક્ષપાત કરી શકે છે, પોતાની જાતને છેતરી પણ શકે છે.

સોક્રેટિસ : તો પછી, જો માણસ પક્ષપાતનો કે આત્મવંચનાનો શિકાર બની શકતો હોય, તો શું એવો ભય નથી રહેતો કે કોઈ માણસ ખરેખર ન્યાયી ન હોવા છતાં પણ એક કરતાં વધુ પત્નીઓ કરવાની લાલચ રાખતો હોય?

ભારતીય મુસ્લિમ : તેવો ખતરો તો રહે જ છે.

સોક્રેટિસ : તો, આપણે એક વિરોધાભાસ પર આવીએ છીએ. કુરઆન કડક શરતો હેઠળ બહુપત્નીત્વની મંજૂરી આપે છે, છતાં માનવીનો સ્વભાવ આવી શરતોને પૂર્ણ કરવાનું ખૂબ જ કપરું બનાવે છે.

ભારતીય મુસ્લિમ : તમે એમ કહી શકો છો, સોક્રેટિસ. આદર્શ તો એકપત્નીત્વ જ હોઈ શકે છે. પરંતુ અમુક અપવાદરૂપ કિસ્સાઓમાં આવી પરવાનગી મળી શકે છે, જો પુરુષ તેની બધી પત્નીઓ સાથે ન્યાય કરી શકતો હોય તો. પયગંબર સાહેબનું વલણ નિશંક તેમની પત્નીઓ સાથે ન્યાયી હતું.

સોક્રેટિસ : મિત્ર, બહુપત્નીઓ ધરાવતા પુરુષના પરિવાર પર આર્થિક બોજો વધુ નથી હોતો?

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ભારતીય મુસ્લિમ : હા, વધુ પત્નીઓ અને બાળકો હોવાથી પુરુષ પર ભારે આર્થિક ભારણ પડી શકે છે. પણ કુરઆનના આદેશ મુજબ પુરુષે તેની બધી પત્નીઓને સમાન રીતે ખોરાક, કપડાં, આશ્રય, અને અન્ય જરૂરિયાતો પૂરી પાડવી જોઈએ.

સોક્રેટિસ : મને કહો, મિત્ર, જો કોઈ પુરુષ પાસે મર્યાદિત સંસાધનો હોય, તો શું તે વાસ્તવમાં તેના મોટા પરિવારનું સારી રીતે પાલન કરી શકે ?

ભારતીય મુસ્લિમ : ના, સોક્રેટિસ. જો સંસાધનો ઓછાં હોય, તો મોટા કુટુંબનું પાલન કરવું મુશ્કેલ થઈ પડે.

સોક્રેટિસ : અને જ્યારે પૂરા કુટુંબને પહોંચી ન વળાય ત્યારે શું થાય? શું કેટલીક પત્નીઓ અને બાળકોને તેમની જરૂરિયાત કરતાં ઓછું ન મળે ? અને જો પત્ની કે બાળકને મૂળભૂત જરૂરિયાતોનો અભાવ હોય, તો શું આનાથી રોષ અને અસંતોષ પેદા ન થાય?

ભારતીય મુસ્લિમ : હા, સોક્રેટિસ. નાણાંકીય મુશ્કેલીઓને કારણે પરિવારમાં કંકાસ થઈ શકે છે.

સોક્રેટિસ : તો પછી શું બહુપત્નીત્વ, જ્યારે આર્થિક મુશ્કેલીઓમાં પરિણમે છે, ત્યારે પરિવારોને ગરીબી અને દુ:ખના ચક્રમાં ફસાવાનું જોખમ નથી ઊભું કરતું?

ભારતીય મુસ્લિમ : વિચારમાં પડે છે.

સોક્રેટિસ : ચાલો હવે આપણે બહુપત્નીત્વની માનસિક અસરો પર વિચારીએ. બહુપત્નીઓ ધરાવતા કોઈ પુરુષની કોઈ એક પત્નીને જ્યારે લાગે કે તેનો પતિ બીજી પત્નીને વધુ પ્રેમ કરે છે, ત્યારે શું થાય?

ભારતીય મુસ્લિમ : તે સ્ત્રીના આત્મસન્માનને ઠેસ પહોંચી શકે છે. તેને માનસિક ત્રાસ થાય, અને કદાચ તેને ઇર્ષ્યા થાય કે રોષ પણ આવે. અને આવી લાગણીઓને કારણે કદાચ કૌટુંબિક સંબંધોમાં ભંગાણ પણ પડી શકે છે.

સોક્રેટિસ : તો શું તેની અસર બાળકો પર ન પડી શકે?

ભારતીય મુસ્લિમ : ચોક્કસ. બાળકો ઘણાં સમજદાર હોય છે; તેઓ તેમનાં માતાપિતા વચ્ચેના તણાવ અને તકરારને અનુભવી શકે છે. જો કુટુંબમાં સતત તણાવ રહેતો હોય તો તેથી બાળકોની માનસિક અને વર્તણૂક સંબંધી સમસ્યાઓ થઈ શકે છે.

સોક્રેટિસ : તો પછી, મારા સાહેબ, તમને એવું નથી લાગતું કે બહુપત્નીત્વની પ્રથામાં ફક્ત જીવનસાથીઓ પર જ નહીં પરંતુ ભાવિ પેઢીને પણ નુકસાન પહોંચાડવાનું જોખમ રહેલું છે? શું આથી પરિવારની સુખાકારીને નુકસાન નથી થતું?

ભારતીય મુસ્લિમ : તો પછી તીન તલાકનું શું? આ તો અમારા કાયદા અને પરંપરા દ્વારા માન્ય છે. ઇસ્લામમાં લગ્ન એક પવિત્ર કરાર છે, પરસ્પર આદર અને સમજણ પર આધારિત ભાગીદારી છે. અને જ્યારે આ ભાગીદારી મુશ્કેલીમાં મુકાય ત્યારે કુરાનમાં છૂટાછેડાની જોગવાઈ છે.[૬]

સોક્રેટિસ : આ જોગવાઈમાં શું તીન તલાકનો સ્પષ્ટ ઉલ્લેખ છે?

ભારતીય મુસ્લિમ : ના. માત્ર છૂટાછેડાનો ઉલ્લેખ છે. પરંતુ, મુસલમાનોમાં પુરુષ ત્રણ વખત તલાક બોલીને તેની પત્નીને છૂટાછેડા આપી શકે તેવી પ્રથા છે.

સોક્રેટિસ : તો તલાકની છૂટ છે, પણ તીન તલાકની નહીં. એટલે, આ એ એક પરંપરા છે, કુરાનનો સ્પષ્ટ આદેશ નથી. બરાબર?

ભારતીય મુસ્લિમ : હા, તે સાચું છે. કુરાનમાં છૂટાછેડાની અનુમતિ છે. પણ તેમાં તીન તલાકનો ચોખ્ખો ઉલ્લેખ નથી. તેથી મુસ્લિમ સમુદાયમાં પણ તે એક વિવાદાસ્પદ પ્રથા ગણાય છે.

સોક્રેટિસ : અચ્છા. તો પણ ચાલો આપણે આ પ્રથા વિષે વિચારીએ. મને કહો, મિત્ર, શું ત્રણ તલાકની પ્રથા સ્ત્રીને પણ તેના પતિને છૂટાછેડા આપવાનો અધિકાર આપે છે?

ભારતીય મુસ્લિમ : ના, એવું નથી. આવો અધિકાર ફક્ત પુરુષને જ આપવામાં આવ્યો છે.[૭]

જોકે, ઇસ્લામમાં સ્ત્રીઓને ખુલા તરીકે ઓળખાતી પ્રક્રિયા દ્વારા છૂટાછેડા મેળવવાનો અધિકાર છે.

સોક્રેટિસ : તો, પુરુષો તાત્કાલિક લગ્નનો અંત લાવી શકે છે, પરંતુ સ્ત્રીઓ નહીં. આવી પ્રથા શું પુરુષો અને સ્ત્રીઓ વચ્ચે સમાનતા દર્શાવે છે?

ભારતીય મુસ્લિમ : ના. પરંતુ કેટલાક લોકો માને છે કે પરિવારમાં પુરુષોએ વધુ જવાબદારીઓ નિભાવવાની હોવાથી તેમને વધુ અધિકાર મળવા જોઈએ.

સોક્રેટિસ : હા, કેટલાક કિસ્સાઓમાં પરિવારમાં પુરુષોની જવાબદારીઓ વધુ હોય છે. પણ મને કહો, શું આવી જવાબદારીઓને કારણે પુરુષોને સ્ત્રીઓ પર જોહુકમી કરવાનો અધિકાર મળે છે? જો કોઈ પુરુષ તેની પત્નીની સંમતિ વિના તાત્કાલિક જ લગ્ન બંધન તોડી શકે, તો શું આ તેની સ્ત્રી ઉપરની જોહુકમી ન કહેવાય?

ભારતીય મુસ્લિમ : ના, તેવું ન હોવું જોઈએ.

સોક્રેટિસ : ચાલો, આપણે બીજા મુદ્દા પર વિચાર કરીએ, મિત્ર. જ્યારે કોઈ પુરુષ તેની પત્નીને ત્રણ તલાક દ્વારા છૂટાછેડા આપે છે, ત્યારે શું સ્ત્રીને પોતાનો કેસ રજૂ કરવાની અથવા સમાધાન કરવાની કોઈ તક મળે છે?

ભારતીય મુસ્લિમ : ના, પુરુષનો આવો નિર્ણય અંતિમ ગણાય છે અને તે તાબડતોબ લાગુ પડે છે.

સોક્રેટિસ : તો તમે મને કહો, શું કોઈ સ્ત્રીના સમગ્ર જીવનને અસર કરતા નિર્ણયમાં તેનો પક્ષ રજૂ કરવાનો ઇનકાર કરવો તે અન્યાય ન કહેવાય?

ભારતીય મુસ્લિમ : હા, તે નાઇન્સાફી છે.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સોક્રેટિસ : અને જો ન્યાયનો ઇનકાર કરવામાં આવે તો શું તેથી સ્ત્રીને દુ:ખ અને રોષ ન થાય? શું તેથી સ્ત્રીના આદર અને ગૌરવને હાનિ ન પહોંચે? અને જો કોઈ પ્રથા સ્ત્રીના આદર અને ગૌરવને નબળી પાડતી હોય, તો શું તેના પર સવાલ ઉઠાવવો જોઈએ નહીં?

ભારતીય મુસ્લિમ : હા, તે થવું જોઈએ. અને ઘણા સમજુ મુસલમાનો તેનો વિરોધ કરે છે.

સોક્રેટિસ : તો પછી, મિત્ર, શું તમારા સમાજ માટે એવી વ્યવસ્થા શોધવી જરૂરી નથી કે જેમાં પુરુષો અને સ્ત્રીઓ બંનેનું ગૌરવ જળવાય અને બંને સાથે ન્યાયી વ્યવહાર કરવામાં આવે?

ભારતીય મુસ્લિમ : હા, તે વધુ સારું રહેશે. પરંતુ પરંપરાઓ બદલવી મુશ્કેલ છે.

સોક્રેટિસ : ખરેખર, પરિવર્તન મુશ્કેલ છે. પરંતુ મને કહો, શું કોઈને અન્યાય કરવો તે વાજબી કહેવાય? જો કોઈ સ્ત્રીને અચાનક છૂટાછેડા આપી દેવામાં આવે, તો શું તેની પાસે પોતાને અને તેનાં બાળકો માટે નાણાંકીય સહાય મેળવવા માટે કોઈ સાધન હોય છે?

ભારતીય મુસ્લિમ : ના, ક્યારેક એવું નથી હોતું. ક્યારેક પુરુષો તલાક પછી નાણાંકીય સહાય પૂરી પાડવાનો ઇનકાર કરે છે. કેટલીક સ્ત્રીઓ ગરીબીમાં સરી પડે છે અથવા તેમના પૈતૃક પરિવાર પર નિર્ભર બની જાય છે.

સોક્રેટિસ : અને મને કહો, શું આવું પરિણામ સ્ત્રીના નિર્ણયનું છે કે પુરુષના નિર્ણયનું?

ભારતીય મુસ્લિમ : તે પુરુષના નિર્ણયનું પરિણામ છે.

સોક્રેટિસ : હવે, તમે વિચારો કે જે સ્ત્રીને અચાનક તેનો પતિ ત્રણ વાર તલાક, તલાક, તલાક કહીને છોડી દે અને તે સ્ત્રી એકદમ નિરાધાર થઈ જાય તો તેની માનસિક સ્થિતિ કેવી થઈ જાય?

ભારતીય મુસ્લિમ : ખરાબ. તેને માટે આવું અપમાન આઘાત-જનક અને અસહ્ય થઈ પડે.

સોક્રેટિસ : અને બાળકોનું શું? જ્યારે તેમનો પરિવાર અચાનક વિખેરાઈ જાય ત્યારે તેમને કેવું લાગે?

ભારતીય મુસ્લિમ : હા, તેમને ખૂબ પીડા થઈ શકે છે. તેમનામાં મૂંઝવણ, ચિંતા, અને અસુરક્ષાની ભાવના પેદા કરી શકે છે.

સોક્રેટિસ : તો, ત્રણ તલાક માત્ર સ્ત્રીને જ નહીં પણ બાળકોને પણ નુકસાન પહોંચાડે છે?

ભારતીય મુસ્લિમ : હા, તે આખા પરિવારને અસર કરે છે.

સોક્રેટિસ : શું આ સ્ત્રીઓ અને બાળકોને થતું નુકસાન તમારા ધર્મમાં રહેલા કરુણા અને દયા, જરૂરિયાતમંદોની સંભાળ, ક્ષમા અને સમાધાન જેવા માનવીય સિદ્ધાંતો અનુસાર કહેવાય?[૮]

ભારતીય મુસ્લિમ : ના, હરગિજ નહીં.

સોક્રેટિસ : હવે આપણે બીજો પણ વિચાર કરીએ. જો કોઈ પુરુષ આટલી સરળતાથી ત્રણ તલાક બોલીને છૂટાછેડા લઈ શકે, તો શું તેનો દુરુપયોગ થવાનું જોખમ નથી? કદાચ ગુસ્સામાં કે નાની નાની બાબતોમાં મતભેદ થવાથી તેની પત્નીને છૂટાછેડા આપી દે તે યોગ્ય કહેવાય?

ભારતીય મુસ્લિમ : હા, એવું થાય છે.

સોક્રેટિસ : જો કોઈ પ્રથા માત્ર સ્ત્રીને જ નહીં પણ સમગ્ર પરિવારને આર્થિક રીતે નુકસાન પહોંચાડે, માનસિક તકલીફ આપે અને તેનો દુરુપયોગ પણ થઈ શકે તો શું તમારા પવિત્ર કુરાનમાં જે ન્યાયીપણાનો આદેશ આપવામાં આવ્યો છે તેની સાથે સુસંગત છે?

ભારતીય મુસ્લિમ : ના, હરગિજ નહીં.

સોક્રેટિસ : તો પછી, મિત્ર, ન્યાય અને કરુણા માટે પ્રતિબદ્ધ સમાજે આવી પ્રથાનો અંત લાવવાનો પ્રયાસ ન કરવો જોઈએ?

ભારતીય મુસ્લિમ : તમે સાચા છો, સોક્રેટિસ. મારે કબૂલ કરવું પડશે કે તમારી દલીલોનો કાટ શોધવો મુશ્કેલ હોય છે. પરંતુ, તકલીફ એ છે, સોક્રેટિસ, કે અમારી કોમના કેટલાક લોકોને ડર છે કે જો અમે વધારે પડતું અનુકૂલન કરીશું, તો અમે અમારી પહેચાન બિલકુલ ગુમાવી દઈશું.

સોક્રેટિસ : મિત્ર, સાચી ઓળખ પુરાણા અને નિરર્થક રિવાજોના પાલનમાં છે કે માનવતાનો સંદેશ આપતા પોતાના ધર્મના સનાતન સિદ્ધાંતોના પાલનમાં છે?

ભારતીય મુસ્લિમ : હા, કદાચ અમે તે સિદ્ધાંતો પર વધુ ધ્યાન આપીએ તો અમારી આગવી ઓળખ ગુમાવ્યા વિના પણ અનુકૂલન સાધી શકીએ.

સોક્રેટિસ : મિત્ર, સમાધાન એ શરણાગતિ નથી. જો તમારો ધ્યેય શાંતિ અને સુમેળમાં રહીને પ્રગતિ કરવાનો હોય તો શું સતત અથડામણ કરતા રહેવા કરતાં વ્યાપક સમાજ સાથે સમાયોજન કરવું વધુ હિતાવહ નથી?

ભારતીય મુસ્લિમ વિચારે ચઢી જાય છે.

નોંધ સૂચિ

૧. કુરઆનમાં માન્ય (હલાલ) અને પ્રતિબંધિત (હરામ) ખોરાક વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું છે. અને તે મુસ્લિમોને ઇસ્લામિક આહાર કાયદાઓ અનુસાર કતલ કરવામાં આવેલ પશુઓનું માંસ ખાવાની મંજૂરી આપે છે. પરંતુ, તેમાં ગૌમાંસ ખાવાનો કોઈ ઉલ્લેખ નથી (૨:૧૭૩, ૫:૩)

૨. ભારતનાં અનેક રાજ્યોએ ગૌહત્યા અને ગૌમાંસ પર પ્રતિબંધ મૂકેલો છે.

૩. (i) કુરઆન પુરુષોને વધુમાં વધુ ચાર સ્ત્રીઓ સાથે લગ્ન કરવાની મંજૂરી આપે છે. પરંતુ બધી પત્નીઓ સાથે ન્યાયી વ્યવહાર કરવા પર ભાર મૂકે છે. અને જો તેઓ એમ ના કરી શકતા હોય તો તેમણે ફક્ત એક જ સ્ત્રી સાથે લગ્ન કરવાં જોઈએ (૪:૩). પયગંબર મોહમ્મદને અગિયાર પત્નીઓ હતી. તેમનાં નામ નીચે મુજબ છે: ૧. ખદીજાહ

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

બિન્ત ખુવાયલિદ (Khadijah bint Khuwaylid), ૨. સવદાહ બિન્ત ઝમાઆ (Sawdah bint Zam'ah), ૩. આયશા બિન્ત અબી બક્ર (Aisha bint Abi Bakr), ૪. હફસા બિન્ત ઉમર (Hafsa bint Umar), ૫. ઝૈનબ બિન્ત ખુઝાયમા (Zaynab bint Khuzayma), ૬. સલમા બિન્ત અબી ઉમય્યા (Salma bint Abi Umayya), ૭. ઝૈનબ બિન્ત જહશ (Zaynab bint Jahsh), ૮. જુવેરિયા બિન્ત અલ-હરિથ (6 Juwayriya bint al-Harith), ૯. સફીયા બિન્ત હુયાય (Safiyya bint Huyayy), ૧૦. હબીબા બિન્ત અબી સુફયાન (Bint Abi Sufyan), અને ૧૧. મયમુનાહ બિન્ત અલ-હરિથ (Maymunah bint al-Harith). કુરઆનમાં જણાવ્યા મુજબ (૩૩:૬) મુસ્લિમો પયગંબર મોહમ્મદની બધી પત્નીઓને 'આસ્થાવાનોની માતા' (ઉમ્મ-અલ-મુ'મિનીન) તરીકે ઓળખે છે. (ii) જોકે, તુર્કી અને ટ્યુનિશીયા જેવા કેટલાક મુસ્લિમ દેશોએ બહુપત્નીત્વ પર પ્રતિબંધ મૂકેલો છે.

૪. કુરઆનમાં લગ્નને સ્થિર અને નૈતિક સમાજના પાયા તરીકે જોવામાં આવે છે. કુરઆન ન્યાય, પ્રેમ, કરુણા અને પરસ્પર સહાયને પ્રોત્સાહન આપે છે (૪:૧, ૪:૧૩૫, ૨૧:૧૦૭, ૩૦:૨૧).

૫. કુરઆન (૪:૩).

૬. કુરઆન (૨:૨૨૯, ૨૩૧, ૬૫:૧).

૭. (i) ત્રણ તલાકનો રિવાજ, ઇસ્લામિક કાયદામાં તાત્કાલિક છૂટાછેડાનો એક પ્રકાર છે. પરંપરાગત રીતે એક મુસ્લિમ પુરુષ એક સાથે ત્રણ વખત 'તલાક' (છૂટાછેડા) ઉચ્ચારીને લગ્નને તાત્કાલિક અને કાયમી અસરથી તોડી શકે છે. આ પ્રથાનો કુરઆનમાં ઉલ્લેખ નથી. પરંતુ, ઇસ્લામિક ન્યાયશાસ્ત્ર અને હદીસ (પયગંબર મોહમ્મદનાં કથનો) દ્વારા સમય જતાં તે રિવાજ વિકસ્યો છે. જોકે, આ પ્રથા મહિલાઓ માટે અન્યાયી હોવાથી તેની વ્યાપક ટીકા કરવામાં આવે છે અને તેના દુરુપયોગની સંભાવના અને તે માટેની યોગ્ય પ્રક્રિયાના અભાવને કારણે તેના વિષે મોટા વિવાદ ચાલે છે. (ii) તાજેતરનાં વર્ષોમાં, તેમાં નોંધપાત્ર ફેરફારો થયા છે. ઉદાહરણ તરીકે, ભારતની સુપ્રીમ કોર્ટે ઈ.સ. ૨૦૧૭માં ત્રણ તલાકને ગેરબંધારણીય જાહેર કર્યો હતો. વધુમાં, મુસ્લિમ મહિલા (લગ્ન પર અધિકારોનું રક્ષણ) અધિનિયમ, ૨૦૧૯ આ પ્રથાને ગુનાહિત બનાવવા માટે લાગુ કરવામાં આવ્યો હતો. આનો અર્થ એ થયો કે તાત્કાલિક ત્રણ તલાક હવે ભારતમાં કાયદેસર રીતે માન્ય નથી, અને તે મુસ્લિમ મહિલાઓને વધુ અધિકારો અને સુરક્ષા પૂરી પાડે છે.

૮. કુરઆનમાં કરુણા અને દયા (૨૧:૧૦૭) , જરૂરિયાતમંદોની સંભાળ (૧૦૭:૧-૩), ક્ષમા અને સમાધાન (૭:૧૯૯) જેવા માનવતાવાદી સિદ્ધાંતોનું મહિમામંડન કરવામાં આવ્યું છે.

સંદર્ભ ગ્રંથ: (i) મૌલાના અબુલઆ'લા મૌદૂદી (રહ.), ૨૦૨૧, દિવ્ય કુરઆન (ગુજરાતી અનુવાદ), ઇસ્લામી સાહિત્ય પ્રકાશન, અહમદાબાદ.
(ii) https://en.wikipedia.org/wiki/WivesofMuhammad

૧૦૦૧, પવનવીર, પ્રતાપગંજ,વડોદરા-૨ **- પ્રવીણ જ. પટેલ**
મોબાઇલ: ૯૮૭૯૭૬૩૦૮૩, ઈ મેલ: pravin1943@gmail.com

બંધારણ શિબિર પાલનપુરમાં યોજાઈ

બંધારણ સ્વીકૃતિની ૭૫મી વર્ષગાંઠ પ્રસંગે બંધારણ શિબિર, લોકનિકેતન, રતનપુર (પાલનપુર) ખાતે તા. ૨૪ નવેમ્બર, ૨૦૨૪ના રોજ યોજાઈ હતી. સોસાયટી ફોર ફાસ્ટ જસ્ટીસ, અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિ, તેમજ યુવા જાગૃતિ અભિયાનના સભ્યોએ પ્રારંભમાં બંધારણ આમુખનું શિબિરાર્થીઓ સાથે સમૂહ વાંચન કર્યું. ત્યારબાદ, 'ડંકો વાગ્યો, સૌ જાગજો રે' ગીત સમૂહમાં ગવાયું. શિબિરાર્થીઓની સંખ્યા આશરે ૭૦ જેટલી હતી.

પ્રથમ બેઠકમાં ડંકેશ ઓઝાએ લોકશાહી સરકારના સફળ સંચાલન માટે લોકજાગૃતિ પર ખાસ ભાર મૂકતાં જણાવ્યું કે લોકો પોતાને યોગ્ય સરકાર જ મેળવે છે. પ્રો. ઇંદ્રાયને બંધારણ આમુખમાં ઉલ્લેખિત લોકતંત્રમાં સામાજિક ન્યાયનું મહત્ત્વ સમજાવેલ. અશ્વિન કારિઆએ ધર્મનિરપેક્ષતાની ઐતિહાસિક ભૂમિકા સાથે ધર્મનિરપેક્ષતાના જતનમાં રાજ્યની ભૂમિકાની સમજ આપી. મિલિન્દ વિશ્વાસે બંધારણનાં આગવાં લક્ષણોની ચર્ચા કરી. હર્ષ રાવલે (એડવોકેટ) બંધારણમાં ઉલ્લેખ ન હોવા છતાં કાયદા શાસનની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. પ્રિ. ગોસાઈએ અનુચ્છેદ ૧૪ હેઠળ સમાનતાનો ખ્યાલ, તેના અમલ અને ભંગનાં ઉદાહરણો સાથે સમજાવેલ.

જાણીતા વિચારક મનીષી જાનીએ લોકતંત્રમાં નાગરિકોએ ભજવવાની ભૂમિકા વિશે વાત કરી હતી. કેનેડાથી ટૂંક સમય માટે ભારત આવેલ જગદીશ બારોટે વિશેષ હાજરી આપી યુવાનોને ધર્મના દેખાડાથી દૂર રહેવા અનુરોધ કર્યો હતો. સ્થાનિક અગ્રણી એડવોકેટ સામંતસિંહ સોલંકીના સૌજન્યથી દરેક વક્તાનું શાલ પહેરાવી અને પુસ્તક અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું.

છેલ્લી બેઠકમાં સુશ્રી ઝરણા પાઠકે (અવાજ) સામાજિક પરિવર્તન માટે વેઠવા પડતા સંઘર્ષની વાત કરી હતી. સુશ્રી તૃપ્તિ શેઠે પરિવર્તન માટે મહિલાઓ માટે સર્જાતી મુશ્કેલીઓ તેમજ કેટલાંક હકારાત્મક પાસાઓનું વર્ણન કરેલ. જગદીશ પટેલે કારખાનાં, ખેતર, ખાણો, બંદર પર કામ કરતા કામદારો સંબંધિત કાયદાઓના અમલમાં આવતી મુશ્કેલીઓ તેમજ આવા કાયદાઓમાં જરૂરી ફેરફારો માટે રજૂઆત કરી હતી.

કાર્યક્રમનું સંચાલન હિદાયત પરમાર, વિક્રમ વજીર, વિપુલ રાવલ તેમજ હરચંદ પરમારે સફળ રીતે કરેલ. ગિરીશ સુંઢિયાએ વક્તાઓ, શિબિરાર્થીઓ તેમજ લોકનિકેતન સંસ્થાનો આભાર માનેલ. રાત્રીરોકાણ, ચા-પાણી, ભોજન તેમજ હોલની સુવિધા સંસ્થા નિયામક કિરણભાઈ ચાવડાના સૌજન્યથી પૂરી પાડવામાં આવેલ. કાર્યક્રમની સફળતા માટે કિરણ ચાવડા, ગિરીશ સુંઢિયા, હિદાયત પરમાર, વિક્રમ વજીર, વસંત યાદવે સારી જહેમત ઉઠાવી હતી.

- પ્રો. અશ્વિનકુમાર કારીઆ

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

મહાત્મા ગાંધી અને પર્યાવરણીય ચળવળ-૫

નહેરુને વખોડવાની કસરત જેમને ભારતના ઇતિહાસની કોઈ સમજણ કે દૃષ્ટિ નથી તેઓ કર્યા કરે છે. એ લોકો અનાયાસ કેટલાકને સારા અને કેટલાકને ખરાબ ઠેરવતા રહે છે. સામાજિક કર્મશીલોને કોઈકને કાળા, કોઈકને ધોળા ચીતરવાનું ગમતું હોય છે. અગાઉ આ લક્ષણ માર્ક્સવાદીઓનું હતું, હવે દુઃખ સાથે કહેવું પડે છે કે તે પ્રબુદ્ધ પર્યાવરણવાદીઓનું પણ બન્યું છે. વ્યક્તિઓના વિચારો અને કાર્યોને સાચા સંદર્ભમાં રજૂ કરવાં જોઈએ. આ કામ ઇતિહાસકારનું છે. એવું કરતી વખતે ઇતિહાસકાર પણ ઓછાવત્તા અંશે કર્મશીલની માન્યતાઓ મુજબ કરી બેસતો હોય છે. આ અર્થમાં જ પર્યાવરણવાદીઓએ નહેરુનું ચિત્રણ કાળા રંગે કર્યું છે, જેનો હું પ્રતિવાદ કરું છું.

એ જ ભાવના સાથે ગાંધીનું જે ચિત્રણ કર્યું છે તેની પણ વાત કરી રહ્યો છું. મેં અગાઉ જણાવ્યું છે તેમ ગાંધીનું ઐતિહાસિક વ્યક્તિત્વ વિચારવૈભવથી ભરેલું છે, એમાં અન્યાયી કાયદાઓ સામેનો વિરોધ પણ છે. આ વાત પર્યાવરણ ચળવળને અંગે પણ મહત્ત્વની સાબિત થાય છે. આટલી વાત તો બિનવિવાદાસ્પદ છે. પણ હવે કદાચ એ પૂછવાનું રહે છે કે ગાંધીનો વિચાર-વારસો એવું કંઈ ધરાવે છે, જે આ ચળવળને મર્યાદિત કરે ? અથવા એથી સરળ રીતે એવું પૂછી શકાય કે આજે પર્યાવરણ અને સમાજ પુનર્નિર્માણના બધા સવાલોના જવાબ ગાંધી આપી શકે એમ છે ? કેટલાક પર્યાવરણવાદીઓ દૃઢપણે માને છે કે ગાંધીમાં બધા સવાલોના જવાબ છે. તાજેતરમાં એક મિત્રે દાવો કરેલો કે, ''પ્રત્યેક પર્યાવરણ ઘટના, કટોકટી કે પડકાર સમયે ગાંધીમાંથી પ્રેરણા અને માર્ગદર્શન મળી શકે તેમ છે.'' એમણે ભલે જે કહ્યું હોય તે, મારું માનવું છે કે ગાંધીમાં બધા સવાલોના જવાબ મળતા નથી અને ક્યારેક તો તેમણે સાચા પ્રશ્નો પણ ઊભા કર્યા નથી.

હવે હું મારી સ્પષ્ટતા કરું છું. પર્યાવરણ ચળવળ બાબતે મહાત્મા ગાંધીનો વારસો ખાસ કરીને બે બાબતોએ ઘણો મર્યાદિત રહ્યો છે. મોટાભાગના આપણા પર્યાવરણવાદીઓની નજર ખાસ કરીને ગ્રામીણ ક્ષિતિજો તરફ કેન્દ્રિત છે. ગાંધીની માફક તેમના આજના અનુયાયીઓને નગરના સંદર્ભની ઓછી ખબર છે. નગરના સામાજિક અને પર્યાવરણીય પ્રશ્નો વિશે તેઓ બહુ સ્પષ્ટ નથી. તેઓ જ્યારે ઉગ્રતાપૂર્વક શહેરી-ઔદ્યોગિક જીવનશૈલીની ટીકા કરે છે ત્યારે તેઓ ભૂલી જાય છે કે સમય બદલાતાં ભારત પણ બહુ મોટી શહેરી વસતિ ધરાવતું થયું છે. જે નગરના મિત્રોના આમંત્રણથી હું અહીં આવીને બોલી રહ્યો છું તેણે આપણને આ અંગેના ઘણા પ્રશ્નોથી સભાન પણ કર્યા છે.

ઝડપી અને આડેધડ થતા શહેરીકરણને કારણે જે પર્યાવરણીય સમસ્યાઓ પેદા થાય છે તે આપણે બધા જાણીએ છીએ : ભયંકર પ્રદૂષણ, એની સાથે વધતી ગીચતા અને પેદા થતો રોગચાળો, પાણીની તીવ્ર અછત, આરોગ્ય અને ગૃહનિર્માણ અંગેની અત્યંત અપૂરતી સુવિધાઓ, ભારે બિનકાર્યક્ષમ વાહનવ્યવહાર વ્યવસ્થા - આ બધું જ ઊર્જા બચાવ, ઊર્જા સંચયન અને પર્યાવરણની દૃષ્ટિએ જોવાનું રહે છે. આ સમસ્યાઓ સામે સક્રિયતાથી ઝૂઝવામાં અને આપણાં શહેરો અને કસબાઓને સારી રીતે રહેવા યોગ્ય બનાવવામાં આપણા પર્યાવરણવાદીઓને ગાંધીમાંથી મદદ મળી શકે એમ નથી. કારણ એટલું જ કે એમની નજર ગામ તરફ હતી અને પીઠ શહેર તરફ.

નગરની માફક જંગલનું પણ ગાંધીને કોઈ આકર્ષણ નથી. પરિસર વ્યાખ્યાનમાળાના ગત વર્ષના વ્યાખ્યાનમાં બિટ્ટુ સહેગલે વિચારવંત રીતે કહેલું કે આપણા કેટલાક પર્યાવરણીય કર્મશીલો પાસે પ્રકૃતિના સંવર્ધન માટે કોઈ સમય નથી. તેઓ તે બાબતને અગ્રવર્ગની ઘેલછા તરીકે જુએ છે. વક્રોક્તિ કહી શકાય તે હદે ગાંધીને આવા ઉજ્જડ પ્રદેશ કે જંગલોની કશી પડી નથી. એ ખરું કે એમના શાકાહારીપણા અને અહિંસાની જીવનશૈલીને કારણે એમને બધા જીવો પ્રત્યે સન્માન હતું. પણ વણખેડાયેલા કુદરતી પ્રદેશોની ભવ્યતા તરફ તેમની કોઈ નજર ન હતી. એવું એ કારણે પણ હોઈ શકે કે ગાંધી અત્યંત વ્યવહારુ માણસ છે. એમને રોમેન્ટિક બાબતો સાથે ભાગ્યે જ કંઈ લેવાદેવા છે. બીજી તરફ નહેરુ બંનેમાં સૌથી વધુ રોમેન્ટિક છે. ભારતના કુદરતી સૌંદર્યથી અભિભૂત મુદ્રામાં છે. નહેરુના મૃત્યુ પૂર્વેના પોતાની ઇચ્છા દર્શાવતા લખાણમાં પણ એમને અહીંની ભૂમિ, પર્વતો, નદીઓ વગેરે સાથે કેવો અનન્ય લગાવ છે એ સુપેરે વ્યક્ત થયો છે.

ગાંધી અને નહેરુ વચ્ચેના વિરોધાભાસ દર્શાવતો એક ટુચકો એડવર્ડ થોમ્સનનો છે. તેઓ અંગ્રેજ શિક્ષણશાસ્ત્રી અને લેખક હતા. ગાંધી અને નહેરુના ગાઢ મિત્ર પણ હતા. જ્યારે ૧૯૩૭ના અંગ્રેજ ભારતમાં જુદા જુદા પ્રાંતોમાં કૉંગ્રેસનાં મંત્રી મંડળો રચાઈ રહ્યાં હતાં ત્યારે થોમ્સને ખૂબ પ્રયત્ન કરેલો કે આ રાષ્ટ્રવાદી નેતાઓ નાશના આરે આવેલી વન્ય પ્રજાતિઓ બાબતે પણ કંઈક રસ લે. જ્યારે આ મુદ્દે થોમ્સને ગાંધી સાથે વાતચીત કરી ત્યારે મહાત્માએ એને મજાક ગણી હસી કાઢતાં કહેલું : ''અમારે તો કાયમ બ્રિટિશ સિંહ જ જોઈશે.'' પછી થોમ્સન તરફ જોતાં લાગ્યું કે તે નિરાશ થયા છે તેથી આગળ ઉમેર્યું કે તમે જવાહરલાલને વાત કરો. એમને એમાં રસ પડશે. નહેરુએ ખરેખર રસ લીધો. કૉંગ્રેસશાસિત બધાં રાજ્યોના મુખ્ય પ્રધાનો સાથે એની ચર્ચા પણ કરી. વળી નહેરુએ કંઈક ગૌરવ સાથે થોમ્સનને થોડા સમય બાદ અહેવાલ આપતાં કહ્યું પણ ખરું કે મદ્રાસ પ્રાંતના મુખ્ય પ્રધાન સી. રાજગોપાલાચાર્યે હમણાં જ પેરિયાર નેચર રીઝર્વની યોજના અમલમાં મૂકવા વિચાર્યું છે.

આમ, કુદરતપ્રેમીઓ અને શહેરી પર્યાવરણવાદીઓને મહાત્મા ગાંધી તરફથી કોઈ સીધી સહાય મળે તેમ લાગતું નથી. પણ ગાંધી જંગલો અને શહેરો વચ્ચેનાં સાત લાખ ગામોમાં ખૂબ ફર્યા છે અને એ વિશે ખૂબ બોલ્યા પણ છે. એમના જીવનમાં વિચાર કરતાં અમલ વધુ મહત્ત્વનો રહ્યો છે. ગ્રામીણ અર્થતંત્ર, કૃષિ અર્થતંત્ર અને કુદરતી પર્યાવરણ વચ્ચે સંબંધ સ્થાપિત કરવા અને પર્યાવરણનો નાશ કરતી વિનાશક યોજનાઓનો તેમણે પ્રતિકાર પણ કર્યો છે. આમાંથી આપણે શીખવા જેવું એ છે કે આપણે શહેરમાં રહેતા હોઈએ કે જંગલમાં પણ વ્યક્તિગત રીતે આપણે સાદગીપૂર્ણ જીવન જીવીએ. તે માટે પ્રયત્ન કરીએ અને ધરતી પાસેથી

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

શક્ય તેટલું ઓછું લઈએ. આમ એક અર્થમાં પર્યાવરણની ચળવળે મહાત્મા ગાંધી તરફ હંમેશ માટે પાછા ફરવાપણું છે. તો બીજી રીતે એમનાથી આગળ પણ જવાનું છે.

સંદર્ભો વિશે નોંધ –

ગાંધીજીનો સંપૂર્ણ અક્ષરદેહ ગ્રંથાવલીના ૯૦ જેટલા ગ્રંથો અભ્યાસપૂર્ણ છે અને પાયાની વિગતો પૂરી પાડનાર છે. મારા ગાંધીના પર્યાવરણવાદી તરીકેના પુનર્મૂલ્યાંકનના મર્યાદિત હેતુ અર્થે મેં ત્રણ મૂલ્યવાન સંપાદનો પર આધાર રાખ્યો છે.

૧. ઇન્ડસ્ટ્રીયલાઈઝ એન્ડ પેરિશ ! – સંપાદન : આર.કે.પ્રભુ (નવજીવન, ૧૯૬૬)

૨. વિલેજ સ્વરાજ – સંપાદન : એચ.એમ. વ્યાસ, (નવજીવન-૧૯૬૨)

૩. માય પિક્ચર ઓફ થ્રી ઇન્ડિયા. સંપાદન : આનંદ ટી. હિંગોરાની (પર્લ પબ્લિકેશન્સ-૧૯૬૫)

જે.સી.કુમારપ્પાનાં બે મહત્ત્વનાં પુસ્તકો :

૧. વ્હાઈ ધ વિલેજ મુવમેન્ટ ? બીજી આવૃત્તિ, હિન્દુસ્તાન પબ્લિશિંગ, ૧૯૩૮.

૨. ધ ઈકોનોમી ઓફ પરમેનન્સ, બીજી આવૃત્તિ અખિલ ભારતીય ગ્રામોદ્યોગ સંઘ, ૧૯૪૮

કુમારપ્પાના વિચારો વિશે મેં વિગતે ઈકોનોમીક એન્ડ પોલિટિકલ વીકલીના ૪-૧૧-જાન્યુઆરી, ૧૯૯૨ના અંકમાં લખ્યું છે.

અંતે મીરાંબહેનનાં લખાણોનું એક સુંદર પુસ્તક એમનાં સાથીદાર કૃષ્ણામૂર્તિ ગુપ્તાએ સંપાદિત કર્યું છે, જેનો મેં આધાર લીધો છે. તે વિશે ખાદી ગ્રામોદ્યોગ સામયિકના નવેમ્બર ૧૯૯૨ના અંકમાં મેં લખ્યું છે.

મીરાંબહેનના લેખોમાંથી અને અંજલિ લેખોમાંથી ચયન કરેલું પુસ્તક કૃષ્ણામૂર્તિ ગુપ્તાએ સંપાદિત કર્યું છે, જેનું શીર્ષક છે – મીરાંબહેન : જન્મ શતાબ્દી ગ્રંથ (હિમાલય સેવા સંઘ, ૧૯૯૨)

ઉપસંહાર

આ આખું વ્યાખ્યાન ૧લી ઑક્ટોબર ૧૯૯૩ના રોજ પૂણે ખાતે પરિસર વ્યાખ્યાનમાળામાં અપાયેલ, જેમાં તે પછી બહુ ઓછા ફેરફાર કરવામાં આવ્યા છે. વ્યાખ્યાને તે સમયે પણ સારી ચર્ચા જગવેલી. શ્રોતાગણમાંથી ઘણાએ વેધક ટિપ્પણીઓ – ટીકાઓ કરેલી. આ ચર્ચાઓના સંદર્ભે મેં લેખિત વ્યાખ્યાનમાં ચર્ચા સંદર્ભે કોઈ ફેરફાર કરવાનું યોગ્ય માન્યું નથી. તેમ છતાં આગળ પણ એ મુદ્દાઓ ઉપર ચર્ચા ચાલતી રહે તે માટે ચર્ચામાં ઉપસ્થિત થયેલા મહત્ત્વના મુદ્દા નીચે રજૂ કરું છું.

સૌથી પહેલો પ્રશ્ન વસતિનો છે. એવું સૂચવાયેલું કે વસતિ વધારો નાથવામાં આપણે પૂરા સફળ થતા નથી, એ મુદ્દા પર જરૂરી ભાર મૂકી શકતા નથી. આપણી પર્યાવરણ ચળવળને તેથી પણ ઘણી અસર થાય છે. તેથી તે નિષ્ફળ રહે છે. તેનું એક કારણ એ છે કે ગાંધી પોતે જન્મદર અટકાવવાની આધુનિક પદ્ધતિઓ બાબતે ઘણું સંકુચિત વલણ ધરાવતા હતા. જોકે આ વાતનો શ્રોતાગણમાંથી જ અન્ય સભ્યોએ વિરોધ કરેલો. કહેલું કે ગાંધી જિંદગીની પવિત્રતામાં માનતા હતા. એ અર્થમાં માનવ-શરીરનું કુદરતી સન્માન જળવાવું જોઈએ તેવું માનતા હતા. તેથી જ ગર્ભનિરોધના વિરોધી હતા. આજે હોર્મોન શરીરમાં દાખલ કરવા અને ફળદ્રુપતા પેદા થાય તેવી સર્જનાત્મક ટેકનોલોજી જે પ્રમાણમાં વધી છે, તેનાથી આખરે તો મહિલાઓના અધિકારની અવગણના થાય છે. એ બધું તેમણે જોયું હોત તો ગાંધીને પોતાનો વિરોધ બળવત્તર જણાયો હોત.

વસતિના પ્રશ્નને હું સ્પર્શ્યો ન હતો. પણ મેં નગર અને ગ્રામીણ જીવનની જે વિસંવાદિતાની વાત કરી હતી તેને કેટલાકે ગાંધીના વિચારોનું અતિસરલીકરણ ગણાવ્યું હતું. એક મિત્રે ખૂબ સુંદર રીતે કહ્યું કે ગાંધીએ નગર પ્રત્યે પીઠ નહોતી કરી. તેઓ માત્ર ગામના પ્રશંસક ન હતા. પણ તેઓ પેલી વિસંવાદિતાથી ઉપરનું વિચારતા હતા, જેમાં ગામ અને શહેર બંનેનું એવું સંયોજન થાય કે ગામ અને શહેરના ભેદ ઓગળી જાય.

નહેરુ અને કુમારપ્પા વચ્ચેના મતભેદ અંગે અને સ્વતંત્ર ભારતના તે બંનેના આયોજન વિશેના વિચારો અંગે એક મિત્રે સરસ સૂચવ્યું કે તમે વિનોબા ભાવેના વિચારોની ઉપેક્ષા કરી છે. આયોજનને પેલા બે ઉપરાંત વિનોબાની નજરે પણ જોવાની જરૂર છે. એવું પણ સૂચવાયું કે કુમારપ્પા ચોખલિયા હતા અને એમની ગાંધી વિશેની સમજ ઘણી સંકિર્ણ હતી. એમાંથી એમનું એક આગવું કલ્પનાજગત ઊભું થયેલું હતું. જેને પરિણામે તેઓ નહેરુના આધુનિક વિકાસના વિચારોને સ્વીકારી નહિ શકેલા. વિનોબા આ વાત બરાબર સમજેલા. ૧૯૫૦ના દસકમાં ભારત વ્યાપક રીતે નહેરુના વિચારોની તરફેણમાં હતું તે સમજી શકેલા. પરિણામે વિનોબાએ આર્થિક વિકાસની તરાહને સમયોચિત માનીને તેનો ઇન્કાર પણ નહોતો કર્યો અને તેની ઉપેક્ષા પણ નહોતી કરી. પરંતુ વિનોબાનો પ્રયાસ વિકાસને ઊંચે લઈ જવાનો અને તીવ્રતાને મૃદુ બનાવવા તરફનો રહ્યો. આ અર્થમાં એવું પણ કહી શકાય કે વિનોબા ગાંધી અને નહેરુના વિચારોની વચ્ચે કડીરૂપ બની રહ્યા.

એકંદરે મને મિત્રો દ્વારા એ યાદ દેવડાવવામાં આવ્યું કે નહેરુની સાથે જે વ્યાપક બૌદ્ધિક સર્વસંમતિ હતી એ વધુ પડતા મોટા ઔદ્યોગિકીકરણની આવશ્યકતા સંદર્ભે જ ન હતી. પણ ખાસ તો વિજ્ઞાન અને વૈજ્ઞાનિક સંદર્ભે એ સર્વસંમતિ હતી. બૌદ્ધિકો માનતા હતા કે માનવને જ્ઞાનમાં અમર્યાદ રીતે આગળ વધવામાં આધુનિક વિજ્ઞાન જરૂરી છે. આધુનિક ટેકનોલોજીથી જ વ્યાપક સમાજનું કલ્યાણ શક્ય બનશે. એટલે નહેરુ મોડેલને વિકાસના મોડેલ તરીકે જોવાય છે ત્યારે તેના પાયામાં વિજ્ઞાન અને ટેકનોલોજીના સંયોજનની સ્વીકૃતિ પડેલી છે. વિકાસ પ્રક્રિયાનો એ માર્ગ છે. જોકે આજે બની એવું આવ્યું છે કે આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીના દાવાઓ પોકળ પુરવાર થયા છે. કારણ કે તે બે દ્વારા વ્યાપક પ્રજાનું વ્યાપક કલ્યાણ થયું નથી. પણ કેટલાક અગ્ર વર્ગના હાથમાં સત્તા અને સમૃદ્ધિ કેન્દ્રિત થયાં છે. એ વર્ગ પર્યાવરણના સામૂહિક વિનાશ માટે જવાબદાર છે.

અનુ. ડંકેશ ઓઝા **– રામચંદ્ર ગુહા**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અમારાં બા

૨૨ ફેબ્રુઆરી, પૂ. કસ્તૂરબાની પુણ્યતિથિ. 'બા' અંગે આમ તો ઠીક ઠીક લખાયું છે. પણ ગાંધીજીની સરખામણીએ 'બા' અંગેનાં પુસ્તકો ઓછાં છે. 'બા'ને સમજવા માટે પણ ગાંધીજીએ ક્યાંક લખ્યું છે એનો જ આધાર લેવો જરૂરી બન્યો છે.

આ નિમિત્તે વનમાળાબહેન પરીખ અને સુશીલાબહેન નય્યરના પુસ્તક 'અમારાં બા' (નવજીવન પ્રકાશન)ને લઈને થોડી વાતો જણાવવી છે. આ પુસ્તક અંગે બુદ્ધિપ્રકાશ : જાન્યુઆરી માર્ચ, ૧૯૪૬માં ઉમાશંકરભાઈ જોશીએ કેટલુંક પુસ્તકપરિચય અંગે જણાવ્યું છે તે જોઈએ.

'ગાંધીજી જેવા દુરારાધ્ય પતિને બા શી રીતે રીઝવી શક્યાં ? 'કેવળ સ્વેચ્છા'ના બળથી. જેમ જેમ બા ગાંધીજીને સેવાકાર્યમાં સમાતા જુએ છે, તેમ તેમ ગાંધીજીમાં – એટલે કે એમણે આંકેલા સેવાકાર્યમાં પોતે પણ સમાતાં જાય છે. પણ એ નક્કી કર્યું એમણે પોતે. એ સંકલ્પબળ અને સંકલ્પને જીવનભર જીરવવાનો પ્રયત્ન – એમાં બાની ખરી સિદ્ધિ છે. આખી પ્રક્રિયા બાના જ એક ઉદ્ગારમાં સ્પષ્ટ થાય છે : 'તમારું મન જાણી લીધા પછી આપણે તો આપણું મન વાળી લીધું.'

બાનું આવું વલણ તે ગાંધીજીના પોતાના જ શુભ નિર્ણયનો મંગલ પ્રતિધ્વનિ છે. પણ તેઓશ્રી એનું બધું જ શ્રેય આપણી સંસ્કૃતિને આપે છે : 'આ ગુણ હિંદુસ્તાનની ભૂમિને કદાચ વધુમાં વધુ ભાવે છે.' આ જ વાત એમણે અન્ય પ્રસંગે પણ ભારપૂર્વક કહી છે : 'મારી પત્ની વિશેનો મારો પ્રેમ અને મારી લાગણી હું વર્ણવી શકું તો હિંદુધર્મ વિશેનો મારો પ્રેમ અને મારી લાગણીઓ હું વર્ણવી શકું.' અને તેથી લોર્ડ વેવલને જવાબ આપતાં પોતાને સત્યાગ્રહનો પ્રથમ પાઠ આપનાર ગુરુ તરીકે બાને તેઓ ઓળખાવે છે ત્યારે નવાઈ લાગતી નથી. આવો એક પાઠ દક્ષિણ આફ્રિકામાં હતા ત્યારે બાને જેલ પછીની ભારે માંદગીમાં સારવાર કરતાં કઠોળ-મીઠું છોડાવવા પોતે પણ છોડ્યાં એ છે.

બાએ ગાંધીજીને તેમના કડક આત્મનિરીક્ષણનું એક વધુ દૃષ્ટિબિંદુ સતત પૂરું પાડ્યા કર્યું હશે. વસુધૈવ કુટુંબકમની સ્થિતિએ પહોંચતાં પહેલાંની શિથિલતાની પળો વખતે, પોતે જેનું સંકુચિત કુટુમ્બસુખ ઉખેડી નાખ્યું તે બાનું 'બસ, થાક્યા ?' એવું વહાલસોયા ઠપકાભર્યું ચિત્ર જરૂર ગાંધીજીને પ્રેરણાદાયક નીવડી રહ્યું હશે. અને પોતાના પગલામાં પગ મૂકી પાછળ ચાલી આવતી તપશ્વીનીને જોઈ ઘણી વાર એમણે પગમાં નવું જોમ અનુભવ્યું હશે.

બંને વચ્ચેના અતૂટ મેળનું તો એક અંગ્રેજનું અવલોકન મર્મગ્રાહી છે : 'મેં એ દંપતીને એક વાર પણ એકબીજાની સામે નજર માંડતાં ન જોયાં. પણ મારી ખાતરી છે કે એકબીજાના મનમાં શું ચાલી રહ્યું છે તે બંને જાણતાં હતાં.'

પતિપત્ની જીવનરથનાં બે ચક્ર જેવાં ગણાય. ગાંધીજી જેવા ધર્મવીરને લગ્નજીવન નિર્મિત જ હતું તો એકંદરે આથી વધારે તુલભ યોગ ભાગ્યે જ કલ્પી શકાય. એક ચક્રના હકથી બીજાની ગતિ કદી ખોટકાઈ પડી ન હતી, હંમેશ અનુકૂળતા જ સાંપડી હતી. બાનો અંત જ જુઓ. ક્યાં એમનો જન્મ ? ક્યાં ક્યાં ને કેવું કેવું જીવન ? અને આખરે મૃત્યુ ક્યાં ? જેલખાનામાં ! પતિની ધર્મપ્રવૃત્તિને ઈષ્ટ એવું પોતા તરફથી એ છેલ્લું અને સૌથી મહાન અર્પણ.

લેખિકા બહેનોએ આપેલી હકીકતો જોતાં પણ સ્પષ્ટ થાય છે કે બાના આત્મવિકાસમાં ગાંધીજીએ કદી કોઈ જાતની ચોરી કરી નથી. પોતાનો રાગરહિત સદ્ભાવ જે સૌ જીવો ઉપર અનાયાસે વરસ્યા કરે તેમાં બાને પણ ભાગીદાર જરૂર ગણ્યાં હતાં. છેક હમણાંનો ૧૯૩૮નો પત્ર. લખે છે : 'મેં તારા માથા ઉપર જતાં હાથ પણ ન મૂક્યો, મોટર ચાલી ને મને પણ લાગ્યું. પણ તું દૂર હતી. હવે તને બહારની નિશાની જોઈએ કે....'

બીજા કોઈ પણ માણસની બાબતમાં જે વ્યવહાર ક્યારેક હાસ્યાસ્પદ બની રહે તે ગાંધીજીમાં માણસાઈની પતાકારૂપ શોભી ઊઠે છે. કારણ કે વ્યવહારના એમના ઝીણા ઉકેલો પાછળ નિર્ભેળ કારુણ્યની જ પ્રવૃત્તિ હોય છે. '૪૨માં બારડોલીમાં બા બીમાર હાલતમાં 'આટલે વર્ષ મને વિજોગ પડે ને ?' એમ કરતાં આવી પહોંચે છે ત્યારે, ...બા નહિ તો દાદર ચડી ઉપર આવશે એમ ખાતરી હોઈ તે શ્રમમાંથી તેમને બચાવવા ગાંધીજી નીચે ઊતરી આવે છે અને કોડીલા કંથની જેમ સામે જઈ ગાડીમાંથી બાને ઉતારે છે. છેલ્લા દિવસોમાં બા ગાંધીજી પાસે ગીતા શીખતાં, પંજાબી નદીઓનાં નામ ગોખતાં, ગુજરાતીનો અભ્યાસ વધારતાં, ત્યારે ગાંધીજી ગુજરાતી વાચનમાળાની કવિતાઓના રાગ ગાઈ બતાવતા. સાંજને વખતે વૃદ્ધ પતિપત્ની સાથેસાથે કવિતાઓ ગાતાં હોય એ દશ્ય ઉપર તો સારું હતું કે સરોજિનીદેવી જેવાં હસનાર ત્યાં હતાં... પણ બધા જ પ્રસંગ હસવાના નથી હોતા.

એક પ્રસંગ તો એવો કરુણ છે કે કવિઓની કલ્પનામાં પણ એવા પ્રસંગ બહુ નહિ આવ્યા હોય. દંડકારણ્યમાં રાક્ષસી લીલાથી ક્ષણભર ત્રાસેલાં સીતાને 'તમે કહો તો આપણે અયોધ્યા પાછાં જઈએ,' એમ રામ કહે એવા પ્રસંગની જરી કલ્પના કરી જુઓ. સીતા હા પાડે જ નહિ, પણ એક વાર વચન નીકળી ગયા પછી એ પ્રમાણે રામ વર્તે નહિ એ તો ન જ બને. બાનું મન આ વખતે ગાંધીજીને સરકારે પકડ્યા તે પરથી ખાટું થઈ ગયું હતું એમ ગાંધીજીએ જ નોંધ્યું છે, પણ તેનું પરિણામ ક્યારેય પણ – એક ક્ષણાર્ધ માટે પણ ગાંધીજીને હસવામાંય 'તું કહે તો હું માફી માગું' એવું કહેવામાં આવે એ ઘટના મનુષ્યજીવનમાં કેવી પારાવાર કરુણતા વણાયેલી છે એનો જ ઈશારો છે.

પૂ. બાના ચરણે શત શત નમન.

– ઉમાશંકર જોષી

ઉમાશંકર જોષીના 'જીવનનો કલાધર' પુસ્તકમાંથી, સંકલન : ભદ્રા-વિક્રમ સવાઈ

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

રાલ્ફ વાલ્ડો એમર્સન : પ્રકૃતિપ્રેમી મહાન તત્ત્વચિંતક

ભારતીય દ્વીપ પ્રકલ્પમાં ઉદ્ભવેલી અને સંસ્કારિત થયેલી માનવ-સભ્યાતાએ વિશ્વને વેદકાલીન વારસો આપ્યો. આ સભ્યતાએ પ્રકૃતિના અવલોકનથી અનુભૂતિને અતિક્રમીને આધિભૌતિક સ્તરે ચેતનાના વ્યાપને વિસ્તારવાની ક્ષમતા વિસ્તારી. આ કારણે અભ્યાસ કરતા થોડી એવી સમજ વિકસે છે કે ભારતીયતામાં પ્રકૃતિથી સંસ્કારિત રીતિ નીતિ પામેલો સમાજ વિકસ્યો. બીજી બાજુ પાશ્ચાત્ય સભ્યતાઓનો અભ્યાસ અને તેની કેડી કંડારનારા મહામાનવો વિષે જાણવાની આ યાત્રામાં મારી એક સીમિત ધારણા વિકસી રહી છે કે પૃથ્વીના એ શીત ગોળાર્ધમાં સ્વથી પર કે ભૌતિકથી આધિભૌતિક તરફની ચેતના જાગૃત થઈ હશે ? પાશ્ચાત્ય વિશ્વમાં ભૌતિકતા હજુ પણ પોતાનું ગુરુત્વ ટકાવવા તરફનું વલણ દાખવી રહી છે. આ સાથે કુદરત પણ સ્થૂળતામાં અભિભૂત થઈ રહેલા બુદ્ધિલક્ષી પ્રવાહોમાં ચેતનાને જાગૃત રાખવા ચેતવણી ઉચ્ચારતા ચિંતકોને વારંવાર જન્મ આપે છે. આજે કેડી કંડારનારાઓમાં મનન, ચિંતન અને લેખનથી ભૌતિકવાદી માનવસભ્યતાનાં વકરતાં મૂળિયાઓ વચ્ચે પ્રકૃતિલક્ષી ચેતનાને જાગૃત કરવા વધુ એક કઠિન કેડીના ચાલક વિશે જાણીશું.

'ધ મેન એન્ડ નેચર' લખનાર પાર્કિન્સ જેમ પ્રકૃતિના સ્વયંસિદ્ધ વ્યવસ્થાપનમાં માનવી ખલેલરૂપ છે તે બાબત તથ્યોના આધારે લગભગ સદી પહેલાં પામી શક્યા તે સ્તરે કેટલાક વિચારકો પ્રકૃતિ એક એકમ છે એ વાત ચેતનાના સ્તરે અનુભવી તેને વ્યાખ્યાયિત કરવાની શરૂઆત ૧૯મી સદીમાં કરે છે. આ વિચારકો અને તત્ત્વચિંતકોમાં સૌથી પ્રેરણાદાયી નામ એટલે રાલ્ફ વાલ્ડો એમર્સન.

''કુદરત એક ભાષા છે અને દરેક નવી હકીકત જે શીખે છે તે એ ભાષાનો એક નવો શબ્દ છે; પરંતુ તે શબ્દકોષમાં ટુકડે ટુકડે લેવામાં આવેલી મૃતભાષા નથી, પરંતુ તે ભાષાને સૌથી વધુ નોંધપાત્ર અને સાર્વત્રિક અર્થમાં એકસાથે મૂકવામાં આવે ત્યારે એ એક સર્જન બને છે. હું આ ભાષા શીખવા માગું છું, એવું નથી કે હું નવું વ્યાકરણ જાણું, પરંતુ હું તે ભાષામાં લખાયેલ મહાન પુસ્તક એટલે કે 'માનવનું કુદરતમાં સ્થાન' વાંચી શકું.'' ઈશ્વરને પોતાના હૃદયમાં જોવાનો છે. આ હિંદુ માન્યતા એ કેન્દ્રીય શોધ છે જેણે એમર્સનને ગુણાતીતવાદી બનાવ્યા. તેઓ પૃથ્વીને એક એકમ તરીકે અનુભવી મનસ સાર્વત્રિક છે અથવા તો સરળ ભાષામાં ઈશ્વર બધામાં નિરંતર છે એવી તેમની માન્યતાના પાયામાં તેઓ વૈદિક ચિંતનથી પ્રભાવિત છે તે સ્પષ્ટ જણાય છે.

૧૮૦૩માં જન્મેલા રાલ્ફ વાલ્ડો એમર્સન, એક અમેરિકન નિબંધકાર, વ્યાખ્યાનકાર અને કવિ હતા. જેમણે ૧૯મી સદીના મધ્યમાં અતીન્દ્રિયવાદી ચળવળનું નેતૃત્વ કર્યું હતું. તેમને વ્યક્તિવાદના ચેમ્પિયન અને સમાજની વિપરીત વિચારધારાઓના આકર્ષણના પ્રખર વિવેચક તરીકે જોવામાં આવ્યા હતા, અને તેમણે ડઝનેક પ્રકાશિત નિબંધો અને સમગ્ર યુનાઇટેડ સ્ટેટ્સમાં ૧,૫૦૦થી વધુ જાહેર પ્રવચનો દ્વારા તેમના વિચારોનો પ્રસાર કર્યો હતો. એમર્સને તેમના મોટા ભાગના મહત્ત્વપૂર્ણ નિબંધો પહેલાં પ્રવચનો તરીકે લખ્યા અને પછી છાપવા માટે તેમને સુધાર્યા. તેમના નિબંધોના પ્રથમ બે નિબંધ સંગ્રહો : પ્રથમ શ્રેણી (૧૮૪૧) અને નિબંધો : બીજી શ્રેણી (૧૮૪૪), તેમના વિચારના મૂળને રજૂ કરે છે. તેમાં જાણીતા નિબંધો 'સ્વ-નિર્ભરતા', 'ધ ઓવર-સોલ', 'સર્કલ', 'ધ પોએટ' અને 'એક્સપીરિયન્સ'નો સમાવેશ થાય છે. 'કુદરત' સાથે મળીને, આ નિબંધોએ ૧૮૩૦ના દાયકાના મધ્યથી ૧૮૪૦ના દાયકાના મધ્ય સુધીના દાયકાને એમર્સનનો સૌથી ફળદ્રુપ સમયગાળો બનાવ્યો.

એમર્સન 'પ્રકૃતિ' એ જ 'ઈશ્વર' છે એટલે કે સર્વેશ્વરવાદમાં માનતા થયેલા. સર્વેશ્વરવાદ એટલે કે જડ-ચેતન પ્રત્યેકમાં ઈશ્વરનો વાસ રહેલો છે તેમ માનનારો માર્ગ, જે આપણે ત્યાં સદીઓ સુધી વૈદિક વારસાના લીધે ભારતીય સંસ્કૃતિના વાસ્તવિક પ્રચલનમાં હતો. એમર્સને અસંખ્ય વિષયો પર લખ્યું, નિશ્ચિત ફિલોસોફિકલ સિદ્ધાંતોને ક્યારેય અપનાવ્યા નહીં, પરંતુ વ્યક્તિત્વ, સ્વતંત્રતા, માનવજાત માટે કંઈ પણ સમજવાની ક્ષમતા અને આત્માના અને આસપાસના વિશ્વ વચ્ચેના સંબંધ વિશે ચોક્કસ વિચારો વિકસાવ્યા. આ એ પ્રક્રિયા હતી જે વૈશ્વિક સ્તરે યાંત્રિકીકરણ અને આધિપત્યની જે નવીન યોજનાઓ અમલમાં આવી રહી હતી અને તેની સાથોસાથ વૈચારિક સ્તરે પ્રકૃતિના મહત્ત્વ વિશેની ચેતવણીઓનો પાયો પણ નાખી રહી હતી.

વ્યક્તિત્વ વિકાસ

એમર્સનનો જન્મ અમેરિકામાં મેસેચ્યુસેટ્સ રાજ્યના બોસ્ટનમાં થયો હતો. એમર્સન સંપૂર્ણપણે અંગ્રેજ વંશના હતા અને તેમનો પરિવાર પ્રારંભિક વસાહતી સમયગાળાથી ન્યૂ ઇંગ્લેન્ડમાં હતો. તેઓએ આઠ વર્ષની વયે પિતા ગુમાવેલા. એમર્સનનું ઔપચારિક શિક્ષણ ૧૮૧૨માં બોસ્ટન લેટિન સ્કૂલમાં શરૂ થયું હતું. ૧૮૧૭માં, ૧૪ વર્ષની ઉંમરે, એમર્સન હાર્વર્ડ કૉલેજમાં ગયા. વૈશ્વિક પ્રવાહો વિશે જાણવાની ઉત્સુકતા તેમનામાં પહેલેથી હતી, બહોળું વાંચન તેમનું ઘડતર કરી રહ્યું હતું. જુનિયર વર્ષ દરમિયાન એમર્સને એક સાદી નોટબુકને જર્નલ બનાવી વાંચેલાં પુસ્તકોની યાદી રાખવાનું શરૂ કર્યું, જેને તેઓ 'વાઇલ્ડ વર્લ્ડ' કહેતા. શિક્ષણના ખર્ચને પહોંચી વળવા તેઓ બાકીના સમયમાં નોકરી કરતા, એક જગ્યાએ હોટેલમાં વેઇટર તરીકે અને કાકાની સાથે શિક્ષક તરીકે. હાર્વર્ડની અનેક મૌલિક શિક્ષણ પ્રણાલીઓમાંની એકમાં એમર્સન ભાગ લેતા થયેલ, જેમાં પ્રત્યેક અઠવાડિયે વિદ્યાર્થીએ પોતે રચેલી મૌલિક કવિતાનું પઠન કરવાનું રહેતું.

તેઓ પોતાના ક્લાસમાં અભ્યાસની દૃષ્ટિએ એક સાધારણ વિદ્યાર્થી તરીકે સ્નાતક થયા. નબળા સ્વાસ્થ્યને જોતાં તેઓ પહેલાં દક્ષિણ કેરોલિના, ત્યારબાદ ફ્લોરિડા ગયા કે જ્યાં પ્રમાણમાં હૂંફાળી આબોહવા હોય, ઓગસ્ટિનમાં તેમણે લાંબો સમય ગાળ્યો જ્યાં તેમનું કવિતા લેખન વધ્યું. તેઓ પોતાને 'વાલ્ડો' તરીકે ઓળખાવતા. અહીં તેમનો પરિચય નેપોલિન બોનાપાર્ટના પિતરાઈ પ્રિન્સ અચિલ મુરાત સાથે થયો. તેમની મૈત્રી ખૂબ વિકાસ પામી.,

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

બંને ધર્મ, સમાજ, ફિલસૂફી અને સરકારની જ્ઞાનપ્રદ ચર્ચાઓમાં વ્યસ્ત હતા. પોતાનાથી બે વર્ષ મોટા મુરાતને એમર્સન વૈચારિક શિક્ષણ માટે એક મહત્ત્વપૂર્ણ વ્યક્તિ ગણતા હતા.

'ધ નેચરાલિસ્ટ'

એમર્સનના કુદરતને ઉકેલવાના ચિંતનાત્મક પ્રયાસો અને પાશ્ચાત્ય જગતમાં કુદરતને વૈજ્ઞાનિક ઢબે વર્ગીકૃત અને સંગ્રહિત કરવાની હોડનાં ભયસ્થાનો વિષેના વિચારોનો સર્વ પ્રથમ ઉલ્લેખ કે રજૂઆત આપણને ૧૯૩૪માં મળી આવે છે. ૭મી મે, ૧૯૩૪માં બોસ્ટન નેચરલ હિસ્ટ્રી સોસાયટી ખાતે તેઓ 'ધ નેચરાલિસ્ટ' નામે એક વક્તવ્ય આપે છે. આ વક્તવ્યમાં કુદરતની કેડી કંડારતી પદ્ધતિસરની માહિતીના દસ્તાવેજો ઊભા કરતાં પ્રકૃતિવિદોને તેઓ સંબોધે છે. કુદરતની સમજણ શિક્ષણનો એક ભાગ બને તે જરૂરી પણ છે. આમ છતાં સૌથી ખરાબ વિકૃતિ અથવા કુદરતની યોજનાની સંપૂર્ણ ઉપેક્ષા હોવા છતાં, કુદરતનો અભ્યાસ શિક્ષણમાં અમુક સ્થાન પર કબજો કરશે, તે નિશ્ચિત છે.

તેઓ કહે છે, ''હું એક એવી વ્યક્તિને જાણું છું જે શહેરથી બહાર નહોતી ગઈ અને તેણે વહેતું પાણી નહોતું જોયું. પરંતુ હવે એ વ્યક્તિ જે સમુદ્ર, નદી, હિમ, તળાવ, જંગલો, પર્વતોમાં રહેલાં જીવન પોષતાં કે નિયંત્રિત કરતાં તત્ત્વોને (એક વિજ્ઞાનીની દૃષ્ટિએ) જોશે, જે એ વ્યક્તિને પાણી પૂરું પાડે છે તે બધાં સ્વરૂપોની કાળજી રાખે જ છે. શહેરની ગલીઓ ભલે પૃથ્વીનાં સ્વર્ગીય તત્ત્વોને પામી નહીં શકે પરંતુ પ્રત્યેક માનવી તેના તરફ જરૂરથી આકર્ષાય છે. અને આ કલ્પનાઓની છબી જે તમામ માણસોને આનંદ આપે છે એ તેને કુદરતી પ્રક્રિયાઓના અવલોકન કરવા તરફ દોરી જાય છે. હું જાણું છું અને સ્વીકારું છું કે માનવીને એક માત્ર રસ 'માનવી'માં જ છે. કુદરતનાં આયોજનોમાં પણ માનવી કેન્દ્રસ્થાને છે, પરંતુ તે બધા એકમો સાથે મધ્યમાં છે, ઉપર નથી, સર્વોપરી નથી. જીવનના સુનિયોજિત માળખામાં તે એકાકી નહિ અનેક સંબંધોથી જોડાયેલો એકમ છે.''

તેઓ કહે છે, ''કુદરતનું સૌથી પ્રભાવશાળી વ્યક્તિત્વ તેની સાધનની સરળતા અને પરિણામની ભવ્યતા વચ્ચે વિલસતાં સંયોજનોનો વિરોધાભાસ છે; તેનાથી ઊંચું, ગહેરું અને વિશાળ બીજું કંઈ જ નથી. ક્રમબદ્દલ અને સંયોજન નામના અંકગણિતના નિયમમાં (પરમ્યુટેશન એન્ડ કોમ્બિનેશન) કુદરત અત્યંત કુશળ છે. કેટલીક વાર તે એટલું રમૂજી હોય છે કે મને ફ્રેન્ચ રસોઈયાની યાદ અપાવે, જે એક મેંદામાંથી ચાલીસ વાનગીઓ બનાવી શકે છે. કુદરતે કેટલાંક તત્ત્વોને અસંખ્ય પદાર્થોમાં રૂપાંતરિત કરીને પૃથ્વીને ભરી દીધી છે. તેમાં રહેલી ભાવિની ભવ્યતા પર્વતની ટોચ પર ઊભા રહી જોઈ જુઓ. ઘણી, એની એ જ સામગ્રી, નવાં નવાં સંયોજનોમાં સતત પરિવર્તિત થઈ રહેલી દેખાય છે. વ્યક્તિગત સ્વરૂપોના લાવણ્ય કરતાં આ સંરચનાઓ વધુ મહત્ત્વપૂર્ણ છે. દરેક કલાકાર એ જાણે છે કે કલાકૃતિના મુખ્ય વિષયની ઉત્કૃષ્ટ તેના પરિપ્રેક્ષ્યના કારણે વધુ સુંદરતા પામે છે. જેમ કે તમારા શૉકેસમાં સજાવેલાં છીપલાં કરતાં દરિયાઈ તટે બીજાં શંખ છીપ સાથે રેતીમાં પડેલું તે છીપલું આંખોને વધુ આકર્ષે છે કારણ કે વિશાળ આકાશ અને સમુદ્રના જલરાશિ વચ્ચે બીજાં થોડાં છીપલાંઓ વચ્ચે પડેલું તે ભીનું છીપ, વિશાળતા ને ક્ષણિક સુંદર સજીવતા વચ્ચે એક વિરોધાભાસ ઊભો કરે છે. મને યાદ છે, જ્યારે બાળપણમાં રોમાન્ચભેર આ છીપલાઓ વીણીને ઘેર લાવતા પરંતુ ત્યારબાદ તે રોમાંચ, તીવ્ર દુર્ગંધને કારણે વિસરાઈ જતો. ખેતરની માટીની સુગંધ ફૂલોની સુગંધ કરતાં વધુ લાંબી ટકે છે અને પ્રિઝમની પસંદગી સૂર્યાસ્તે થતી મૂંઝવણ સાથે સરખાવી શકાતી નથી. અને ત્યારબાદ મને સમજાયું કે એક એકમની સુંદરતા તે એકલા એકમને કારણે નહિ પરંતુ તેના સંયોજનમાં રહેલી છે.''

આગળ કહે છે, ''પ્રકૃતિના સરળ સિદ્ધાંતો આપણને ઉત્તેજિત કરે છે. આ ઉત્તેજનાથી વનસ્પતિશાસ્ત્રી શોધે છે કે એક વૃક્ષ, તે એક એકમ નથી, તે અનેક જીવોનો વિશાળ સમૂહ છે. નેચરલ સાયન્સની બૌદ્ધિક શિસ્ત એ છે કે તે તફાવતને તીવ્ર બનાવે છે. તે સમાન અને સમાન વચ્ચે તફાવત કરવાની મુશ્કેલ કળા શીખવે છે. કુદરતનો સંપૂર્ણ અભ્યાસ એ શાશ્વત વિભાજન, પેટાવિભાગ અને ફરીથી નવા તફાવત સમજાવે છે. આ બધા તફાવત વાસ્તવિક છે. કુદરતમાં કોઈ ખોટો તર્ક નથી. તેની તમામ સામગ્રીઓ કાયમી છે, તેના તમામ ગુણધર્મો કાયમી છે : એસિડ અને ધાતુઓ ક્યારેય જૂઠું બોલતાં નથી; તે નવાં શોધાયાં છે પરંતુ નવાં છે નહિ. આ મૂંઝવણ જ માનવીને પ્રગતિ તરફ દોરે છે અને માનવીને માત્ર 'ઓબ્જેક્ટ'માં રસ પડે છે તે તેની મર્યાદા છે કારણ કે તે પોતે પણ સમગ્ર માળખામાં એક 'ઓબ્જેક્ટ' જ છે.

''ઉદાર શિક્ષણ માને છે કે પૃથ્વી, જે ઉદાર માતા અને નર્સ છે. તે આપણું નિવાસસ્થાન પણ છે. ઉત્તેજના, દવા અને આપણા બધાની કબર પણ છે. આપણે એ દરેકમાં વિસ્તરેલ અથવા સરળ બનાવેલ આપણી પોતાની રચનાઓનો અભ્યાસ કરીએ છીએ, ના કે સાથી જીવોનો... આ તમામ સૌથી પ્રાચીન અને કાયમી છે જેનું આપણને થોડું જ્ઞાન ચોક્કસ છે. આપણી અસ્વસ્થ જિજ્ઞાસા દફનાવી દેવાયેલાં શહેરો શોધવા અને મમીના ખાડાઓ ખોદવા તેમજ ઇજિપ્તના પત્થરો પર ઘસાઈ ચૂકેલા પત્રો તરફ દોરી જાય છે. પણ આપણે વાદળો અને ઘાસમાં રહેલી પ્રાચીનતાને એ જ આદરથી ક્યારે જોઈશું ?''

જીવવિજ્ઞાનના મહત્ત્વને જરા પણ ઓછું આંક્યા વિના કુદરતની કેડી કંડારનારા 'નેચરાલિસ્ટો'ની સંવેદનાઓને જીવતી રાખવા અને વિચ્છેદ અને વિભાજનની દૃષ્ટિમાં કુદરતમાં રહેલી સામાજિકતાને જાળવી રાખવા આહ્‌વાન કરતી તેમની અત્યંત પ્રભાવક અને ભીતરથી વિચલિત કરનારી આ પ્રગલ્ભ પ્રસ્તુતિ ઇન્ટરનેટ પર ઉપલબ્ધ છે. સૌએ વાંચવી ઘટે પરંતુ અહીં તેમના બીજા પ્રવચન અને નિબંધની ઝલક પણ મેળવી લઈએ.

એમર્સનની અમર કૃતિ 'નેચર' :
એક માર્મિક કાવ્ય અને માર્ગદર્શક સિદ્ધાંત સ્થાપતો નિબંધ

''અસંખ્ય વર્તુળોની સૂક્ષ્મ સાંકળ, સુદૂરને સમીપ લાવે છે;
આંખ જ્યાં જાય છે ત્યાં સુકુન વાંચે છે, અને ભાષાઓ બધી
ગુલાબ જ બોલે છે; અને,
એક કીડો અનેક સ્વરૂપોમાંથી પસાર થઈ શિખર પર પહોંચે છે,
એ છે માણસ બનવાનો પ્રયત્ન.''

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

''માણસ માટે કુદરતના મંત્રાલયમાં, માત્ર સામગ્રી જ નથી, પણ પ્રક્રિયા અને પરિણામ પણ છે. બધા ભાગો માણસના લાભ માટે સતત એકબીજાના હાથમાં કામ કરે છે. પવન બીજ વાવે છે, સૂર્ય સમુદ્રનું બાષ્પીભવન કરે છે; પવન ખેતરમાં વરાળ ઉડાડે છે; બરફ, ગ્રહની બીજી બાજુએ, આ પાર વરસાદને ઘટ્ટ કરે છે; વરસાદ છોડને ખવડાવે છે; છોડ પ્રાણીને ખવડાવે છે; અને આ રીતે દૈવી ધર્માદાના અનંત પરિભ્રમણ માણસને પોષણ આપે છે.''

આ નિબંધમાં એમર્સન પ્રકૃતિને માનવી દ્વારા કરાતા ચાર ઉપયોગોમાં વિભાજિત કરે છે. સંસાધન, સૌંદર્ય, ભાષા અને શિસ્ત. આ ચાર ભિન્ન દૃષ્ટિકોણ દ્વારા માનવસમાજ પોતાની મૂળભૂત જરૂરિયાતો, મનોરંજનની ઇચ્છા, એકબીજા સાથેનો તેમનો સંદેશાવ્યવહાર અને વિશ્વ વિશેની સમજણ માટે પ્રકૃતિનો ઉપયોગ કરે છે.

એમર્સને ૯ સપ્ટેમ્બર, ૧૮૩૬ના રોજ અનામી રીતે તેમનો પ્રથમ નિબંધ 'નેચર' પ્રકાશિત કર્યો હતો. આ એ સમય હતો જ્યારે બાઇબલ અને ચર્ચની સીમિત સંકલ્પનાઓમાં રાચતું પશ્ચિમી જગત પણ માન્યતાઓથી મુક્ત નહોતું. આ એ સમય પણ હતો કે જ્યારે ઈશ્વર, એ સર્વોપરી સત્તા મનાતી અને રાજા અને ચર્ચ તેના વહીવટદારો. એક તરફ જેમ વિજ્ઞાનની શાખાઓ વિકસી રહી હતી તેની સાથોસાથ ચર્ચની બહાર સમાંતર મુક્ત કલ્પનાઓ પણ વિકસી રહી હતી. 'બીટા કપ્પા' એ સ્વતંત્ર ચિંતનમાં માનતા સભ્યોનું રક્ષણ કરવા અને એકતાની ભાવના જગાડવા માટે એક ગુપ્ત 'ફી બીટા કપ્પા સોસાયટી' હતી. નવા સમાજને 'ફી બીટા કપ્પા' નૂતન સૂત્ર આપવામાં આવ્યું હતું જેનો ભાવાર્થ થાય છે, ''શીખવા માટે પ્રેમ એ જીવનનો માર્ગદર્શક છે.''

માર્ચ ૧૮૩૭માં, એમર્સને બોસ્ટન ખાતે ઇતિહાસની ફિલસૂફી પર શ્રેણીબદ્ધ પ્રવચનો આપ્યાં. આ પહેલી જ વાર તેમણે પોતાની રીતે વ્યાખ્યાનશ્રેણીનું સંચાલન કર્યું હતું. આ તેમની કારકિર્દીની શરૂઆત હતી. આના પછી તેમણે ન્યૂ ઇંગ્લેન્ડ અને દેશના બાકીના મોટા ભાગમાં લોકપ્રિય લેક્ચરર તરીકે જીવનનિર્વાહ ચલાવ્યું હતું. તેમણે ૧૮૩૩માં પ્રવચન આપવાનું શરૂ કર્યું હતું. ૧૮૫૦ સુધીમાં તેઓ દર વર્ષે ૮૦ જેટલાં પ્રવચનો આપતા હતા.

૧૮૪૯માં નિબંધોના સંગ્રહ (જેમાં 'નેચર'નું પ્રથમ પ્રકાશન સામેલ હતું)નું નામ બદલવામાં આવ્યું. મિત્રોએ તે વક્તવ્ય પ્રકાશિત કરવા વિનંતી કરી અને પોતાના ખર્ચે પ્રકાશિત આ ૫૦૦ નકલો એક મહિનામાં વેચાઈ ગઈ. એમર્સન ૧૮૩૫ની શરૂઆતમાં હેનરી ડેવિડ થોરોને મળ્યા હતા. ૧૮૩૭ના પાનખરમાં, એમર્સને થોરોને પૂછ્યું, ''શું તમે જર્નલ રાખો છો ?'' આ પ્રશ્ન થોરો માટે જીવનભરની પ્રેરણા સમો બની રહ્યો હતો. ૧૮૬૦ અને ૧૮૮૨ વચ્ચે જારી કરાયેલ હાર્વર્ડ યુનિવર્સિટી પ્રેસ એડિશનમાં એમર્સનની પોતાની જર્નલ ૧૬ મોટા ગ્રંથોમાં પ્રકાશિત થઈ હતી. કેટલાક વિદ્વાનો આ જર્નલને એમર્સનની મુખ્ય સાહિત્યિક કૃતિ માને છે.

ઉત્તર યુનાઇટેડ સ્ટેટ્સમાં છેક સેન્ટ લૂઇસ, ડેસ મોઇન્સ, મીનીઆપોલિસ અને કેલિફોર્નિયા સુધીની મુસાફરી કરી. ૧૮૪૪માં એમર્સને તેમનો બીજો નિબંધ સંગ્રહ પ્રકાશિત કર્યો, આ સંગ્રહમાં 'ધ પોએટ', 'એક્સપિરિયન્સ', 'ગિફ્ટ્સ' અને 'કુદરત' શીર્ષક હેઠળ લખાણો આપ્યાં હતાં.

એમર્સન ઘણું કમાય છે, જીવન સ્તર સુધરે છે, પ્રવાસો, વ્યાખ્યાનોથી પશ્ચિમી જગતમાં બૌદ્ધિકો અને લોકોમાં એક વૈચારિક આંદોલન પ્રસારે છે અને માનવીની સ્વતંત્રતા, મૌલિકતા, સમાનતા અને પરસ્પર સંવેદનશીલતાભર્યા સમાજનો પાયો નાખે છે. એમર્સન અનેક વિચારકોના માર્ગદર્શક બની રહે છે. તેઓને એક સંત કે વિચારક માનવામાં આવે છે. પરંતુ તેમને એટલો જ રસ વિજ્ઞાનમાં અને વૈજ્ઞાનિક શોધશિક્ષણમાં હતો અને આ અંગે તેઓ સતત માહિતગાર રહેતા વિચારક હતા. એમની રુચિઓની શ્રેણી ખરેખર ખૂબ વ્યાપક હતી, જે ખગોળશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્રથી માનવશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર સુધી વિસ્તરેલી હતી. એમના ઉપર એલેક્ઝાન્ડર હમ્બોલ્ટનો ભારે પ્રભાવ હતો.

ફ્રેન્ચ ફિલસૂફ વિક્ટર કઝીનની કૃતિઓ દ્વારા એમર્સનને ભારતીય ફિલસૂફીનો પરિચય થયો હતો. ૧૮૪૫માં, એમર્સનનાં સામયિકો દર્શાવે છે કે તેઓ ભગવદ્‌ગીતા અને હેનરી થોમસ કોલબ્રુકના વેદો ઉપરના નિબંધો વાંચતા હતા. તેઓ વેદાંતથી ખૂબ પ્રભાવિત હતા, અને તેમનાં મોટા ભાગનાં લખાણોમાં અદ્વિતીયતાની મજબૂત છાયાઓ છે. આનું એક સ્પષ્ટ ઉદાહરણ તેમના નિબંધ 'ધ ઓવર-સોલ'માં મળી શકે છે. એમર્સનની તબિયત ૧૮૬૭થી લથડવા લાગી; એક વિચારકની સંકલનક્ષમતા નબળી પડવા લાગી અને લેખનકાર્ય ઓછું થવા લાગ્યું. યાદશક્તિની સમસ્યાઓ વચ્ચે એમણે પ્રવાસો કર્યા. ૧૮૭૧માં તેઓ કેલિફોર્નિયાના યોઝમીતે પાર્કમાં જ્હોન મુઈરને મળ્યા. ૧૮૭૨માં તેમના ઘરને આગ લાગી, મિત્રો પાડોશીઓએ ફંડ એકઠું કરી ઘર બનાવી આપ્યું પણ તેઓ ઇંગ્લેંડ, યુરોપ અને ઇજિપ્તના પ્રવાસે નીકળી ગયા. પ્રવાસો અને પ્રવચનો મારફત તેઓએ અસંખ્ય લોકોને પ્રકૃતિ, મુકત માનવસમાજ અને આધ્યાત્મિક જીવનલક્ષ્ય વિષે જાગૃત કર્યા. ૧૮૭૯થી તેઓનું જાહેર જીવન સીમિત થઈ ગયું. ૧૮૮૨માં તેઓની બીમારી વધી અને એપ્રિલમાં તેઓ મૃત્યુ પામ્યા.

રાલ્ફ વાલ્ડો એમર્સન એ અમેરિકન પ્રકૃતિ લેખનમાં સૌથી મહત્ત્વપૂર્ણ વ્યક્તિઓમાંની એક છે. હજુ સુધી વાચકો પાસે તેમના કાર્ય અંગેનું આ કેન્દ્રીય વિષયને સમર્પિત કોઈ પુસ્તક નથી. ''ધ બેસ્ટ રીડ નેચરલિસ્ટ'' આ ખોટની પૂર્તિ કરી આપે છે. જેમાં એમર્સનના પ્રાકૃતિક લેખનના ઘણા ઓછા જાણીતા ટુકડાઓ, તેમના પ્રમાણિક નિબંધો ઉપલબ્ધ છે. કાલક્રમિક રીતે સંગ્રહિત પ્રવચનો, સંબોધનો અને નિબંધોથી બનેલી તેર પસંદગીઓ – એમર્સનની કારકિર્દીમાં ફેલાયેલ 'કુદરતના દર્શન' સાથે તેની નિસ્બત દર્શાવે છે. જેમ જેમ આપણે તેમના વ્યક્તિત્વને 'કુદરતનું પુસ્તક' તરીકે ઓળખતા જઈએ છીએ તેમ તેમ સંપૂર્ણપણે પ્રકૃતિ સાથે જોડાયેલા વિચારક તરીકે તેઓ ઊભરી આવે છે. ભૌતિક વિશ્વ સાથે પ્રકૃતિના ક્રમ અને

(જુઓ પાન નં. ૧૬)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પ્રાકૃતિક ખેતી માટે 'દેશી' બીજ

ઉત્ક્રાંતિ દરમિયાન વિકસી રહેલા વાનસ્પતિક વૈવિધ્યમાંથી વિશેષ કરીને મહિલાઓએ મનપસંદ ગુણો ધરાવતા પાકનાં બીજ સાચવી-સંવારી તેમનું ડોમેસ્ટીકેશન કરી જાતો વિકસાવી. છેલ્લી એકાદ સદીથી જાતો વિકસાવવાનું કામ અને તેમનો પ્રસાર આધુનિક સંશોધન કેન્દ્ર, સરકાર અને કંપનીઓ કરવા માંડ્યાં, તેનું બજાર ઊભું થયું અને 'દેશી' બીજ પર ખતરો મંડાયો, જેને ખાળવા દેશમાં હજારો ખેડૂતો અને સંસ્થાઓ 'દેશી' બીજના સંરક્ષણ માટે કામ કરે છે. માનવજાતના ભવિષ્ય માટે આવું મહત્ત્વનું કામ કરનાર ખેડૂતો અને સંસ્થાઓને પ્રોટેક્શન ઓફ પ્લાન્ટ વેરાઈટીઝ એન્ડ ફાર્મર્સ રાઈટ્સ (PPVFR) ઓથોરિટી તરફથી એવોર્ડ પણ અપાય છે. કેન્દ્ર સરકારે પણ તેમને પદ્મશ્રીથી નવાજ્યા છે. 'ભારત બીજ સ્વરાજ મંચ' નામના એક અનૌપચારિક સંગઠનના ૧૮થી વધુ રાજ્યોના અઢીસોથી વધુ સભ્યો હજારો પ્રકારનાં 'દેશી' બીજ સાચવવાનો દાવો કરે છે. એમની સાદી સમજ મુજબ સ્થાનિક ખેત-પર્યાવરણમાં નીવડેલું, પેઢીઓથી પસંદગીપૂર્વક સચવાયેલું, બજારમાં ન વેચાતું, સંશોધન કેન્દ્ર દ્વારા 'સંશોધિત' ન હોય તેવું બીજ 'દેશી' ગણાય છે.

હરિયાળી ક્રાંતિ દરમિયાન ફર્ટીલાઇઝર રિસ્પોન્સિવ જાતો તૈયાર કરાઈ. રાસાયણિક ખાતરો, જંતુનાશકો અને પિયતનો મારો ચલાવો એટલે વધુ ઉત્પાદન આપે તેવી સુધારેલી અને સંકર જાતો વિકસાવવામાં આવી. હવે જ્યારે કૃષિ રસાયણોની મર્યાદા દેખાવા માંડી અને દેશ પ્રાકૃતિક/સજીવ ખેતી તરફ આગળ વધવા માંડ્યો છે ત્યારે 'દેશી' બીજ તરફનો વાયરો વાયો છે. 'દેશી' બીજ પ્રત્યેના ભાવનાત્મક રોમાંચની સાથે તેની માંગ વધતાં તે ય હવે બજારમાં વેચાય છે. વળી, ઘણી વાર 'દેશી'ના નામે અશુદ્ધ, રોગગ્રસ્ત, નબળું બીજ આવી જવાના, જાણે-અજાણે છેતરાવાના કે સીઝન નિષ્ફળ ગયાના કિસ્સા ધ્યાનમાં આવ્યા છે. ઘણાં લોકો એ ભ્રમમાં પણ રાચે છે કે, ગમે ત્યાંનું 'દેશી' બીજ ગમે ત્યાં વાવીએ તો પણ સારું પરફોર્મન્સ આપે. જ્યારે હકીકતે 'દેશી' બીજના ગુણ-પ્રાગટ્યને જે તે એગ્રોઈકોલોજી સાથે સીધો સંબંધ હોય છે. હવે આ મુદ્દે વિવેકપૂર્વકની વૈજ્ઞાનિક સમજની જરૂર છે.

ઘઉં-ચોખાની સરખામણીમાં બાજરો, કોદરા અને બાવટાને માટે, લંબતારી હિર્સુટમ કપાસની સરખામણીમાં વાગડમાં થતા ટૂંકા તારવાળા હર્બેશિયમ કપાસ માટે, કલમી આંબા/બોરની સરખામણીમાં ગોટલા/ઠળિયાથી ઉછેરેલા રોપ માટે, તાઈવાન પપૈયાની સરખામણીમાં મધુબિંદુ જેવી જાતો માટે, મીઠી સ્વીટકોર્ન મકાઈની સરખામણીમાં લોટ કરવા વપરાતી મકાઈ માટે 'દેશી' શબ્દ વપરાય છે. આ 'દેશી' શબ્દની અનેક અર્થ-છાયા હોઈ 'દેશી બીજ'ની સમજ અસ્પષ્ટ રહે છે.

સિંધ પ્રદેશનો 'દેશી' બાજરો પ્રખ્યાત છે. શું પાકિસ્તાનના જન્મ પછી તે 'વિદેશી' થઈ ગયો? સોસા ટુંગબેટ નામની રાજમાની જાત પહેલાં 'વિદેશી' હતી અને ૧૬મી મે, ૧૯૭૫થી સિક્કિમ ભારતમાં ભળ્યું ત્યારથી 'દેશી' થઈ ગઈ? કચ્છના ખેડૂત માટે ૩૦૦ કિલોમીટર દૂર આવેલો સિંધનો બાજરો 'વિદેશી' અને ૩૦૦૦ કિલોમીટર દૂર આવેલ નાગાલેન્ડનું મરચું 'દેશી' ગણીશું? હકીકતમાં બાજરો અઢી હજાર વર્ષ પહેલાં આફ્રિકાથી સિંધુ ખીણની સંસ્કૃતિમાં પ્રવેશ્યો. મેક્સિકોના ખેડૂતોએ સાત-આઠ હજાર વર્ષ પહેલાં મરચાંની ખેતી શરૂ કરી અને પોર્ટુગીઝો દ્વારા ૧૭મી સદીમાં (આશરે ૪૦૦ વર્ષ પહેલાં) ભારત આવ્યું!! હવે મરચાંને 'વિદેશી' કહેવાં કે 'દેશી'? હરિયાળી ક્રાંતિ પહેલાં ઘઉંની ઊંચી જાતો પવનથી ઢળી પડતી અને પાકવા આવેલા અનાજનો બગાડ થતો. મેક્સિકોથી લાવેલા જર્મપ્લાઝમને આધારે ઘઉંની ઠીંગણી જાતો પ્રચલિત થઈ. તે પશુ માટે ચારો ઓછો આપે તો પણ ખેડૂતોને તે પસંદ પડી. લોકભારતીએ તૈયાર કરેલ ઘઉંની લોક-૧ જાતનું મૂળ લોહી મેક્સિકોથી આવેલું છે. ભારતનાં અનેક રાજ્યોના ખેડૂતો ત્રણ-ચાર દાયકાથી તેને વ્યાપક રીતે વાવી રહ્યા છે. ઘણા ખેડૂતો તેનું બીજ જાતે પેદા કરીને સાચવતા. આ બીજ સામે આપણને શો વાંધો છે?

વિશ્વવ્યાપી ભ્રમણ કરીને રશિયન વિજ્ઞાની વેવિલોવે સૌ પ્રથમ વાર કયા પાકનો જન્મ ક્યાં થયો છે, તેનું દસ્તાવેજીકરણ કર્યું. તે પછીનાં વરસોમાં પુરાતત્ત્વનાં સંશોધનો, કાર્બન ડેટિંગ અને મોલેક્યુલર બાયોલોજીને આધારે આજે નવાં નવાં તથ્યો બહાર આવી રહ્યાં છે અને હજી આવતાં રહેશે. રામ/લક્ષ્મણ/હનુમાન/સીતાફળ અને કૃષ્ણફળનો ઉદ્ભવ અમેરિકામાં થયો છે! આજના ભારતે તુવેર, શેરડી, કેરી, રીંગણ, રાયડો, ડાંગર, હળદર, મરી, લીંબુ, બોર જેવા પાકો વિશ્વને આપ્યા છે અને મકાઈ, ઘઉં, જુવાર, બાજરો સમેતનાં લગભગ તમામ ધાન્યો, મોટાભાગનાં કઠોળ, ફળો અને બટેટા સમેતનાં શાકભાજી અન્ય ભૌગોલિક વિસ્તારોમાંથી લીધાં છે. દરેક પાક અને તેમની જાતોની હેરફેરનો ઇતિહાસ રસપ્રદ છે. આજે વપરાતાં બીજ હરતી-ફરતી ખેત-વસાહતો, મુસાફરો, સાગરખેડુ, વિદેશી શાસકો, વેપારીઓ, ખેડૂતો અને પાછળનાં વરસોમાં સંશોધકો દ્વારા, પીપડાં-કોથળા-ઓજારો દ્વારા તથા પશુ-પક્ષીઓ, જળમાર્ગો, પવન દ્વારા જાણ્યે-અજાણ્યે વિશ્વભરમાં ફેલાયાં છે. તે પછી હજારો વર્ષો સુધી નવા વાતાવરણને અનુકૂળ થયાં અને તેમાંથી સ્થાનિક જૈવ-વિવિધતા પણ ઊભી થઈ! આ ખેત-પાકો અને તેમની જાતોની વિશ્વયાત્રા વિનાની રસહીન અને સ્વાદહીન દુનિયા આપણને માફક આવે ખરી? આ 'વિદેશી' પાકો અને બીજ આપણાં રસોઈશાસ્ત્ર, આરોગ્યશાસ્ત્ર, વિધિ-વિધાન અને સંસ્કૃતિના અનિવાર્ય અંગ બની ચૂક્યાં છે. એટલું સમજી લઈએ કે પૃથ્વી નામના આ ગ્રહ(ઘર)માં જે કંઈ પાક અને બીજની વિવિધતા ઊભી થઈ છે તે વિશ્વ-નાગરિક તરીકે આપણા સૌની સહિયારી મૂડી છે. તેને શોષણમુક્ત રીતે વાપરવી એ સૌનો અધિકાર છે તથા તેનું સંવર્ધન-જતન કરવું તે આપણા સૌની ફરજ છે. અલબત્ત, આડેધડ હેરફેર ભારે જોખમો ઊભાં કરી શકે છે. નિંદણ-રોગ-જીવાતનો ફેલાવો અટકાવવા હેરફેર માટેના કાયદા પાળવા જોઈએ.

ટૂંકમાં, રાજકીય સરહદો, સમયની હદ, પ્રજનનની રીત, બજારનું કે ઘરનું, વૈજ્ઞાનિક દ્વારા સંશોધિત કે ખેડૂત પરિવારની પરંપરા દ્વારા સચવાયેલ જેવા કોઈ માપદંડથી 'દેશી' બીજ વ્યાખ્યાયિત કરી શકાય તેમ નથી. 'દેશી'ની ઘેલછામાં 'સ્વદેશીપણા'નો ભાવ તો ભ્રામક છે જ. બીજ ભારતનું હોય, ખેડૂતે પકવેલું હોય, બજારમાંથી ખરીદેલું ન હોય એટલે સારું; અને વિદેશનું હોય, સંશોધન કેન્દ્ર દ્વારા સંશોધિત હોય, કંપનીઓનું હોય એટલે નઠારું તેવો અભિગમ અવૈજ્ઞાનિક છે.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

તો પછી સવાલ એ થાય કે સજીવ/પ્રાકૃતિક ખેતીમાં કેવું બીજ પસંદ કરવું? જનીન રૂપાંતરિત (દા. ત. બીટી. કપાસ, એચ.ટી. કપાસ) બીજ તો ન જ વપરાય. સજીવ/પ્રાકૃતિક ખેતીથી પકવેલ બીજ ન મળે તો રાસાયણિક ખેતીનું કે રસાયણોની માવજત આપેલ બીજ ન છૂટકે ધોઈ-સૂકવી અને જૈવિક માવજત આપીને વાપરી શકાય. કંપનીઓના પેટન્ટવાળું બીજ વાપરવામાં આપણું સાર્વભૌમ અને સ્વતંત્રતા જોખમાઈ શકે. કંપની હોય કે ખેડૂત અજાણી જગ્યાએથી બીજ ખરીદવા કરતાં અનુભવસિદ્ધ અને પાછલે વરસે જાતે પાક જોયો હોય તેવું બીજ વધુ ભરોસાપાત્ર ગણાય. શાણો ખેડૂત અજાણ્યું બીજ માત્ર અખતરા પૂરતું જ વાવે.

કોઈ પણ જાતના કૃત્રિમ રસાયણ વાપર્યા વિના સારું પાકે, સ્થાનિક આબોહવા-જમીન-પાણી અને ખેતીની પદ્ધતિઓ (આચ્છાદન, મિશ્રપાક, પાકની ફેરબદલી)માં માફક, બીજા પાક સાથે હરીફાઈને બદલે સંગાથ કરે, ફાલ આવવાનો સમય, પાકવાનો સમય, બદલાતા હવામાન અને ખેડૂતની વ્યવસ્થા-શક્તિને માફક આવે તેવું બીજ વાપરવું. આપણી પરિસ્થિતિમાં પાણીની અછત, ખારાશ, રોગ-જીવાત-પૂર-દુષ્કાળ-વાવાઝોડાં અને પક્ષી-જાનવરના રંજાડ સામે ટકે તેવું બીજ પસંદ કરવું. સારી ગુણવત્તાવાળું બીજ ભૌતિક અને જનીનિક રીતે શુદ્ધ, સારી રીતે પોસાયેલું, સડ્યા કે તૂટ્યા વગરનું, દાંત વડે દબાવતાં તડ અવાજ સાથે તૂટે તેટલા જ ભેજવાળું અને સારી સ્ફુરણશક્તિવાળું હોય છે. તેના બધા છોડ એકસરખા ઊગે અને બીજે વરસે પણ તે જ લક્ષણો દેખાય. જાતે બીજ પકવી શકાય અને બજાર પર આધાર ન રાખવો પડે તે મહત્ત્વનું છે. ગુણવત્તા બાબતે રંગ, રૂપ, સ્વાદ, સોડમ, રાંધવામાં અનુકૂળતા, પોષક તત્ત્વો વગેરેનો વિચાર કરી જ લેવો. જો પેદાશ ગ્રાહકને વેચવાની હોય તો તેને પસંદ પડે તેવું અને માંગ-ભાવને આધારે બીજ પસંદ કરવું.

પ્રાકૃતિક ખેતીના વિજ્ઞાન આધારિત પ્રસાર માટે બીજ મોરચે 'દેશી'ના ભાવનાત્મક આકર્ષણથી મુક્ત થઈ બે પડકારો ઉપાડવાની અનિવાર્યતા છે. એક, સ્થાનિક રીતે લભ્ય જર્મપ્લાઝમના સંરક્ષણમાં લાગેલાં ખેડૂતો, સમુદાયો અને સંસ્થાઓને ટેક્નિકલ તાલીમ અને સ્રોતો પૂરાં પાડવાં. બીજું, નીવડેલાં ખડતલ બીજનું ટેસ્ટીંગ કરી તેનું જથ્થાબંધ ઉત્પાદન કરી ખેડૂતોને ઉપલબ્ધ કરાવવું. અને આ કામ માટે સારાં પ્લાન્ટ-બ્રીડર્સની ભૂમિકાને ઉવેખી ન શકાય.

-કપિલ શાહ

રાલ્ફ વાલ્ડો... (પાન ૧૪નું ચાલુ)

તેની ચેતના વચ્ચેના પત્રવ્યવહારને ઉજાગર કરવાની એક ચિંતિત વિજ્ઞાનીની ક્ષમતાથી તેઓ આપણને આકર્ષે છે. 'ધ બેસ્ટ રીડ નેચરલિસ્ટ', એમરર્સનના તત્ત્વચિંતનની પરિપક્વતામાં પ્રાકૃતિક ઇતિહાસના અભ્યાસના મહત્ત્વપૂર્ણ પ્રભાવને પ્રકાશિત કરે છે.

paryavaran.santri@gmail.com **- યાત્રી બક્ષી**

સંદર્ભ : ઇન્ટરનેટ ઉપર ઉપલબ્ધ માહિતીઓ, સંશોધન લેખો અને સંગ્રહસ્થાનો

અમજદઅલી ખાં કહે છે, દુર્ગાદેવી રડી રહી છે!

અમદાવાદમાં ચાલી રહેલા ૧૩ દિવસના શાસ્ત્રીય સંગીતના ઉત્સવ સપ્તકમાં ગઈ કાલે વિખ્યાત સરોદવાદક અમઝદ અલી ખાંનું સરોદવાદન હતું. ૭૯ વર્ષના આ મહાન સંગીતકારે મહાત્મા ગાંધીને યાદ કરીને સૌ પ્રથમ વૈષ્ણવ જન ભજન અને પછી રઘુપતિ રાઘવ રાજા રામ ધૂન સરોદ પર વગાડી.

પછી તેમણે બહુ મહત્ત્વની વાત કરી. તેમણે કહ્યું કે, ''બીજા બધા દેશોની વાત છોડો, આપણા ભારત દેશમાં આ શું થઈ રહ્યું છે ! રોજ સાંભળવા મળે છે કે મહિલાઓ પર બળાત્કાર થાય છે, તેમને ગટરમાં ફેંકી દેવામાં આવે છે, નદીનાળાંમાં ફેંકી દેવામાં આવે છે, સળગાવી દેવામાં આવે છે! એ દેશમાં કે જ્યાં સ્ત્રી દેવી તરીકે પૂજાય છે ત્યાં આ બધું થઈ રહ્યું છે એ ખરેખર બહુ જ દુ:ખદ છે.''

''આપણે દુર્ગાદેવીને પૂજીએ છીએ અને છતાં આ બધું થઈ રહ્યું છે એનાથી દુર્ગાદેવી રડી રહી છે.'' એમ પદ્મશ્રી, પદ્મભૂષણ અને પદ્મવિભૂષણ મેળવનારા આ મહાન સંગીતકારે કહ્યું. આશરે ૬૦૦ શ્રોતાઓથી ભરચક સ્થાનમાં અમઝદ અલી ખાંએ છેલ્લે રવીન્દ્રનાથ ટાગોરનું 'એકલો જાને રે' વગાડ્યું. એમ કરીને એમણે દૂષણો સામે લડવાની પણ આડકતરી રીતે હાકલ કરી. શ્રોતાઓએ કાર્યક્રમને અંતે રાતે એક વાગ્યે ઊભા થઈને તાળીઓ પાડીને આ વયોવૃદ્ધ સંગીતકારનું અભિવાદન કર્યું.

મહાન રશિયન સાહિત્યકાર લિયો ટોલ્સટોય(૧૮૨૮-૧૯૧૦) દ્વારા ૧૮૯૭માં લખવામાં આવેલા પુસ્તક 'કળા એટલે શું?'માં કહેવામાં આવ્યું છે કે, ''કળાનો જે ઇરાદો છે તે એ રહી નથી, પણ નવરા માણસોના ખોખલા આનંદનું સાધન બની ગઈ છે.'' અમઝદ અલી ખાંએ તેમના એક કલાકથી વધુ સમયના ગઈ મધરાતના સરોદવાદનને અત્યાચારોથી અસરગ્રસ્ત મહિલાઓને અર્પણ કરીને પોતે ટોલ્સટોયના આરોપીના પાંજરામાં નથી તેમ જ 'કલા ખાતર કલા'ના સિદ્ધાંતની નિતાંત પેલે પાર છે એમ આબાદ સાબિત કરી દીધું!

ટોલ્સટોય કહે છે કે, ''સૌંદર્યની પૂજાએ સાંસ્કૃતિક બાબતોનું મૂલ્યાંકન કરવા માટેના માપદંડ એવી નૈતિકતાની અવહેલના કરી છે.'' અમઝદ અલી ખાંએ સરોદના સૌંદર્ય દ્વારા ગઈ મધરાતે નૈતિકતાને કલાના માપદંડ સ્વરૂપે પ્રસ્થાપિત કરવાની અંધકારમય દેશમાં ભારે કોશિશ કરી!

કલાને અને સાહિત્યને માત્ર મનોરંજનનું સાધન બનાવી દેવામાં આવ્યું છે એવા આજના જમાનામાં અમઝદ અલી ખાં સાહેબની સામાજિક નિસબતને સો સો સલામ!

લખ્યા તા.૧૦-૦૧-૨૦૨૫ **- પ્રો. હેમંતકુમાર શાહ**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

'થપ્પો- ધ મ્યુઝિકલ'

સ્વસ્થ સમાજના પાયારૂપ કેળવણી અને બાળઉછેર માટે જેઓ ચિંતિત અને સતત કાર્યરત છે, તેઓનાં હૈયે ખુશી અને આંખમાં આશાનું કિરણ ચમકાવનાર કાર્યક્રમ 'થપ્પો - ધ મ્યુઝિકલ'ની વાત આજે કરવી છે. અમદાવાદમાં અભિવ્યક્તિ જૂથ દ્વારા પ્રમાણિત અને અનુદાનિત આ કાર્યક્રમ 'અભિવ્યક્તિ સિઝન- ૬' ના આયોજન દરમિયાન વર્ષ ૨૦૨૪ના અંતિમ મહિનાઓમાં તા. ૨૩ નવેમ્બર અને ૩ તેમજ ૭ ડિસેમ્બર એમ ત્રણ વખત યોજાયો, જેણે માત્ર અમદાવાદના કલારસિકોને જ નહીં, અમદાવાદ બહારથી પણ કલા અને શિક્ષણ-રસિકોને આકર્ષિત કર્યા. વ્યક્તિગત રીતે તો વાલીઓ પોતાનાં બાળકોને આ કાર્યક્રમ જોવા-માણવા લાવ્યાં જ પરંતુ, અમદાવાદની સ્થાનિક તેમજ અમદાવાદ બહારથી પણ કેટલીક સંસ્થાઓ ખાસ આ કાર્યક્રમ જોવા, સાંભળવા પોતાનાં બાળકોને લઈને આવી, એ આ કાર્યક્રમની સફળતા જ કહી શકાય.

'થપ્પો-ધ મ્યુઝિકલ' એટલે દરેક ઉંમરના બાળકને ઝૂમાવનાર સંગીતમય કાર્યક્રમ. આમ જુઓ તો માત્ર મોજમસ્તી જ, પણ જો એને આજની સામાજિક અને શૈક્ષણિક પરિસ્થિતિના સંદર્ભમાં જોઈએ તો, એક વખત જરા થોભીને વિચાર કરવા પ્રેરતી લાલબત્તી. થપ્પો એટલે છુપાઈ જવું, છુપાયેલાઓને શોધવા અને શોધી ન શકે તો દાવ આપનારનારાનો જ થપ્પો કરી દેવાની મોજીલી રમત.'થપ્પો - ધ મ્યુઝિકલ' એટલે વિસરાઈ રહેલાં બાળગીતોને તાજાં કરવાની જહેમત. જો આમ નહીં થાય તો ભાવી પેઢીને સંસ્કાર અને સંસ્કૃતિ 'થપ્પો' કહી દે એ દિવસો હવે દૂર નથી. અને એટલે જ એની મંચ પરની પ્રસ્તુતિ અને સામાજિક પ્રસ્તુતિની વાત આજે કરવી છે.

એક સમયે બાળપણ મુક્ત હતું. બાળપણ એટલે બસ ખાવું-પીવું, ગાવું ને રમવું. બાળપણમાં ગીત, વાર્તા કે નાટક જેવી પ્રવૃત્તિઓની મોજ દ્વારા જીવનના કંઈ કેટલાય પાઠો આપમેળે શીખાઈ જતા. પણ આજે બાળપણ એટલે ભણવું અને ભણવું એટલે માત્ર લખવું, વાંચવું, ગોખવું અને ઓકવું, એવી સમજ વ્યાપક બની છે ત્યારે 'જીવન' શિક્ષણથી છૂટું પડી ગયું છે. એક સમયે બાળક ઘોડિયામાં હિંચકતું હોય ત્યારે માને કંઠેથી હાલરડાં અને વિવિધ દૈનિક ક્રિયાઓ વખતે જોડકણાં સરતાં. માતા-પિતા, દાદા-દાદી કે શાળાનાં શિક્ષકો બાળગીતો અને બાળવાર્તાઓ

દ્વારા બાળકમાં હિંમત અને આત્મવિશ્વાસનું આરોપણ કરતાં. એ દ્વારા માત્ર માહિતી જ નહીં, જીવનનું ટોનિક કહી શકાય એવાં સંગાથની, સ્પર્શની, હૈયાની હૂંફ મળતી. આજે પરિવારો વિભક્ત થયા છે, માતા-પિતા પાસે સમય નથી અથવા એમના સમયને મોબાઈલ સ્વાહા કરી રહ્યો છે ત્યારે, એલેક્સાને માથે બાળકોને ગીત-વાર્તા કહેવાની જવાબદારી છે. એલેક્સાના અવાજમાં મીઠાશ છે પરંતુ, પરિવારજનો તરફથી મળતો સ્પર્શ અને હૂંફ એમાંથી મળતાં નથી. આ પરિસ્થિતિમાં એક યુવાન, નામે સ્મિત ભટ્ટ કે જેણે સંગીતમાં અનુસ્નાતકની પદવી મેળવી છે, એને વિચાર આવ્યો કે,'બાળકોને એના હક્કનાં બાળગીતો મળવાં જ જોઈએ.' એના એ વિચારને અમલમાં મૂકી શકે એવો સફળ સાથ મળ્યો 'અભિવ્યક્તિ'નો.

અભિવ્યક્તિ એટલે ટોરેન્ટ કંપનીના સી.એસ.આર.નું કલાત્મક સાહસ. સામાન્ય રીતે સી.એસ.આર. એટલે કોઈ ગામડામાં નાનીમોટી ચીજવસ્તુઓનું વિતરણ કે કોઈ એકાદ બે ગામોની શાળાઓમાં ખૂટતું હોય તેનું પૂરણ કરવું એવું જ બનતું હોય છે. પણ, ટોરેન્ટ કંપનીના દ્રષ્ટિવંત હોદ્દેદારોએ મનુષ્યજીવનની ખુશીનો આધાર એવી વિવિધ કલાઓને પ્રોત્સાહિત કરવાનું વિચાર્યું અને એક ચોક્કસ સ્તર જળવાઈ રહે એ માટે કમર કસી. અભિવ્યક્તિની પાંચ વર્ષની સફળતા એટલે સેંકડો અરજીઓ, ઈન્ટરવ્યુ, ઓડિશન, બજેટ મિટિંગ.... આવા વિવિધ તબક્કામાંથી પસાર થઈને જે થોડાં કલાકાર પસંદગી પામે એ પસંદગી એને માટે એક ખાસ એવોર્ડથી ઓછું નથી જ.

સ્મિતના પરિવારમાં બાળગીતો, પ્રેરણા ગીતો, ઊર્મિ ગીતો, શાસ્ત્રીય સંગીતનો માહોલ દાદીના સમયથી જ. પણ, ભાણીબાને બાળગીતો સંભળાવતાં, રમાડતાં એની મોજ જોઈને સ્મિતને થયું કે, બાળગીતો વિસરાય તે ન ચાલે. જે મને મળ્યું છે, જે મારી ભાણીને મળે છે, તે બધાં બાળકોને મળવું જોઈએ. એ પણ એલેક્સા દ્વારા નહીં, બાળકનાં પરિવારજનો તરફથી જ. એનો આ વિચાર અભિવ્યક્તિ સંચાલકોને સ્પર્શી ગયો અને તેથી જ આપણને મળ્યો એક સુંદર, ઝૂમાવનાર કાર્યક્રમ

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

'થપ્પો-ધ મ્યુઝિકલ'. આ કાર્યક્રમમાં સ્મિતના મધુર અવાજમાં ગવાતાં અવનવાં બાળગીતો સાથે આબાલવૃદ્ધ સહુ કોઈનું મન ઝૂમી ઊઠે છે. સ્મિત અને તેના સાથીઓએ ગીત સંગીતના આ કાર્યક્રમને જરા નાટ્યાત્મક રૂપ આપીને વધુ રસપ્રદ તો બનાવ્યો જ છે પણ એ દ્વારા,'દરેક માતાપિતા પણ આ રીતે બાળકને ગીતો દ્વારા ગમ્મત કરાવીને ઘણું બધું શીખવી શકે છે' એવો બાળઉછેર અને કેળવણીનો બહુ ઉપયોગી સંદેશ આપ્યો છે. ચંચળ બાળકો સાથે મસ્તી મજાક અને સંવાદ કરતા સ્મિત અને સાથી યુવાનની પાંચ બાળકોને સાચવવાની મથામણ ઉપરાંત સાજીંદાઓ અને સાથીઓની સૂરીલી સંગતથી એક કલાકનો સમય ચપટી વગાડતાંમાં જ સરી જાય છે. પણ એની અસર દિવસો સુધી આપણી અંદર રહેલા બાળકને ખુશ રાખે છે. ત્યારે, બાળકોને આનંદમય બાળપણ આપવાનો સ્મિતનો વિચાર દિલથી બિરદાવવાનું મન થાય જ ને!

સ્મિત અને એનાં સાથીઓએ આ કાર્યક્રમમાં- 'અમે ફેરફુદરડી ફરતાં'તાં' અને 'તને ચકલી બનાવી દઉં' - ગીતો દ્વારા બાળકોને ગમ્મત કરાવી છે. હું દોડું તો દોડે મારો પડછાયો - ગીત દ્વારા વિજ્ઞાનની સમજ આપી છે. હમ્પા હમ્પા- ગીત દ્વારા પ્રાદેશિકતાની ઝલક આપી છે. પર્વત તારા પહોળા ખંભા- દ્વારા ઈશ્વરે આપેલી વસ્તુઓ માટે એનો આભાર માનવો અને આ આખી સૃષ્ટિ જ પરમતત્ત્વ છે એવો સરસ સંદેશ આપ્યો છે. હાંરે દોસ્ત હાલો દાદાજીના દેશમાં- હાલરડા દ્વારા સ્વપ્ન અને કલ્પનાપ્રદેશની સફર કરાવી છે. તો, નાના થૈને - દ્વારા માતાપિતા કે દાદા-દાદીના સાથની ઝંખના વ્યક્ત કરી છે. બાળપણ કેવું હોવું જોઈએ? અને 'મુક્તતા બાળકને વિકસાવવામાં ઉપયોગી છે' એવો સંદેશ આપતું જોશીલું ગીત - બંદો દોડે દોડે- ને આ કાર્યક્રમમાં લઈને તો કમાલ કરી છે. ખરેખર અભિનય, ગાયન, ગીતોની પસંદગી સાથે સમગ્ર પ્રસ્તુતિ કલાત્મક જ નહીં, હૃદયસ્પર્શી પણ છે.

ગુજરાતી ભાષાનો સમૃદ્ધ બાળસાહિત્ય વારસો જાળવવાનો અને એ દ્વારા બાળપણને સમૃદ્ધ બનાવવાનો આ પ્રયાસ અભિવ્યક્તિ અને સ્મિત ભટ્ટે કર્યો છે તે કાબિલે દાદ છે. સ્મિત આ અભિયાનમાં સફળ રહે એ માટે સમાજ અને ખાસ કરીને શિક્ષણજગતે હાથ ફેલાવીને એને આવકારવાની જરૂર છે. જોકે એની શરૂઆત કેટલીક સંસ્થાઓ અને વ્યક્તિઓએ કરી પણ છે. તેઓ, અમદાવાદ ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસમાં મંચન પામેલ આ કાર્યક્રમને પોતાના શહેરમાં, સંસ્થામાં લઈ જવા માટેનું બુકિંગ કરવા ઉત્સુક જ નહીં, તલપાપડ છે એ આનંદની વાત છે. આશા રાખીએ કે ગુજરાતભરમાં આ કાર્યક્રમ યોજાય. બાળકો, વાલીઓ અને શિક્ષકો આ કાર્યક્રમ જુએ, સાંભળે, માણે અને એમાંથી પ્રેરણા લઈ ઘર તેમજ બાળમંદિરોમાંથી ખોવાતાં જતાં સંસ્કાર અને સંસ્કૃતિનાં વાહક એવાં હાલરડાં, બાળગીતો, જોડકણાં ફરી જીવંત થાય; જે દ્વારા ફરી આપણે સ્વસ્થ સમાજ- રચનાની સાચી દિશા તરફ ડગ માંડીએ.

અભિવ્યક્તિ અને સ્મિતને એક ઉત્તમ પહેલ માટે ફરી ફરીને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ.

- મિતા ઝવેરી

વિવિધતા કાજે એકતા સંમેલન

તાજેતરમાં પર્યાવરણ સંત્રી અમદાવાદ દ્વારા તારીખ ૫મી ડિસેમ્બર આંતરરાષ્ટ્રીય સ્વૈચ્છિક સેવા દિનના રોજ પર્યાવરણકર્મીઓનું એક સંમેલન યોજાઈ ગયું. વિવિધતા કાજે એકતા હેતુથી પ્રકૃતિ સંવર્ધન ક્ષેત્રે અનુભવો અને મર્યાદાઓની આપ-લે માટેના પર્યાવરણ સંત્રી દ્વારા શરૂ કરવામાં આવેલા આ એકતા મંચનું આયોજન સતત ત્રીજા વર્ષે પણ સફળ રહ્યું. તેમાં રાજ્યભરમાંથી ૭૦ જેટલા પર્યાવરણસેવકોએ હાજરી આપી.

આ વર્ષે પર્યાવરણ સંત્રી સંસ્થાની પરંપરા મુજબ પ્રકૃતિ સંવર્ધન અથવા તો પર્યાવરણ જાગૃતિ ક્ષેત્રે ૪૦થી વધુ વર્ષોથી નોંધપાત્ર યોગદાન આપનાર બે વરિષ્ઠ સેવકોનું પણ સન્માન કરવામાં આવ્યું. સંસ્થા આપણી પરંપરાના ભાગ રૂપે મૂલો નાસ્તિ કુતો શાખાના સિદ્ધાંતે, દર વર્ષે પર્યાવરણ ક્ષેત્રનો લાંબો અનુભવ ધરાવનારા સહયોગી વરિષ્ઠોનો આભાર વ્યક્ત કરે છે, જેઓએ પ્રકૃતિ સંરક્ષણ ક્ષેત્રે સ્વૈચ્છિક સેવા દ્વારા પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું હોય. આ વર્ષે ભૂમિપુત્રના સંપાદક આદરણીય રજનીભાઈ દવેનું સન્માન કરવામાં આવ્યું. તેઓ ગુજરાતના એવા જ્ઞાનપિપાસુ એન્જિનિયર છે જેઓ ખાસ તો રગેરગથી વાચક-લેખક-સંપાદક છે. તેઓ પર્યાવરણ-લક્ષી વિષયો પર ગુજરાતી સમાજને વૈજ્ઞાનિક અને વિચારણીય સરળ ભાષામાં માહિતીનો ભંડાર ઉપલબ્ધ કરાવતા રહે છે. તેમનાં કેટલાંક પ્રકાશનો જે સૌ કોઈ પાસે હોવાં જોઈએ, તેમાં - કોરોના મહામારી, કેન્સર અને પર્યાવરણ, ગ્લોબલ વોર્મિંગ - ગ્લોબલ વોર્નિંગ, ક્લાઈમેટ ચેન્જ - ક્લાઈમેટ ક્રાઈસીસ, નર્મદા પરિયોજના એક અભ્યાસ; માનવીય ટેકનોલોજી ફોરમના વિશેષાંકો જેવા કે ધરતીકંપ, સજીવ વિકાસ, નદી જોડાણ યોજનાઓ, ઊર્જાપથ અને ભૂમિપુત્ર મેગેઝિન જે દર ૧૫ દિવસે પ્રકાશિત થાય છે.

એ જ રીતે દાહોદના એક જ વન્યજીવ વિષે સતત અભ્યાસ કરતા અજયભાઈ દેસાઈનું સન્માન કરવામાં આવ્યું. જેઓએ કુદરતના અત્યંત શાંત, મૌન અને મૂકસેવક એવા સાપ વિષે સૂક્ષ્મ અભ્યાસ, લેખન અને માહિતીનું સંકલન કરેલું છે. એમનું પુસ્તક 'સર્પ સંદર્ભ' ગુજરાતનું સર્વ-પ્રથમ અને એકમાત્ર પુસ્તક છે જેની પાંચ આવૃત્તિ પ્રકાશિત થઈ ચૂકી છે અને આ પુસ્તક આદિવાસી અંતરિયાળ કે ગુજરાતમાં હજારો લોકોને આજે પણ સાપ બચાવ કાર્યમાં ઉપયોગી થઈ રહ્યું છે. આ પુસ્તક વર્ષો સુધી એક લેખમાળા રૂપે અમારા મેગેઝિનમાં પ્રકાશિત થતું રહ્યું અને ગામડાઓની શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સાપ વિષેની માન્યતાઓમાંથી સાચી સમજ આપતું રહ્યું. તેઓએ ૧૯૮૪માં કેટલાક મિત્રો સાથે મળી દાહોદમાં પ્રકૃતિ મિત્ર મંડળની સ્થાપના કરી, જે યુવા પેઢીઓને પ્રકૃતિલક્ષી જીવન અને અંતરિયાળ ગામડાઓની શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સાપ વિષેની માન્યતાઓમાંથી સાચી સમજ આપી રહ્યું છે.

તારીખ ૫મી ડિસેમ્બર આંતરરાષ્ટ્રીય સ્વૈચ્છિક સેવાદિન તરીકે ઊજવાય છે. પર્યાવરણ સંત્રી સંસ્થાએ આ વર્ષે પણ કશી જ અપેક્ષા વગર સતત પ્રકૃતિ કાજે સેવા આપનારા સૌને એક મંચ પર લાવવાનો પ્રયાસ મજબૂત કર્યો.

તારીખ ૫ ડિસેમ્બરના રોજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ખાતે ૨૦૨૪ના વર્ષના વાર્ષિક સંમેલનમાં રાજ્યભરમાંથી ૭૦ જેટલા પર્યાવરણ-સેવકોએ હાજરી આપી.

પર્યાવરણ સંત્રી સંસ્થાનો 'વિવિધતા કાજે એકતા પ્રોજેક્ટ' ૨૦૨૨માં શરૂ થયો છે. અત્યાર સુધીમાં આ પ્રોજેક્ટમાં રાજ્યની ૩૦થી વધુ વર્ષોથી પ્રકૃતિ સંવર્ધન અને પર્યાવરણલક્ષી શિક્ષણ ક્ષેત્રે સક્રિય એવી અનાલા આઉટડોર્સ, વલ્લભવિદ્યાનગર નેચર ક્લબ અને પ્રકૃતિ મિત્ર મંડળ - દાહોદ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ આ પ્રોજેક્ટમાં સહયોગી સંસ્થા તરીકે જોડાઈ ચૂકી છે. આ પ્રોજેક્ટમાં જુદી જુદી ક્ષમતા અને પ્રતિભા ધરાવતા અનેક પ્રકૃતિમિત્રો સ્વેચ્છાએ સમય અને સામર્થ્ય વહેંચી રહ્યા છે. દર વર્ષે પર્યાવરણ સંત્રી પુરસ્કાર પ્રવૃત્તિ હેઠળ ગુજરાત-ભરમાંથી પ્રતિભાઓ પોતાનાં આવેદનો આપે છે.

કુલ ત્રણ શ્રેણીમાં વહેંચાયેલા અને દરેકમાં બે પેટા શ્રેણીમાં ભાગ લેવાની તક આપતા આ પુરસ્કાર પ્રકૃતિનાં તમામ પાસાઓમાં કાર્ય કરનારાઓને આવરી લે તેવો પ્રયાસ છે.

આ ત્રણ મુખ્ય શ્રેણીઓમાં પ્રથમ વન્યજીવ સંરક્ષણમાં પ્રથમ પેટા શ્રેણીમાં વન વિભાગના પાયાના વનકર્મીઓ - બીટ ગાર્ડ, ફોરેસ્ટર અને રેંજર્સને સન્માનિત કરાય છે અને તેના બીજા પેટા વિભાગમાં વનવિભાગના કાયદાઓને અનુસરી વન્યજીવ બચાવ માટે સેવા આપતા સ્વૈચ્છિક સેવકો સંસ્થાઓનો સમાવેશ થાય છે.

બીજી શ્રેણીમાં પરિસરીય વિજ્ઞાન ક્ષેત્રે સંશોધન અને સર્વેક્ષણ કરતા પ્રકૃતિપ્રેમીઓને આવરી લેવામાં આવે છે. અને ત્રીજી શ્રેણીમાં પર્યાવરણ ક્ષેત્રે સામાજિક પ્રભાવ ઊભો કરનાર વ્યક્તિઓ અને સંસ્થાઓને બે પેટા શ્રેણીઓ - પ્રથમ લોકભાગીદારી અને બીજી માધ્યમોના ઉપયોગથી પ્રભાવને આવરી લેવામાં આવે છે.

દર વર્ષે એપ્રિલથી જૂન માસમાં એક નિશ્ચિત ફોર્મેટમાં આવેદનો સ્વીકારવામાં આવે છે અને ૧૫ નિષ્ણાતોની બનેલી પેનલ તે આવેદનોને ત્રણ તબક્કે ચકાસી વિજેતા નિશ્ચિત કરે છે. પર્યાવરણ સંત્રી પુરસ્કારની ચયન પદ્ધતિમાં કેન્દ્રવર્તી સિદ્ધાંત - આપની પ્રતિભા, આપની પ્રતિબદ્ધતા છે એટલે કે આવેદનમાં આપવામાં આવેલી માહિતીને જ લક્ષ્યમાં રાખી તેની ક્ષેત્રીય ચકાસણીના આધારે જ વિજેતા જાહેર કરવામાં આવે છે.

અત્યાર સુધી આ પાંચ પ્રતિભાવાન પ્રકૃતિ સેવકોને સન્માનિત કરવામાં આવ્યા છે. જેમાં હાલમાં માંડવી રેન્જ સુરતમાં કાર્યરત રેન્જર - શ્રી એચ. જે. વાંદાને - પ્રથમ શ્રેણીમાં પર્યાવરણ સંત્રી સંરક્ષક પુરસ્કાર ૨૦૨૨, બીજી શ્રેણીમાં પક્ષી ચિકિત્સક - ગીધ અને ઘોરાડ પક્ષી સંવર્ધનમાં યોગદાન આપી રહેલા ડૉ. શશીકાંત જાદવને પર્યાવરણ સંત્રી સંશોધન પુરસ્કાર ૨૦૨૩ અને બીજી શ્રેણીમાં ૨૦૨૪નો સંશોધક પુરસ્કાર ડૉ. હર્ષિલ પટેલને ટેક્સનોમી માટે કે જેઓએ ગુજરાતમાં યુવા વયે એક વનસ્પતિ, ૧૩ સરીસૃપોમાં ૬ સાપ અને આઠ ગરોળીઓની ઓળખ કરી તેના સંરક્ષણ સંવર્ધન માટે અગ્રતા આપવા માટેનું અત્યંત મહત્ત્વનું યોગદાન આપ્યું છે.

ત્રીજી શ્રેણીમાં પ્રકૃતિ મિત્ર મંડળ દાહોદને પર્યાવરણ સંત્રી સંવાદક પુરસ્કાર-૨૦૨૩ અને ૨૦૨૪ માટે આ શ્રેણીમાં ભાવનગરના વનસ્પતિવિદ ડૉ. કે.ડી. મિતાલીયાને પર્યાવરણ સંત્રી સંવાહક પુરસ્કાર ૨૦૨૪થી સમ્માનિત કરવામાં આવ્યા. જેઓએ તમામ પ્રકારનાં સમૂહ માધ્યમોના ઉપયોગથી ગામે ગામ લોકોને વનસ્પતિ ઓળખતાં, તેના મહત્ત્વ ને સંવર્ધન માટે સતત માર્ગદર્શન આપવાની ૧૯૯૯થી શરૂ કરી અનેક મેગેઝિનોમાં ૧૦૦૦થી વધુ લેખોને ૭૦૦ વેબિનાર અને ૬૫ શિબિરો દ્વારા એક જુવાળ ઊભો કર્યો છે.

ગુજરાતમાં શરૂ કરાયેલ આ વિવિધતા કાજે એકતા મંચ એવો પ્રોજેક્ટ છે જેમાં પ્રકૃતિનાં વિવિધ પાસાઓમાં વિવિધ ક્ષમતાઓથી કાર્યરત લોકો એકબીજાના સંપર્કમાં આવે છે અને એક વાર્ષિક સંમેલનમાં વિજેતાઓ સહિત તમામનું સન્માન કરવામાં આવે છે. આ પ્રોજેક્ટનો એક મહત્ત્વનો હેતુ એ છે કે રાજ્યના તમામ વિસ્તારોમાં કાર્યરત સૌને પોતાની સેવાઓ અને પ્રવૃત્તિઓ માત્ર પ્રતીક યોગદાન ના રહેતાં, ચોક્કસ પરિણામલક્ષી બને તે માટે પ્રોત્સાહિત કરવાનો અને જે વિશેષ ક્ષેત્રમાં જેમને જે તાલીમ કે સહયોગની જરૂર હોય તે માટે એક મંચ ઉપર એકત્ર કરવાનો છે.

આ પ્રોજેક્ટના ડેટા દ્વારા એ સ્થાપિત થઈ ચૂક્યું છે કે હવે પર્યાવરણ એ સામાન્ય લોકોમાં અજાણ્યો પ્રશ્ન નથી રહ્યો અને અનેક લોકો આ ક્ષેત્રે સેવા આપે છે. હવે એક પગલું આગળ ભરવાનો સમય પાકી ગયો છે અને સૌ વૈજ્ઞાનિક અભિગમથી પરિણામલક્ષી પ્રયત્નો વધારે એ અત્યંત

(જુઓ પાન નં. ૨૩)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સ્ટેટ્સ ઓફ ટ્રી કવર ઇન અર્બન એરિયા ઓફ ગુજરાત : ૨૦૧૧ નું પાલન થાય છે ખરું?

ગુજરાત સરકારના વન વિભાગે એક સરાહનીય પહેલ કરેલી અને સ્ટેટસ ઓફ ટ્રી કવર ઇન અર્બન એરિયા ઓફ ગુજરાત : ૨૦૧૧ તૈયાર કરેલો. આ રિપોર્ટની પ્રસ્તાવનામાં તત્કાલીન વન અને પર્યાવરણ વિભાગના અગ્ર સચિવ સ્વ. એસ. કે. નંદાએ લખ્યું છે કે, અડધાથી વધારે ગુજરાતની વસ્તી શહેરો અને નાનાં-નાનાં નગરોમાં વસે છે. જેને લીધે કૃષિની જમીન બિનકૃષિમાં ફેરવાઈ તેમજ વૃક્ષોવાળી જગ્યાએ ઇન્ફ્રાસ્ટ્રક્ચર વધ્યાં છે. તદુપરાંત વેટ લેન્ડ (તળાવો)ને પૂરવામાં આવ્યાં છે તથા પ્રદૂષિત પણ થયાં છે. આ બધાંને લીધે જમીનની છિદ્રતા ઘટી છે. જમીનો ખોદવાથી પણ વૃક્ષોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. શહેરોમાં ઝાડ વધારવાં તે અનિવાર્યતા બનતી જાય છે. અલબત્ત, અમદાવાદ, વડોદરા, અને સુરતમાં વૃક્ષારોપણની ઝુંબેશ તો ચાલી પરંતુ, તેને કેટલી સફળતા મળી તે ચર્ચાસ્પદ મુદ્દો છે અને એટલે જ સ્ટેટસ ઓફ ટ્રી કવર ઇન અર્બન એરિયા ઓફ ગુજરાત : ૨૦૧૧ રિપોર્ટ અગત્યનો બની જાય છે. યોગ્ય આયોજન તેમજ ઊંચાં અને ઘટાદાર વૃક્ષો વાવવામાં આવે તેમજ તેની કાળજી અને માવજત કેવી રીતે લેવામાં આવે તેવી માહિતી આ રિપોર્ટમાં કરવામાં આવી છે. શહેરોમાં ગ્રીન કવરની પૂરતી અને યોગ્ય જાણકારી વૃક્ષારોપણ કરવા માટે જરૂરી બને છે.

તત્કાલીન મુખ્ય વન સંરક્ષક શ્રી પ્રદીપ ખન્નાએ આ રિપોર્ટમાં પ્રસ્તાવના બાંધતાં લખ્યું છે કે, આખા વિશ્વમાં શહેરોના વિકાસને લીધે જમીનની જરૂરિયાતો વધવાથી ટ્રી કવર ઘટ્યું છે. અલબત્ત, ગાંધીનગર, બેંગ્લોર, ચંડીગઢ, નવી દિલ્હી અને દહેરાદૂનમાં સંતોષકારક ટ્રી કવર જળવાઈ રહ્યું છે. તાપમાનને જાળવવા માટે તેમજ મકાનોને છાંયો મળી રહે તેમજ રાહદારીઓને પણ છાંયડો મળી રહે તે હેતુથી મોટા પ્રમાણમાં વૃક્ષારોપણ પર તેમણે ભાર મૂક્યો. વનમહોત્સવના ભાગરૂપે ગુજરાતમાં અગાઉ ગાંધીનગર ખાતે ૨૦૦૪માં પુનિત વન, અંબાજી ખાતે ૨૦૦૫માં માંગલ્ય વન, ૨૦૦૬ માં તારંગા ખાતે તીર્થાંકર વન, સોમનાથ ખાતે ૨૦૦૭માં હરિહર વન, ચોટીલા ખાતે ૨૦૦૮માં ભક્તિ વન, શામળાજી ખાતે ૨૦૦૯ માં શામળિયા વન, પાલીતાણા ખાતે ૨૦૧૦ માં પાવક વન અને ૨૦૧૧માં પાવાગઢ ખાતે વિરાસત વન તૈયાર કરવામાં આવ્યાં પરંતુ, આ બધા પ્રયત્નો છતાં પણ ગ્રીન કવર પૂરતા પ્રમાણમાં નહિ વધવાથી સરકારને પદ્ધતિસર આયોજન કરવાની જરૂરિયાત લાગી.

ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા અગાઉ ૨૦૦૩ અને ૨૦૦૯માં ગ્રામ્ય ગુજરાતમાં જંગલ વિસ્તારની બહાર આવેલાં વૃક્ષોની ગણતરી કરવામાં આવેલી. ત્યારબાદ ૨૦૧૧ માં સ્ટેટસ ઓફ ટ્રી કવર ઇન અર્બન એરિયા ઓફ ગુજરાત દ્વારા મહાનગરો અને નગરપાલિકાઓમાં વૃક્ષોની ગણતરી કરવામાં આવી. ૨૦૦૧ માં ગુજરાતની શહેરી વસ્તી ૩૭.૦૪ ટકા હતી, જે ૨૦૧૧ માં ૪૨.૦૬ ટકા થઈ, જેને લીધે શહેરોનાં કુદરતી સંસાધનો પર દબાણ ઊભું થયું. તેની સીધી અસર હવાના પ્રદૂષણ અને ભૂગર્ભ જળ ઉપર થઈ.

સ્ટેટસ ઓફ ટ્રી કવર ઇન અર્બન એરિયા ઓફ ગુજરાત : ૨૦૧૧ રિપોર્ટનો ઉદ્દેશ એ હતો કે, મહાનગરો અને નગરપાલિકાઓમાં (૧) વૃક્ષોની ગણતરી કરવી. (૨) યોગ્ય મોનિટરિંગ કરવું (૩) વિવિધ પ્રકારનાં વૃક્ષોની જાતોને ઓળખવી (૪) ભવિષ્યમાં વૃક્ષારોપણ, તેની માવજત અને કેવા પ્રકારનાં વૃક્ષોની જરૂરિયાત છે તેની માર્ગદર્શિકા તૈયાર કરી શકાય (૫) શહેરોમાં હવાનું પ્રદૂષણ વધી રહ્યું છે અને કાર્બન ઉત્સર્જન થઈ રહ્યું છે તે ઘટાડવા વૃક્ષોના મહત્ત્વ અંગે અભ્યાસ કરવો (૬) ગ્રીન કવરને નુકસાન કર્યા સિવાય શહેરોમાં વિકાસ યોજનાઓ તૈયાર કરવી.

અભ્યાસનાં તારણો : (૧) આઠ મહાનગર પાલિકાઓમાં ૩૩.૦૨ લાખ વૃક્ષ નોધાયાં, જ્યારે ૧૫૯ નગરપાલિકામાં ૩૨.૪૪ લાખ વૃક્ષ નોધાયાં એટલે કે, ૬૫.૪૫ લાખ વૃક્ષો વન વિસ્તાર સિવાય શહેરોમાં અને નગર પાલિકાઓમાં જોવા મળ્યાં. (૨) ગાંધીનગર શહેરનું ગ્રીન કવર વિશ્વનાં અન્ય શહેરો કરતાં સારું કહી શકાય. ભાવનગર અને વડોદરા શહેરોનાં ટ્રી કવર દિલ્હી અને ચંડીગઢ કરતાં વધારે છે. (૩) સુરતમાં ટ્રી કવર સરેરાશ કરતાં ખૂબ નીચું જોવા મળ્યું. મહાનગર પાલિકાઓમાં સરેરાશ ગ્રીન કવર ખૂબ નીચું જોવા મળ્યું જે ૮.૮ મી.^{૨}/પ્રતિ વ્યક્તિ જોવા મળ્યું જે પ્રામાણિક માપદંડો કરતાં ખૂબ જ નીચું છે (૪) મહાનગર પાલિકાઓમાં ન્યુનતમ ૧૫ ટકાનું ગ્રીન કવર હોવું જોઈએ જે માત્ર ૯.૬૫ ટકા જોવા મળ્યું. (૫) શહેરોમાં ૧૩.૦૫ લાખ ટન કાર્બન સ્ટોર કરવાની ક્ષમતા છે જે ૨૭.૦૬ લાખ ટન સુધી લઈ જઈ શકાય (૬) જો શહેરમાં વૃક્ષો વાવવાની જગ્યા ન હોય તો અર્બન એરિયા ઓથોરિટીની જગ્યામાં વૃક્ષો વાવીને ગેપ પૂરવો જોઈએ.

સ્ટેટસ ઓફ ટ્રી કવર ઇન અર્બન એરિયા ઓફ ગુજરાત : ૨૦૧૧ રિપોર્ટમાં કેટલીક ભલામણો કરવામાં આવી છે. (૧) શહેરી વનીકરણના આયોજનમાં પાણી પુરવઠો, ઊર્જા શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કચરાનું વ્યવસ્થાપન વગેરેનું, બિલ્ડીંગોના બાંધકામ સાથે જોડાણ કરવું જોઈએ. માણસોની જીવનશૈલીને ગુણવત્તાયુક્ત રાખવા ગ્રીન કવરને પણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર જેટલું જ મહત્ત્વ આપવું જોઈએ. (૨) વિક્ટોરિયા પાર્ક અને ઇન્દ્રોડા પાર્ક જેવા કુદરતી અને માનવસર્જિત હયાત બગીચાઓનું રક્ષણ કરવું જોઈએ તેમજ તેમને મનોરંજન અને શૈક્ષણિક કેન્દ્ર તરીકે વિકસિત કરવા જોઈએ. (૩) ગાંધીનગર ખાતે આવેલ સાંસ્કૃતિક જંગલ જેવું કે, પુનિત વન કે અંબાજી ખાતે આવેલ માંગલ્ય વન શહેર અને શહેરની બહાર વિકસાવવાં જોઈએ. વેસ્ટ લેન્ડ કે કોમન લેન્ડને વુડ લેન્ડમાં ફેરવવા જોઈએ. મતલબ કે શહેરોમાં આવેલી ખાલી જગ્યાઓમાં વૃક્ષો ઉગાડવાં જોઈએ. દરેક શહેરની આસપાસ પાંચ હેક્ટર જમીનને ગ્રીન પેચમાં ફેરવવી જોઈએ, જેનાથી લોકોની જીવન જીવવાની ગુણવત્તામાં અને મનોરંજન મેળવવામાં અનુકૂળતા રહેશે. (૪) શહેરમાં આવેલી ખુલ્લી જગ્યાઓ કે સંસ્થાઓમાં આવેલ ખુલ્લી જગ્યાઓ કે સોસાયટીઓમાં બગીચાઓમાં જગ્યાઓને અનુરૂપ યોગ્ય વનસ્પતિઓની જાતો પ્રમાણેનું વૃક્ષારોપણ કરવું જોઈએ. શહેરમાંથી પસાર થતી નદીઓને કિનારે વૃક્ષારોપણ થવાં જોઈએ જેથી શહેરીજનો માટે તે ગ્રીનરી રીક્રીએશન

(જુઓ પાન નં. ૨૩)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

બુલડોઝર ન્યાય કાર્યવાહી રોકવાના આદેશથી પીડિતોને ન્યાય મળશે ?

સર્વોચ્ચ અદાલતે બુલડોઝરથી રાજ્યોની મિલકત તોડી પાડવાના મનસ્વી હુકમ સામે રોક લગાવતો મહત્ત્વનો ચુકાદો તા. ૧૪ નવે-૨૦૨૪ના રોજ જાહેર કર્યો છે. ગુનાના આરોપીની મિલકત તોડી પાડવાની રાજ્યની નિરંકુશ સત્તા પર અંકુશ લાદતી કેટલીક માર્ગદર્શિકાઓ પણ સર્વોચ્ચ અદાલતે જાહેર કરેલ છે. બુલડોઝરી ન્યાય ઝુંબેશ ૨ વર્ષથી ઉત્તર પ્રદેશમાં શરૂ થઈ હતી. ભાજપશાસિત મધ્ય પ્રદેશ, અને ઉત્તરાંચલ રાજ્યોમાં પણ આ ચેપ લાગ્યો હતો. કોંગ્રેસશાસિત રાજસ્થાનમાં પણ ૨૦૨૨માં આ ઝુંબેશ ચલાવાઈ હતી.

● કેસની વિગત

ગુનાના આરોપીની (ઘર કે દુકાન) મિલકત તોડી પાડવાની કેટલાંક રાજ્યોની આ ગેરકાનૂની ઝુંબેશને જમીઅત ઉલમા-ઈ-હિંદે ૨૦૨૨માં તેમ જ અન્ય લોકોએ પડકારી હતી. રતલામમાં એક મિલકત માલિકના પુત્રની ગૌહત્યાના આરોપસર ધરપકડ કરાયા બાદ તેની પૈતૃક મિલકત બુલડોઝરથી તોડી પાડવામાં આવી હતી. ઉદેપુરમાં મ્યુનિ. કોર્પોરેશને એક ભાડૂઆતની મિલકત, તેણે જંગલ જમીન પર દબાણ કરેલ હોવાના આરોપસર તોડી પાડી હતી. આ ભાડૂઆતના પુત્રે તેના સહપાઠીને છરી મારવાના ગુનાસર ધરપકડ કરાયા બાદ તેની મિલક્ત તોડી પડાઈ હતી. છરાભોંક્ના આ બનાવના પગલે શહેરમાં કોમી હિંસા ફાટી નીકળી હતી. આ કેસમાં એવી દલીલ કરાઈ હતી કે આરોપના કારણે જ મિલકત તોડી પાડવામાં આવી હતી.

● સર્વોચ્ચ અદાલતે બુલડોઝરી અન્યાય રોકવા માટે જાહેર કરેલાં કારણો

સર્વોચ્ચ અદાલતને બંધારણ અનુચ્છેદ ૧૪૨ હેઠળ કોઈ પણ કેસમાં ન્યાય આપવાની અસાધારણ સત્તા પ્રાપ્ત થયેલી છે. સર્વોચ્ચ અદાલતે અનુચ્છેદ ૧૪૨ હેઠળ ઠરાવ્યું કે ન્યાય આપવાની સત્તા ન્યાયતંત્રને છે. અદાલતે ઠરાવ્યું કે જ્યારે કોઈ આરોપી ગુનેગાર હોય અને રાજ્યનું કોઈ પણ તંત્ર જો પોતાની સત્તા-મર્યાદા ઓળંગે ત્યારે કેસની ઇન્સાફી કાર્યવાહી (ટ્રાયલ) કર્યા વિના માલિક અથવા કબજેદારની મિલકત તોડી પાડવાની શિક્ષા તે કેવી રીતે કરી શકે ? આ કેસમાં ઠરાવાયું કે રાજ્ય આરોપીને શિક્ષા કરવા માટે ન્યાયતંત્રનું સ્થાન લઈ શકે નહીં. રાજ્યનું આ કૃત્ય સખત અને સંપૂર્ણપણે અન્યાયી હોવાનું ઠરાવાયેલ છે.

સર્વોચ્ચ અદાલતે વધુમાં ઠરાવેલ છે કે રાજ્યના જે અધિકારીઓ આ રીતે મિલકત તોડી પાડે છે તેમને આવાં કૃત્ય તેમજ તેમની નિષ્ક્રિયતા બદલ જવાબદાર ઠરાવવા જોઈએ. જે અધિકારીઓ આ રીતે મિલકત તોડી પાડવાનો હુકમ કરે છે તેઓ આ મનસ્વી રીતભાત બદલ વળતર ચૂકવવા પણ જવાબદાર છે. આ કેસમાં ઠરાવાયું કે રાજ્યની આ ઝુંબેશથી બંધારણના તથા શાસન અને સત્તા વિભાજન સિદ્ધાંતનો ભંગ થાય છે.

અદાલતે નોંધ્યું છે કે મિલકતનો માલિક કે તેનો કબજેદાર તેમાં એકલો રહેતો નથી. તેની સાથે તેનાં કુટુંબીજનો પણ રહેતાં હોય છે. અનુચ્છેદ ૨૧ હેઠળ દરેક વ્યક્તિને ગૌરવપૂર્વક જીવન જીવવાનો અને આશ્રયનો મૂળભૂત અધિકાર છે. તેની સાથે રહેતાં નિર્દોષ કુટુંબીજનોને આ અધિકારથી વંચિત કરવાનું આ કૃત્ય ગેરબંધારણીય છે.

● માર્ગદર્શિકાઓ

અદાલતે ઠરાવેલ છે કે મિલકત તોડી પાડવાની કાર્યવાહી પારદર્શી બનાવવા માટે માલિકને તેમ જ તેના કુટુંબીજનોને વિવાદ ઉકેલવા માટે પૂરતો સમય આપવો જોઈએ. તે માટે મિલકત તોડતાં અગાઉ ઓછામાં ઓછી ૧૫ દિવસની નોટિસ રજિસ્ટર્ડ ટપાલથી આપવી જોઈએ. ૧૫ દિવસનો આ સમય પણ નોટિસ મળ્યાની તારીખથી ગણાવો જોઈએ. નોટિસની એક નકલ મિલકતના અગ્રભાગ પર ચોડવી જોઈએ. આ નોટિસમાં મિલકતની વિગત, તોડી પાડવાનાં કારણો જણાવી, વ્યક્તિગત સુનાવણી માટે તારીખ નિશ્ચિત કરી નોટિસની સુનાવણીની તક આપવી જોઈએ. અચાનક કોઈ સવારે બુલડોઝર લઈ આરોપીના ઘરે જવાય નહીં. નોટિસની નકલ જિલ્લા કલેક્ટરને ઈ-મેઈલથી મોકલવી જોઈએ.

● આખરી હુકમમાં કઈ વિગત હોવી જોઈએ ?

સુનાવણીની કાર્યવાહીનું રેકોર્ડિંગ થવું જોઈએ. આખરી હુકમમાં માલિકે રજૂ કરેલ દલીલોનો સમાવેશ થવો જોઈએ. સમગ્ર મિલકત કે તેનો કોઈ ભાગ તોડી પાડવાનો છે તેની વિગત તેમાં હોવી જોઈએ. મિલકત તોડી પાડવાનાં કારણો તેમાં જણાવવાં જોઈએ. સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ ઠરાવેલ છે કે મિલકત તોડવાનો આખરી હુકમ થયા બાદ પણ ૧૫ દિવસ સુધી તેનો અમલ થશે નહીં. આ ૧૫ દિવસના સમયમાં માલિક પોતે મિલકત તોડી પાડે અથવા તો અદાલતમાંથી મનાઈહુકમ મેળવી શકે છે. મિલકત તોડી પાડવાનું વિડિઓ રેકોર્ડિંગ થવું જોઈએ. મિલકત તોડી પડાયા બાદ તેનો વિગતવાર અહેવાલ તૈયાર થવો જોઈએ અને તેમાં આ કાર્યવાહીમાં ભાગ લેનાર કર્મચારીઓની યાદી મૂકવી જોઈએ.

● સ્થાનિક કાયદાનો ભંગ

જો આરોપીની મિલકતથી સ્થાનિક કાયદા મુજબ અન્ય મિલકત પર દબાણ થતું હોય, તો તેના માટે સર્વોચ્ચ અદાલતે અલગ માર્ગદર્શિકા જાહેર કરેલ છે. સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે જ્યારે આ મિલકત તોડી પાડવાની કાર્યવાહી થાય, અને તે જ લત્તામાં આવેલ આવી અન્ય મિલકતને હાથ ન લગાડવામાં આવે ત્યારે ત્યારે એવું અનુમાન થશે કે તંત્રનો ઇરાદો ગેરકાયદેસર દબાણ હટાવવાનો નહીં, પરંતુ આરોપીને શિક્ષા કરવાનો હતો.

● પીડિતોની ન્યાય માટે ચિંતા

આ ઝુંબેશ ૨૦૨૨થી ચાલે છે. આ કેસમાં તો સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે આ માર્ગદર્શિકાનો ભંગ કરી કાયદો હાથમાં લેનાર અધિકારી અદાલતના તિરસ્કાર માટે જ નહીં, પરંતુ મિલકતના પુનઃ સ્થાપન તેમજ વળતર માટે જવાબદાર થશે. પરંતુ આ કાર્યવાહીથી જેમનો આશરો ઝૂંટવાયો છે તેમના વળતરનું શું ? પીડિતોને આ ચિંતા સતાવે છે. આ અંગેની રીટ અરજી ઉ.પ્ર. હાઈકોર્ટમાં વિચારાધીન છે. તેમને કાયદાથી ન્યાય મળવાની આશા છે.

– પ્રો. અશ્વિનકુમાર કારીઆ

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

વિકાસનો રસ્તો તો ખેડૂતો જ સુઝાડશે !

ઉપવાસ પર જગજિતસિંઘ દલેવાલ બેઠા છે ને, જીવનું જોખમ મૂળભૂત અધિકારો માથે બેઠું છે!!

કેન્સરની બીમારીથી પીડાતા અને ૭૦ વર્ષથી વધુની ઉંમરના પંજાબના ખેડૂત નેતા શ્રી જગજિતસિંઘ દલેવાલ પંજાબની હરિયાણાને જોડતી ખંડુરી સરહદે આમરણ ઉપવાસ ઉપર બેઠા છે. એમના ઉપવાસનો આજે ૪૩મો દિવસ છે. એમની માંગણીઓ એવી નથી કે સરકાર વાત ના કરી શકે!

૪૩મો દિવસ આવવા છતાં સરકાર પોતાના તરફથી હજી વાતચીતની શરૂઆત કરતી નથી. ૨ વર્ષ પહેલાં થયેલા અને ૧ વર્ષ કરતાં વધારે લાંબા ચાલેલા, ૭૦૦થી વધારે ખેડૂતોએ જેમાં જીવ ગુમાવ્યો તે ખેડૂત આંદોલનની મુખ્ય માંગણીઓમાં ૩ કાયદા પાછા ખેંચવા, ટેકાના ભાવનો કાયદો કરવો અને વીજળીનો કાયદો પાછો ખેંચવો એ મુખ્ય હતા. સરકારે તપશ્ચર્યામાં ખામી કહીને ૩ કાયદા તો પાછા ખેંચ્યા, વીજળી કાયદાનો અમલ મુલતવી રાખ્યો અને ટેકાના ભાવના કાયદા ઉપરાંત બીજી માંગણીઓ માટે સમિતિ બનાવવાની જાહેરાત કરી, એમ આંદોલન સમેટાયું.

સરકારનું તો એવું છે કે, રાત ગઈ, બાત ગઈ! સમિતિની કોઈ મિટિંગ જ ના મળી. ધીરજનો અંત આવતાં ખેડૂતોએ શરૂઆતમાં સભાઓ, આવેદનપત્રો, રેલીઓ, રસ્તા રોકો, રેલ રોકો સહિતના કાર્યક્રમો કર્યા પછી તેમણે ફરી દિલ્હી જવાનો સંકલ્પ કર્યો ને યાત્રા શરૂ થઈ.

સરકાર અનુભવમાંથી શીખી હતી, ગઈ વખતે છેક દિલ્હી સરહદે પહોંચી ગયા હતા એટલે, મીડિયા, સોશિયલ મીડિયાનો ઘણો ટેકો મળી ગયો હતો, વાત દેશ-વિદેશ સુધી પહોંચી હતી. આ વખતે તાજી જ ચૂંટાયેલી હરિયાણાની સરકારે એમને હરિયાણાની સરહદે જ રોકી દીધા. હરિયાણામાં જ દાખલ ના થવા દીધા, ગઈ વખતે દિલહી સરહદે કર્યા હતા એ બધા જ પ્રયોગો આ વખતે હરિયાણા સરહદે કર્યા. રોડ પર ખીલા, સિમેન્ટની મોટી આડશો, પોલીસ, ટિયરગેસ, વોટર કેનન... બધું જ!

અંગ્રેજોના સમયમાં દાંડી કૂચ કરી શકનારા લોકો આજે આઝાદ ભારતમાં રાજધાની દિલ્હી નથી જઈ શકતા!! આ તે કેવી લોકશાહી? ખેડૂતો સાથે વાત કરવી કે ના કરવી, પ્રતિનિધિ મંડળને મળવું કે ના મળવું, માંગણી માનવી કે ના માનવી એ તો પછીના તબક્કા છે, પરંતુ ખેડૂતોને શાંતિપૂર્વક દિલ્હી જવા ના દેવા, એ સરકારની કેવી રીત?

મજા તો એ છે કે, સુપ્રીમ કોર્ટ વારંવાર સુનાવણી કરે છે, મેડિકલ ચેકઅપ કરાવવા રાજ્ય સરકારના અધિકારીઓને ધમકાવે છે! પરંતુ, પાયાનો સવાલ નથી પૂછતી કે ખેડૂતો ખંડુરી સરહદે કેમ બેઠા છે? એમને ચાલતાં જવું છે તો જવા કેમ નથી દેતા? કયા કાયદા નીચે પોલીસ એમને રોકીને બેઠી છે ? આત્મા ગયા પછી ખોળિયાની કોઈ કિંમત નથી એવો ઘાટ ન્યાયતંત્રનો હાલમાં તો છે! સવાલ એ છે કે, શું સરકાર, પોલીસ અને કોર્ટ મળીને મૂળભૂત અધિકારનું ગળું ચાલાકીપૂર્વક ઘોંટી રહ્યાં છે ? આજે ખેડૂતો દિલ્હી જંતરમંતર કે રામલીલા મેદાન પર નહીં જઈ શકે તો ભવિષ્યમાં કોણ જઈ શકશે?

હવે તો સવાલ ટેકાના ભાવના કાયદાથી આગળ વધીને, ભારતમાં આંદોલન કરવાનો, સામાન્ય નાગરિકને દેશની રાજધાની જવાનો, પોતાનો અવાજ-માંગણી ચૂંટાયેલી સરકાર સમક્ષ રજૂ કરવાનો અધિકાર છે કે કેમ, એ થઈ ગયો!

હાલ ખેડૂતો અને ટેકાના ભાવને ખાતે ખતવાઈ રહેલું આંદોલન મૂળભૂત અધિકારોનું આંદોલન છે એ વાત તમામ નાગરિકોએ સમજવી રહી. ખેડૂતો એકલા નથી જીતવાના કે હારવાના! જો ખેડૂતો હાર્યા તો યુવાનો રોજગાર માટે, મધ્યમ-વર્ગ મોંઘવારી સામે, બાળકો શિક્ષણ માટે, મજૂરો વેતન અને સલામતી માટે, વંચિતો સામાજિક ન્યાય માટે કે પીડિતો સુરક્ષા માટે સરકાર સુધી નહિ પહોંચી શકે...

ખેડૂતોનું આ આંદોલન મૂળભૂત અધિકારોનું બેસણું ના બની રહે એ જોવાની ફરજ સહુ નાગરિકોની ખરી કે નહીં ?

❊

ખરેખર ટેકાના ભાવનો ભાર કેટલો ?

ખેડૂતો ખેત-પેદાશોના ટેકાના ભાવની માંગણી કરી રહ્યા છે. જગજિતસિંહ દલેવાલ આમરણ ઉપવાસ પર બેઠા છે. વિચારવા જેવો સવાલ એ છે કે, ટેકાના ભાવનો કાયદો ઘડવાથી ખરેખર દેશના બજેટ ઉપર કેટલો ભાર પડે? જ્યારે જ્યારે ખેડૂતો આ માંગણી લઈને આવે ત્યારે અર્થશાસ્ત્રીઓ કાગારોળ કરતા હોય છે કે દેશનું અર્થતંત્ર તૂટી પડશે... મોંઘવારી, ફુગાવો વધી જશે, ગૃહિણીઓના બજેટ ખોરવાઈ જશે, સરકાર બધું ખરીદી જ ના શકે, બધું સંઘરી જ શકાય, આ શક્ય જ નથી, વગેરે. શું ખરેખર એવું છે?

બધા જ પાકો માટે ટેકાના ભાવનો કાયદો બને તો શું કરવું પડે?

(૧) પહેલી વાત તો એ છે કે બધું જ ખરીદવા માટે સરકારે બધી સગવડો ઊભી કરવી પડે એ વાત ખોટી છે.

(૨) બજાર એની જરૂર પ્રમાણે આજે ખરીદે છે અને આગળ પણ ખરીદશે જ.

(૩) બજારમાં કારટેલો રચાય ને ખેડૂતોનું શોષણ થાય, ભાવો પડતર કરતાં નીચા આવે ત્યારે સરકારે ખરીદી કરવી પડે ! તો આજે પણ સરકાર એની જરૂરિયાતો, પીડીએસ માટે ખરીદી કરે જ છે, એ જ વ્યવસ્થાથી ખરીદી વધારી શકાય, નવું કશું ઊભું કરવું પડે એવી જરૂર નહિવત્ છે.

(૪) સરકારે ખરીદીને, ટ્રાન્સપોર્ટેશન, સંગ્રહ, વિતરણ વગેરેના ખર્ચ ના કરવા હોય તો બજારભાવ અને ટેકાના ભાવ વચ્ચેનો તફાવત ખેડૂતોને ચૂકવી શકે...

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

(૫) હાલ સરકાર ટેકાના ભાવ જાહેર કરે જ છે તો એમાં ને હાલની માગણીમાં શું ફરક છે? અત્યારે સરકાર જે ટેકાના ભાવ જાહેર કરે છે તે એની ખરીદી પૂરતા જ હોય છે. બાકીના ઉત્પાદનને એનો લાભ મળતો નથી, બધા ખેડૂતો કે બધા પાકોને એનો લાભ મળતો નથી.

કાયદાથી ફરક એ પડે કે હાલ સરકારના ટેકાના ભાવ અને બજાર ભાવ વચ્ચેના ફરકને કારણે ખેડૂતોને નુકસાની વેઠવી પડે, જેમ કે,

★ મગનો સરકારે જાહેર કરેલો ટેકાનો ભાવ કવિન્ટલના ૮૬૮૨/- રૂપિયા છે, જ્યારે રાજસ્થાનના મેરતા એપીએમસીમાં ડિસેમ્બર મહિનાનો સરેરાશ ભાવ કવિન્ટલના ૬૪૬૭/- રૂપિયા રહ્યો...

પ્રતિ ક્વિન્ટલ ખેડૂતોને ૨૨૧૫/- રૂપિયાનું નુકસાન થાય છે.

★ જુવારનો સરકારે જાહેર કરેલો ટેકાનો ભાવ કવિન્ટલના ૩૩૭૧/- રૂપિયા છે, જ્યારે મહારાષ્ટ્રના જાલના એપીએમસીમાં ડિસેમ્બર મહિનાનો સરેરાશ ભાવ કવિન્ટલના ૨૪૫૬/- રૂપિયા રહ્યો...

પ્રતિ ક્વિન્ટલ ખેડૂતોને ૯૧૫/- રૂપિયાનું નુકસાન થાય છે.

એ જ રીતે અન્ય ઉત્પાદનોમાં પણ ખેડૂતોને નુકસાની ભોગવવી પડે છે.

આ ભાવો જ બતાવે છે કે, સરકારે જાહેર કરેલા ટેકાના ભાવો, જે ખરેખર વાસ્તવિક ઉત્પાદન ખર્ચને ધ્યાનમાં લીધા વિના જાહેર થાય છે એના કરતાં પણ ઓછા ભાવે વેચવું પડે છે!! સરકારે કોઈ ગેરંટી વિના જાહેર કરેલા અવાસ્તવિક, અધૂરા ટેકાના ભાવ પણ ખેડૂતોને ખુલ્લા બજારમાં મળતા નથી એ બાબત જ બતાવે છે કે ખેડૂતોની માગણીમાં કેટલું વજૂદ છે.

હાલ જે પાકોના ટેકાના ભાવો જાહેર કરવામાં આવે તે પૈકી મુખ્ય ૧૫ પાકોના ૨૦૨૩ના જાહેર કરેલા ટેકાના ભાવ અને બજાર ભાવ વચ્ચેના તફાવતની ગણતરી કરી તો ૨૦૦,૭૧૦ કરોડ રૂપિયાનો તફાવત આવે છે. આ ૧૫ પાકોના ટેકાના ભાવો જાહેર થાય છે એમના કુલ ઉત્પાદનના લગભગ ૯૫% થાય છે, એમાં આટલા રૂપિયા જોઈએ. આ ભારત સરકારના બજેટના ૦.૫% થાય છે. ખેડૂતો દ્વારા માંગવામાં આવતા ઊંચા ભાવો જાહેર કરવામાં આવે તો પણ એ ભારત સરકારના બજેટના ૪.૨% થાય અને ભારતના કુલ જીડીપીના ૦.૪૨% થાય છે!! આ તમને અવાસ્તવિક લાગે છે? આ ભાર તમને વધારે પડતો લાગે છે?

જો ખેડૂતોની માંગણી સ્વીકારવામાં આવે તો એનો બીજો, ઘણો મોટો ફાયદો એ થાય કે, ખેડૂતોના હાથમાં પૂરતા પૈસા જવાથી ગ્રામીણ અર્થતંત્રની ખરીદશક્તિ વધે, બજારમાં માંગ ઊભી થાય, માંગ વધવા સાથે ઉત્પાદન અને રોજગાર વધે... એમ અર્થતંત્રની સાયકલ જે હાલ અટકીને પડી છે એ ફરી ચાલતી થાય...!

ખરેખર તો ખેડૂતો તમને ૫ ટ્રિલિયન ઈકોનોમી બનવાનો રસ્તો બતાવવા બેઠા છે!!

લખ્યા તા. ૭-૧-૨૦૨૫, અમદાવાદ — **સાગર રબારી**

વિવિધતા કાજે... (પાન ૧૯નું ચાલુ)

જરૂરી છે. આ માટે જેમના પ્રયત્નો સફળ રહ્યા છે તેઓ વ્યવસ્થિત પદ્ધતિઓની વહેંચણી કરે અને સૌ ગંભીરતાથી પર્યાવરણના પ્રશ્નોના ઉકેલ માટે સહયોગ ઊભા કરે. પ્રકૃતિ સંવર્ધનના દૃઢ પ્રયાસો કરતી ત્રણ પેઢીઓ આજે ગુજરાતમાં એકસાથે કાર્યરત છે પરંતુ બદલાયેલા સમયના પડકારો પણ નવા છે. આથી યુવા કર્મશીલોને અનુભવનો લાભ અને પ્રોત્સાહન આપવા આ ત્રણેય પેઢીઓ અને તમામ પેટા ક્ષેત્રો એક મંચ પર આવે અને પોતાના અનુભવોની આપ-લે અને પોતાની ક્ષમતાનો લાભ એકબીજાને આપશે તો જ પરિણામલક્ષી સફળતા મળશે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે આ આખોયે પ્રોજેક્ટ વન વિભાગના નિવૃત્ત નિષ્ઠાવાન ઉચ્ચ અધિકારીઓ, પ્રતિભાવાન વૈજ્ઞાનિકો અને સ્વયંસેવક યુવાઓ દ્વારા સંચાલિત છે અને તમામ સ્તરે અનેક પ્રકૃતિપ્રેમીઓ તેમાં જોડાઈ રહ્યા છે.

– યાત્રી બક્ષી

સ્ટેટ્સ ઑફ ટ્રી... (પાન ૨૦નું ચાલુ)

સેન્ટરની ગરજ સારે. કેનાલના કિનારે પણ ગાઢ ગ્રીન બેલ્ટ કરવા જોઈએ, જેથી લોકો તેનો રીક્રીએશન માટે ઉપયોગ કરી શકે. (૬) શહેરીકરણનો વિસ્તાર કરતાં પહેલાં ઓછામાં ઓછું ૧૫ ટકા ગ્રીન કવર જળવાઈ રહે તે જોવું જોઈએ. (૭) શહેરમાં આવેલાં નાનાં-મોટાં તળાવોની જાળવણી કરવી તેમજ તેની આસપાસ ખાટી આમલી, આંબો, જાંબુ, લીમડો અને દેશી બાવળ જેવાં વૃક્ષો વાવવાં જોઈએ જેથી પક્ષીઓનો પણ વસવાટ વધે (૮) લેન્ડફીલ સાઈટને પૂરી દઈને તેની ઉપર વૃક્ષોનું વાવેતર કરવું (૯) ટેરેસ ગાર્ડનને પ્રાધાન્ય આપવું. (૧૦) બિલ્ડિંગોની આસપાસ વૃક્ષોનું વાવેતર કરવું. (૧૧) વનવિભાગ અને શહેરી સત્તા મંડળે વ્યુહાત્મક રીતે સાથે મળીને વિકાસ પ્રકલ્પોનાં આયોજન કરવાં, જેથી શહેરોમાં ટ્રી કવરમાં સુધારો થાય.

ભારત સરકાર દર બે વર્ષે ઇન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ બહાર પાડે છે. ગુજરાત સરકારે પણ સ્ટેટસ ઓફ ટ્રી કવર ઇન અર્બન એરિયા ઓફ ગુજરાત : ૨૦૧૧ જેવો અભ્યાસ ઓછામાં ઓછાં દર પાંચ વર્ષે બહાર પાડવો જોઈએ. યક્ષ પ્રશ્ન એ થાય છે કે, સ્ટેટસ ઓફ ટ્રી કવર ઇન અર્બન એરિયા ઓફ ગુજરાત : ૨૦૧૧ના ઉદ્દેશ્ય અને ભલામણોનો સ્વીકાર રાજ્યની સરકારે કર્યો છે ખરો ?

સાભાર : નવગુજરાત સમય — **– મહેશ પંડ્યા**

ભૂમિપુત્ર

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સં. મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૨૦૦

આજીવન અનામત રૂ.૨૫૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (ઍરમેલ) રૂ.૨૦૦૦

લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ '**યજ્ઞ પ્રકાશન સમિતિ**'ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

'Bhumiputra' Fortnightly Published & Posted at Vadodara RMS on 01-02-2025 Regd. No. VDR-E/61/2021-23
R.N.I. No. 1683/57 SSP (E) Valid upto 31-12-23
વાર્ષિક લવાજમ રૂ.૨૦૦/- અંકની છૂટક કીમત દસ રૂપિયા. આ અંકનાં પાનાં ૨૪

ઓપેરાહાઉસ

દસમા ધોરણમાં હતો ત્યારે પપ્પાની બદલી થવાથી આ શહેર છોડેલું એ પછી આજે, લગભગ દસ-બાર વર્ષ પછી મૌલિક કંપનીના કામે ફરીથી ત્યાં જઈ રહ્યો હતો. નાનપણનો સુવર્ણકાળ જ્યાં વીતાવેલો ત્યાંનાં કેટકેટલાં સંભારણાં એ ટ્રેનમાં બેઠો ત્યારથી મધમાખીના ઝૂંડની માફક મનમાં ચકરાવો લઈ રહ્યાં હતાં. બીજું ઘણું યાદ આવતું હતું પણ એ બધાંમાં સૌથી ઉપર હતી જુલી. આમ તો આજ સુધીમાં જુલીને એણે કદી જોઈ પણ નથી. માત્ર વર્તમાનપત્રોમાં આવતી એના વિશેની ચટાકેદાર વાતો અને ફોટા જોઈને મનમાં એની મૂર્તિ ઘડાઈ ગયેલી.

શાળામાં રિસેસ પડે કે મિત્રો ટોળે વળીને જુલીના મહેલ જેવા વિશાળ બંગલાની, બંગલા સાથે એણે જે ક્લબ બનાવેલી એની, શહેરની કેવી કેવી હસ્તીઓ એ ક્લબનું સભ્યપદ ધરાવે છે એની વાતો મરી-મસાલા ભભરાવીને કરતા રહેતા. એમાં પણ શૈલેષનું ઘર તો વળી ઓપેરાહાઉસ ક્લબની સાવ નજીક હતું એટલે એના ગપગોળા વધુ સાચા માની લેવાતા.

''ખબર છે, કાલે તો મેં નવા હીરો રજનીકુમારને શેવરોલેટ કારમાંથી ઊતરતાં જોયો. શું હેંડસમ લાગે છે!'' ''હેં? સાચું બોલે છે?''

''હા, તે વળી સાચું જ ને?'' ગપ્પું પકડાઈ જવાની બીકે શૈલેષ વાત ઉડાવવાનો પ્રયત્ન કરતો. પણ જુલી અને ઓપેરાહાઉસની એ દિવસોમાં ગજબની મોહિની હતી એટલું તો નક્કી. જુલીની હવેલીની બહાર કેટલા ચોકીદાર ભરેલી બંદૂક સાથે ઊભા રહે છે, એને ત્યાં કેટલા અને કઈ જાતના કૂતરા છે, એ ખોરાકમાં શું લે છે - આવી બધી ઝીણી ઝીણી અને તદ્દન નકામી વાતો વાંચતાં અને સાંભળતાં કિશોરો તો શું, વૃદ્ધોનાં મોંમાંથી પણ લાળ ટપકતી. આમ તો આટલાં વર્ષોમાં જુલી સદંતર ભુલાઈ ગયેલી પણ હવે જ્યારે એ શહેર ભણી જઈ રહ્યો હતો ત્યારે મૌલિકને એની યાદ તીવ્રતાથી આવવા લાગી. આમ પણ શૈલેષે ખૂબ આગ્રહથી કહ્યું હતું, ''પાછો ફાઈવ સ્ટાર હોટેલમાં રહેવા ન જતો. સીધો મારે ઘરે જ આવી જજે. રાત પડ્યે રખડવા નીકળીશું અને ગપ્પાં મારીશું.'' જમી પરવારીને શૈલેશે કહ્યું, ''ચાલ, ગાડીમાં ચક્કર મારી આવીએ અને કલકત્તી પાન પણ ખાતાં આવીએ.''

વગર કહ્યે મારા મનની વાત સમજી ગયો હોય એમ એણે કાર એ રસ્તે જ લીધી. રસ્તામાં હું ઓપેરાહાઉસની ભવ્યતાને મનોમન વાગોળી રહ્યો હતો અને વિચારતો હતો કે, હવે તો ક્લબે નવા સાજ-શણગાર ધારણ કર્યા હશે! એક આંચકા સાથે ગાડી ઊભી રહી એ સાથે મને એક તીવ્ર ઝાટકો લાગ્યો. સામે ઊભેલી દસ માળની અદ્યતન ઈમારત પર નિયોન લાઈટથી ઝળહળતું નામ દૂરથી વંચાતું હતું - 'ઓપેરાહાઉસ ફ્રી એઈડ્સ હૉસ્પિટલ'. મારું હૈયું ઘડીભર ધડકવાનું ભૂલી ગયું. હું કંઈ પૂછું એ પહેલાં શૈલેષે બહાર નીકળતાં કહ્યું, ''આવ, આ હૉસ્પિટલ જોવા જેવી છે.'' અમે બંને પ્રવેશદ્વાર તરફ ચાલ્યા તો મેં જોયું કે, વચ્ચોવચ જુલીની પૂરા કદની સંગેમરમરની મૂર્તિ મૂકેલી હતી અને નીચે એક તકતી પર લખેલું હતું 'બધું ક્ષણભંગુર છે. કશું કાયમ રહેવાનું નથી.'

પાછા ફરતી વખતે મારી હાલત એવી હતી કે, જાણે એફિલ ટાવર જોવાની ઇચ્છાથી ગયેલા માણસને ધરતીકંપથી તારાજ થયેલી ઈમારતનું ખંડેર જોવા મળે. શૈલેષને મારે ઘણું પૂછવું હતું પણ જીભને તાળું દેવાઈ ગયું હતું. મારા મનની હાલત સમજીને એણે કહ્યું, ''ચાલ, દરિયાકિનારે જઈને બેસીએ.''

''આ બધું કેવી રીતે?'' માંડ માંડ મારા ગળામાંથી અવાજ નીકળ્યો.

''તમે અહીંથી ગયા ત્યારે તો ઓપેરાહાઉસ અને જુલીનો સિતારો ચમકતો હતો. શ્રીમંત ઘરોના નબીરા, ઉદ્યોગપતિઓ, ફિલ્મ સ્ટારો સૌ ક્લબનું સભ્યપદ મેળવવા લાઈન લગાવીને ઊભા રહેતા. રોજ રાત્રે મોડે સુધી નાચ-ગાન અને શરાબની મહેફિલો ચાલતી. આસપાસની વસ્તીવાળા લોકોએ ઘણી વાર પોલીસમાં ફરિયાદ પણ કરેલી કે, આવું જ ચાલશે તો બહેનો-દીકરીઓ સાથે અમે અહીં રહેશું શી રીતે? પણ પોલીસને ભરપૂર ખાયકી મળતી હતી એટલે સાંભળે કોણ?'' ''પણ સભ્ય સમાજ પર અસર પડે એવું જુલીએ ન કરવું જોઈએ ને?''

''કોણ સભ્ય ને કોણ અસભ્ય એ નક્કી કરવાવાળા આપણે કોણ? મને તો ઘણી વાર વિચાર આવે છે કે, આપણો સમાજ દરેક વખતે સ્ત્રીઓનો જ વાંક કેમ જોતો હોય છે? જુલીને ઘરે આવનારા નબીરાઓનો કંઈ વાંક જ નહીં?'' ''એ વાત જવા દે. મને કહે, પછી શું થયું?''

''એક દિવસ અચાનક દરેક વર્તમાનપત્રની હેડલાઈનમાં લખેલું હતું, 'મીસ જુલીની કુખ્યાત ઓપેરાહાઉસ ક્લબના સભ્ય એવા એક ઉદ્યોગપતિને થયેલો અસાધ્ય રોગ'. શહેર આખામાં હાહાકાર મચી ગયો. જે ક્લબના સભ્ય બનનાર ભાગ્યશાળી ગણાતા એ ક્લબનો દરવાજો ઓળંગવા કોઈ તૈયાર નહોતું. આખી વાત પર ઢાંકપિછોડો કરવાની કોશિશ તો ઘણી થઈ પણ અંતે પાપ છાપરે ચઢીને પોકાર્યું. એ માણસને મોંઘી મોંઘી દવાઓ કે ડૉક્ટરો કશું કામ ન લાગ્યું. એનું મૃત્યુ થયું.'' હું વાતમાં પૂરેપૂરો ખોવાઈ ગયો હતો.

''મને તો આ બધું બહુ આઘાતજનક લાગે છે.'' મેં ધીમેથી કહ્યું. ''અરે, ખરી આઘાતજનક વાત તો હવે આવે છે. થોડા જ દિવસ પછી ખબર પડી કે, જુલીને પણ એ જ રોગ થયો છે. પછી તો જે ઈમારત રોશનીથી ઝગારા મારતી હતી એ કાળીધબ્બ થઈ ગઈ. એના ચોકીદારો, રસોઈઆ, કામવાળા બધા એક પછી એક ભાગી ગયા. શી ખબર એ શું ખાતી-પીતી હશે ને શી રીતે ગાડું ગબડાવતી હશે!''

''કેટલી કરુણ વાત!''

''એનું મૃત્યુ થયું ત્યારે શબને હાથ લગાડવા કોઈ તૈયાર નહોતું. મ્યુનિસિપાલિટીની ગાડી આવીને મૃતદેહને લઈ ગઈ ત્યારે સૌએ છુટકારાનો દમ ખેંચ્યો. જુલી પોતાની વસિયતમાં લખી ગઈ હતી એ મુજબ એની અઢળક સંપત્તિનો ઉપયોગ આ હૉસ્પિટલ બનાવવામાં કરવામાં આવ્યો.'' આ બધું સાંભળીને મૌલિકને થયું, પોતે જે વિચારીને આવ્યો હતો એના કરતાં જુલીના અલગ જ સ્વરૂપના દર્શન થયા. ભારે હૈયે એણે કહ્યું, ''ચાલ, હવે ઘરે જઈએ.''

(અશોક પ્રજાપતિની અંગ્રેજી વાર્તાને આધારે) **- આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું, મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org